તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિવરાય નમઃ

શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિજી ગ્રંથમાલા-ગ્રંથાંક-૮૮

# આ પ્રશાંતદર્શન છે કે ઉશ્કેરાટ દર્શન ?

—અને—

# નવામતના નાટકનો કરુણ ફેજ

—: લેખક :—

શ્રી વિજયદેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક

શાસનપ્રભાવક--શાસનકંટકોદ્ધારક

પૂ. આચાર્યદેવ શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ.શ્રીના

પટ્ટાલંકાર--જ્યોતિર્વિદ્

પૂ. આ.શ્રી નરેન્દ્રસાગરસૂરિજી મ.

—: પ્રકાશક :—

શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિજી જૈન જ્ઞાનમંદિર

વ્ય. શા. જીતેન્દ્રકુમાર લહેરચંદ

જી. ભાવનગર, વાયા-તલાજા, મુ. ઠળીયા—૩૬૪૧૪૫

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિવરાય નમઃ

શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિજી ગ્રંથમાલા-ગ્રંથાંક-૮૮

# આ પ્રશાંતદર્શન છે કે ઉશ્કેરાટ દર્શન ?

—યાને—

# નવામતના નાટકનો કરુણ ફેજ

—: લેખક :—

શ્રી વિજયદેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક

શાસનપ્રભાવક--શાસનકંટકોદ્ધારક

પૂ. આચાર્યદેવ શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ.શ્રીના

પટ્ટાલંકાર--જ્યોતિર્વિદ્

પૂ. આ.શ્રી નરેન્દ્રસાગરસૂરિજી મ.

—: પ્રકાશક :—

શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિજી જૈન જ્ઞાનમંદિર

વ્ય. શા. જીતેન્દ્રકુમાર લહેરચંદ

જી. ભાવનગર, વાયા-તલાજા, મુ. ઠળીયા—૩૬૪૧૪૫

# સહાયકોની શુભ નામાવલી

| | |
|---|---|
| રૂા. ૩૦૦૦=૦૦ | પૂ. મુનિશ્રી અક્ષયચંદ્રસાગરજી મ.ના ઉપદેશથી શ્રી ઝવેરચંદ પ્રતાપચંદ જૈન ઉપાશ્રય-વાલકેશ્વર, મુંબઈ |
| રૂા. ૩૦૦૦=૦૦ | શ્રી તપાગચ્છ જૈનસંઘની પેઢી, વલ્લભીપુર |
| રૂા. ૧૦૦૦=૦૦ | શ્રી ઉષાબેન કીર્તિકાંત, મુંબઈ |
| રૂા. ૧૦૦૦=૦૦ | શ્રી અમીબેન ધર્મેશકુમાર, મુંબઈ |


વીર સં. ૨૫૨૬ | વિ. સં. ૨૦૫૬

સને.-૨૦૦૦

નકલ ૭૫૦ | કિં. રૂા.૨૦=૦૦


ફાલ્ગુન

શુ....કલા–ત્ર....યો....દ....શી.

પ્રાપ્તિસ્થાન

**શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનશાળા**

ઠે. ગિરિરાજ સોસાયટી, મુ. પાલીતાણા-૩૬૪૨૭૦

# આ પ્રશાન્તદર્શન છે કે ઉશ્કેરાટદર્શન?

## યાને

# નવામતના નાટકનો કરૂણ ફેજ

### લે:– 'શાસનકંટકોદ્ધારક'સૂરિશિશુ–નરેન્દ્રસાગરસૂરિ.

પોતાના ગુરુની અને શ્રાવકોની સખત મનાઈ હોવા છતાં પણ અહંમાં ચઢી ગએલા આ.શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ અજૈન માન્યતાનુસાર પર્વતિથિક્ષય અને વૃદ્ધિ માન્ય રાખવાનો નવો કુમત, સં. ૧૯૯૨ના શ્રાવણ માસે કાઢેલ. આ નવા તિથિકુમતને ડામવા માટે શાસનપક્ષના મહારથીઓ તરફથી સતત પ્રયાસો થતાં ક્રમે-ક્રમે તે નવો તિથિકુમત, હત-પ્રહત સ્થિતિમાં મૂકાઈને નામશેષ જેવી સ્થિતિમાં આવી જવા પામેલ.

આવી સ્થિતિને ભજતા તે નવા મતમાં અને તેઓશ્રીની શાસ્ત્ર-પરંપરા ઉત્થાપક એવી બીજી બીજી માન્યતાઓની ભૂંડી દશા થતી જોઈને નવામતી આ.શ્રી વિજયજિનેન્દ્રસૂરિજી, આ.શ્રી ચંદ્રગુપ્ત-સૂરિજી, આ.શ્રી કીર્તિયશસૂરીજી, પં.શ્રી યોગતિલકવિ., મુનિશ્રી જયદર્શનવિજયજી આદિ તેમાં પ્રાણ પૂરવા અને તે તે કુમાન્યતાઓને ફરી જીવિતદાન આપવા માટે છેલ્લા બે-ત્રણ વર્ષથી પુસ્તકો-પત્રિકાઓ-ચોપાનીયાઓ-પેમ્ફલેટો- લેખો આદિ દ્વારાએ કરીને ચગાવવા લાગ્યા. તેમજ શાસનપક્ષ અને શાસનપક્ષના મહારથીઓને યદ્વા તદ્વા વાણીપ્રયોગો દ્વારાએ નવાજવાપૂર્વક શાસ્ત્ર સમાચારીસંગત એવી પ્રાચીન આચરણાઓ ઉપર કુઠારાઘાતો પણ શરૂ કરી દીધા !

આવા તેમના કાતીલ મારાની સામે મારે ટક્કર ઝીલવી પડી અને ગતવર્ષના ચોમાસામાં જ તેઓની સામે પાંચ બૂકો બહાર પાડવા પૂર્વક તેમની દરેક કુમાન્યતાઓનો અને તેના પ્રચારકોનો કરૂણ ફેજ કરવામાં આવેલ. પોતાની નાયકોની અને માન્યતાઓની આવી સ્થિતિ જોઈને શ્રી સુબોધચંદ્રભાઈના—"હવે તમારે એક પૂ.આ.શ્રી વિજયરામચંદ્રસૂ.મ.સામે નથી લડવાનું પણ તેમના રક્તબિંદુઓમાંથી તૈયાર થયેલા સેંકડો પૂ.આ.શ્રી રામચંદ્રસૂરિ મહારાજ સાથે ઝઝૂમવાનું છે" એ શબ્દોને ચરિતાર્થ કરી બતાવતા હોય તેમ નવામતી આ.શ્રી વિજયજિનેન્દ્રસૂરિજી મ.ના માર્ગદર્શન મુજબ જામનગર, જૈનશાસન કાર્યાલય તરફથી બહાર પડતા **'જૈનશાસન'** પત્રના વર્ષ ૧૨, અંક ૧૮ થી ૨૨માં મુનિશ્રી પ્રશાંતદર્શનવિજયજીએ **'પર્વતિથિપ્રકાશ'** શીર્ષકતળે એક મ્હોટો લેખ લખી નવામતી આ.શ્રી રામચંદ્રસૂરિજી મ. ના તે નવા તિથિકુમતને બચાવી લેવા પાઠો અને આધારો આપવાપૂર્વક મેદાને પડેલા છે.

આ તેમના 'પર્વતિથિપ્રકાશ' શીર્ષક લેખમાં પોતાના વડિલોએ અને નવામતના કાંધીયા સુબોધચંદ્રભાઈ, સંજય વોરા આદિએ જે જે પાઠો-આધારો-પૂરાવાઓ પોતાના નવામતની પુષ્ટિમાં આપ્યા હતા અને જેનું ખંડન શાસ્ત્રીયરીતે આજ સુધી મારા તરફથી અનેકવાર થઈ ચૂક્યું પણ છે તેના તે જ આધારો-પૂરાવાઓ અને પાઠોની રજુઆત પોતાની પદ્ધતિએ કરીને મારા વડિલો અને મારા માટે જે સામાન્ય માનવીને પણ ન છાજે તેવી તોછડી ભાષામાં આવેશપૂર્ણ લખાણ કરેલું જોઈને કોઈપણ સમજુ આત્માને થાય તેમ છે કે-'આ મુનિશ્રી, પ્રશાંતદર્શનવિજયજી છે કે ઉશ્કેરાટદર્શનવિજયજી છે ?' અને **એથી** જ આ છઠ્ઠી બૂકનું 'સાર્થક' એવું નામ પણ **'આ પ્રશાંતદર્શન**

**છે કે ઉશ્કેરાટદર્શન ?'** મારે આપવું અનિવાર્ય બન્યું છે. આટલું પ્રાસંગિક જણાવી હવે તેમના લેખનું ખંડન શરૂ કરવામાં આવે છે.

આ લેખની શરૂઆતમાં સંપાદકના નામે મુનિશ્રી લખે છે કે—"(શ્રી જૈનસંઘમાં પર્વતિથિક્ષય કે વૃદ્ધિ થઈ શકે ખરી ? શાસ્ત્રાનુસારે અને સુવિહિતપ્રણાલિકા પ્રમાણે ભાદરવા શુદિ પાંચમની ક્ષય-વૃદ્ધિએ શું કરવું તે જાણવું છે ? તો આ લેખ શાંતચિત્તે વાંચો. જેમાં **'તિથિ-પ્રશ્નોત્તર-દીપિકા'** કારે જે ભ્રામક ભ્રમણાઓથી સૌને ભ્રમિત કરવાનો હીનપ્રયત્ન કરેલ છે તેનાથી બચાવીને સૌને સન્માર્ગમાં સ્થિર કરવાનો અલ્પ પ્રયત્ન પણ આ લેખમાં કરવામાં આવ્યો છે....અવશ્ય વાંચો....વંચાવો...સન્માર્ગ સમજી સાચા આરાધક બનો. **સંપા.**)"

**ખંડન નં ૧**—સંપાદકના નામે લખાએલ આ પેરેગ્રાફની ખરેખર તો જવાબદારી સંપાદકની જ ગણાય. અને તેથી પોતાના નામે આવું લખાય તે પહેલાં સંપાદકે પોતે જ "પર્વતિથિ ક્ષય-વૃદ્ધિ, જૈન શાસ્ત્રનુસારે જૈનસંઘમાં થઈ શકે કે કેમ ? શાસ્ત્ર અને સુવિહિત સામાચારી કેવી રીતની હોય ? 'તિથિપ્રશ્નોત્તરદીપિકા'કારે- 'ભ્રામક ભ્રમણાઓથી ભ્રમિત કરવાનો' હીન પ્રયત્ન કરેલ છે કે-તેવી ભ્રમણાઓથી ભ્રમિત બનાવાએલાઓને સન્માર્ગે સ્થાપવાનો ઉચ્ચ પ્રયત્ન કર્યો છે ?" એ બધી વાતો સમજવા માટે પ્રાથમિક ફરજરૂપે તિથિપ્રશ્નોત્તરદીપિકાકારનો જ સંપર્ક સાધી ખુલાસા કરવાની ફરજ અદા કરવી જરૂર હતી. તેના બદલે હીનજનોચિત શીરપાવ આપી દેવાની હિંમત કરી છે. તો તેનું મૂલ્યાંકન કરવાનું સુજ્ઞો ઉપર છોડું છું. મારે તો પ્રશાન્તદર્શનવિજયજીના લખાણ સાથે કામ હોવાથી મારા મનથી સંપાદકના નામે થએલા આ લખાણની કોઈ કિંમત જ નથી.

# 'પર્વતિથિપ્રકાશ' લેખનું સાધાર ખંડન. અને તેમાંના જુઠ્ઠાણાઓનું ઉદ્ઘાટન

**પર્વ. પૃ. ૧૩૦ કોલમ ૨**—"વ્યાકરણના અપવાદસૂત્રની માફક શ્રી ઉમાસ્વાતિમહારાજે જણાવેલ ઔદયિક તિથિના અપવાદરૂપ આ શ્લોકમાં જણાવેલ 'તિથિનો ક્ષય આવતાં તેની આરાધના પૂર્વતિથિમાં કરવી અને વૃદ્ધિ આવતાં તેની આરાધના પહેલી છોડીને બીજી તિથિમાં કરવી."

**ખંડન નં. ૨**—મુનિશ્રી ! પૂ.. ઉમાસ્વાતિવાચકવર્યના આ '**क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा**' પ્રઘોષમાં-પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ લૌકિકપંચાગમાં જ્યારે આવે ત્યારે તે તે પર્વતિથિ ક્યાં કરવી ? તેનું વિધાન કરવામાં આવેલ છે કે-તે તે પર્વતિથિની આરાધના ક્યાં કરવી ? તેનું વિધાન કરવામાં આવેલ છે ? તેનો પહેલાં જવાબ આપશો. **બીજી વાત**-આ પ્રઘોષમાં **तिथिः कार्या**'એ પદ પ્રથમાન્ત છે કે સપ્તમ્યન્ત ? જો પ્રથમા વિભકત્યન્ત પદ છે તો 'તેની આરાધના **પૂર્વતિથિમાં** કરવી' એવો સપ્તમી વિભકત્યન્તના પદવાળો અર્થ કેમ કરો છો ? જવાબ આપશો. **ત્રીજી વાત**-આ પ્રઘોષમાં 'આરાધના' શબ્દનું નામનિશાન પણ નથી તો તમે 'આરાધના કરવી' એવો અર્થ શા આધારે કરો છો ? એક પક્ષમમત્વના કારણે શાસ્ત્રકારોનાં વચનો સાથે પણ આવાં અડપલાં કરવાં તે ક્યાં ભવને કાજ ? વિચારશો.

**પર્વ. પૃ. ૧૩૧ કોલમ ૧**-"ક્ષયમાં પૂર્વની તિથિ ગ્રહણ કરવી અને વૃદ્ધિમાં ઉત્તર ગ્રહણ કરવી. શ્રી મહાવીર પરમાત્માનું નિર્વાણ-કલ્યાણક લોકના અનુસારે (લોક જ્યારે દિવાળી કરે ત્યારે) કરવું."

**ખંડન નં. ૩**—પૂ. વાચકવર્યના '**ક્ષયે પૂર્વા૦**' એ પ્રઘોષના અર્થમાં તમો ભિન્નતા કેમ બતાવો છો ? ઉપરના પેરેગ્રાફમાં-'તિથિનો ક્ષય આવતાં તેની **આરાધના** પૂર્વ તિથિમાં કરવી અને વૃદ્ધિ આવતાં તેની **આરાધના** પહેલી છોડીને બીજી તિથિમાં કરવી' એવો અર્થ કરો છો અને આ પેરેગ્રાફમાં 'ક્ષયમાં પૂર્વ તિથિ ગ્રહણ કરવી અને વૃદ્ધિમાં ઉત્તરતિથિ ગ્રહણ કરવી' એમ '**તિથિ**' ગ્રહણ કરવાની રજુઆત કરો છો ! આ જોતાં તમો પોતાને પણ એમ શું નથી લાગતું કે **ક્ષયે પૂર્વા૦** પ્રઘોષનો સત્ય અર્થ શું છે એ સમજાયો જ નથી ? આ સત્ય અર્થને પહેલાં જાણો અને પછી નવામતના રાગે રંગાઈને બીજાઓના ખંડનમાં કલમ ચલાવવાનું રાખો તો કર્મબંધથી ઓછા લેપાશો.

**પર્વ૦ પૃ-૧૩૧ કોલમ ૨**—"તેમજ તિથિના ક્ષય વૃદ્ધિના પ્રસંગે '**ક્ષયે પૂર્વા**'ના પ્રઘોષ પ્રમાણે તિથિની વ્યવસ્થા કરવામાં આવતી. પરંતુ યતિઓની કાળમાં જે ગરબડો થઈ તેમાંથી જ 'પર્વ તિથિની ક્ષય-વૃદ્ધિ તો થાય જ નહિ' એવી એક ખોટી માન્યતા પકડાઈ ગઈ-ઘર કરી ગઈ. જેના પરિણામે શ્રીસંઘમાં તિથિના વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું-પરન્તુ શાસ્ત્રાધારો, પ્રાપ્ત ઈતિહાસ, મહાપુરુષોના મનનીય માર્ગદર્શનનો વિચાર કરવામાં આવે તો જ 'સત્ય' નિષ્પક્ષપણે સમજાય તેવું છે."

**ખંડન નં. ૪**—મુનિશ્રી ! તમારા નવા તિથિમતવાળા બધા જ પૂજ્યો જેમ બોલે છે અને પ્રચારે છે તેમ તમો પણ 'યતિઓના કાળમાં જે ગરબડો થઈ તેમાંથી જ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ તો થાય જ નહિ' એવું બોલો અને લખો છો; પરંતુ 'યતિઓનો કાળ ક્યારથી શરૂ થયો ? તેની પૂર્ણાહૂતી ક્યારે થઈ ? તેઓએ શી શી ગરબડો

ચલાવી ?' તેનો ઈતિહાસ, વાચકોની જાણ ખાતર પણ રજુ કરશો ખરા ? વળી તમો આ પેરામાં 'જેના પરિણામે શ્રી સંઘમાં તિથિના વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું' એમ લખો છો તો હું જ તમોને પૂછું છું કે—વિ. સં. ૧૫૦૦ થી ૧૯૯૨ના શ્રાવણમાસ સુધી તો તિથિનો વિવાદ તેવો જાગ્યો ન્હોતો તે તો વાત સાચીને ! અને જે કાંઈ થોડો ઘણો વિવાદ થયેલ તે ફક્ત સંવત્સરીના એક દિવસ પૂરતો કે વર્ષના ૩૬૦ દિવસનો ? જવાબ આપશો. ૧૯૯૨ના શ્રાવણમહિને વડિલોની મનાઈની પણ પરવા કર્યા વિના જે નવો કુમત કાઢ્યો તેને જ જૈનસંઘોમાં ગામોગામ પ્રસારી દેવા માટે નવામતી પૂજ્યોએ જ તિથિના વિવાદને ઉગ્ર સ્વરૂપ આપેલ છે કે ?

**પર્વ૦ પૃ.૧૩૧ કોલમ ૨**—"વળી જે લોકો પૂનમ-અમાસની ક્ષય-વદ્ધિ કરે છે તથા ભાદરવા સુદિ પાંચમની ક્ષય-વૃદ્ધિએ ત્રીજની ક્ષય-વૃદ્ધિ કરે છે તેમાં કોઈ જ શાસ્ત્રાધાર નથી, પ્રામાણિક પરંપરા પણ થઈ નથી. શ્રીપર્વતિથિચર્ચાસંગ્રહ પરિચ્છેદ પહેલામાં મુનિશ્રી કલ્યાણવિજયજી જણાવે છે કે—"ચંડૂપંચાગને અનુસારે સં. ૧૬૨૨-૧૬૨૮-૧૬૪૮-૧૭૮૦ (ગુજરાતી સં. ૧૬૨૧-૧૬૨૭-૧૬૪૭-૧૭૭૯)માં બે પાંચમો (ભાદરવા સુદ પાંચમ) થઈ હતી પણ તે વખતે ચોથની કે ત્રીજની વૃદ્ધિ કરવાનો કોઈને વિચાર પણ આવ્યો ન હતો."

**ખંડન નં. ૫**—મુનિશ્રી ! પં. શ્રી કલ્યાણવિજયજીના **'પર્વતિથિ-ચર્ચાસંગ્રહ'**નો આધાર ટાંકતા પહેલાં તમારે વિચાર કરવાની જરૂર હતી કે—"વિક્રમ સં. ૨૦૧૪ના અમદાવાદ મુનિ સંમેલનમાં ૩૦૦ સાધુઓની સભા સમક્ષ તમારા નવામતના નેતા આ. શ્રી. વિજય-રામચંદ્રસૂરિજીએ—'કલ્યાણવિજયજીએ તો આ. શ્રી સિદ્ધિસૂરિજી મ.ની

પાટને પણ કલંકિત કરી છે, સિદ્ધિસૂરિજી મ.ના સમુદાયને નીચું જોવું પડે તેવું કાર્ય તેણે કર્યું છે. એના પ્રતાપે આ.શ્રી સિદ્ધિસૂરિજી મહારાજે તેમને આજ્ઞા બહાર કર્યા છે." એમ સ્પષ્ટ જણાવેલ હતું. તો તેવા નામદારનો આધાર શું જોઈને લીધો ?

**ખંડન નં. ૬**—મુનિશ્રી ! આ પેરેગ્રાફમાં જે 'પર્વતિથિચર્ચાસંગ્રહ'નું રેફરન્સ આપેલ છે તેના મૂળ લખાણને પુરું છાપવાને બદલે તમે પદરનું લખાણ કરીને તેમને નામે ચડાવી દીધેલ છે તે યોગ્ય કરેલ નથી. આમ છતાં તેમના નામે જે—'××× પણ તે વખતે ચોથની કે ત્રીજની વૃદ્ધિ કરવાનો કોઈને વિચાર પણ આવ્યો ન હતો' એમ જણાવ્યું છે તો મારો તમને પ્રશ્ન છે કે—'તે તે વખતે ભાદરવા સુદિ બે પાંચમ ઉભી રાખીને ઔદયિકી ચોથે જ શ્રીસંઘે સંવત્સરી કરી હતી' એવો એક પણ આધાર આપી શકો તેમ છો ?

**ખંડન નં. ૭**—મુનિશ્રી ! 'પર્વતિથિચર્ચાસંગ્રહ'નો આધાર સાચો માનીને તમારી વાતની પુષ્ટિમાં રજુ કર્યો છે ને ? જો સાચો માની રજુ કર્યો હોય તો એ જ 'પર્વતિથિચર્ચાસંગ્રહ'માં કાર્તિકી પૂર્ણિમાના ક્ષયનો પ્રશ્ન રજુ કરીને તેનો ઉત્તર પણ આ પ્રમાણે આપેલ છે કે—પ્રશ્ન :—કાર્તિકી પૂનમના ક્ષય વખતે ચૌદશ-પૂનમ ભેલી ગણતાં પૂનમની યાત્રા કયારે કરાશે ? ઉત્તર :—કાર્તિકી પૂનમની યાત્રા, ચોમાસી પ્રતિક્રમણ કર્યા પછી એકમને દિવસે કરાશે. જ્યારે ચોમાસીની પૂનમ હતી ત્યારે પણ એમ જ થતું હતું."

કલ્યાણવિજયજીના આ પ્રશ્નોત્તરને ધ્યાનમાં લઈને આ.શ્રી રામચંદ્રસૂરિજી મહારાજે જે "કાર્તિક પૂર્ણિમાના ક્ષયે-કાર્તિકી પૂર્ણિમાની યાત્રા ચતુર્દશીના ઉદયવાળા દિવસે થાય કે અન્ય કોઈ દિવસે થાય ?"

"આ મુદ્દાના સંબંધી અમારું મંતવ્ય એવું છે કે—પૂર્ણિમાના ક્ષયે ચતુર્દશીએ જ ચતુર્દશી અને પૂર્ણિમા વિદ્યમાન હોય છે એટલે તે એક જ દિવસે બન્નેના આરાધક બનાય. પૂર્ણિમાની યાત્રા તે દિવસે કરવી તે વ્યાજબી ગણાય." (આ. રા. સમર્થન મુદ્દો ૨૫) આ પ્રમાણે લખ્યું છે તેમજ તેમના ગુરુદેવ આ.શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજે પણ રહી રહીને "પહેલાં જ્યારે પૂનમે ચોમાસી હતી ત્યારે કા. શુ. ૧૫ની યાત્રા સવારે થતી હતી ને ? અને સાંજે ચોમાસી પ્રતિક્રમણ થતું હતું તેમ કારતક સુદ પૂનમના ક્ષયે કા. શુ. ૧૪ના દિને સવારે સિદ્ધાચલજીની યાત્રા અને સાંજે ચોમાસી પ્રતિક્રમણ, કરવાની, જે તમો બધાને આજ્ઞા પાઠવી છે તે બધી વાતોને બોગસ ગણી ફેકી દેવાનું જ રાખશોને ? કારણકે—રામચંદ્રસૂરિજી મ.ના નવામતને શરૂઆતમાં ચગાવવાવાળા અને ડૉ. પી. એલ. વૈદ્યના નિર્ણયનો જાજો ભાગ લખી આપનારા આ. પં. શ્રી કલ્યાણવિજયજી જ છે એ તો તમારા પણ ધ્યાનમાં હશે જ ?

**પર્વ૦ પૃ. ૧૩૧ કોલમ ૨**—"૧૮૭૦ના પર્યુષણની અઠાહિ શ્રાવણ વદિ ૧૧ના દિવસે બેસાડી છે. વદિ અમાવસનો ક્ષય કર્યો છે અને ભાદરવા સુદિ ૪ બે કરી છે. એ જ રીતે આસોજ સુદિ ૭ થી ઓલી બેસાડી છે, સુદિ ૮ની વૃદ્ધિ કરી છે અને આસોજ સુદ ૧૫નો ક્ષય કર્યો છે. આથી આટલું તો નિશ્ચિત છે કે—'જૈન ટીપ્પણામાં પર્વતિથિની હાનિવૃદ્ધિ ન થાય' આવા પ્રકારની માન્યતા સં. ૧૮૭૦ પછી પ્રચલિત થઈ છે. (પર્વતિથિચર્ચાસંગ્રહ પૃ. ૩૨)"

**ખંડન નં. ૮**—મુનિશ્રી ! પં. શ્રી કલ્યાણવિજયજીએ પોતાની તે 'પર્વતિથિચર્ચાસંગ્રહ'માં સં. ૧૮૭૦ના પંચાગના આષાઢ-શ્રાવણ-ભાદરવો અને આસો માસના બ્લોકો છાપેલા છે અને શ્રાવણના

બ્લોકમાં "જ્યારે શ્રાવણના ચિત્રમાં ૧૨ બારસની લાઈનમાં 'અઠાઈ' લખી છે" એમ લખ્યું છે પણ તે પંચાંગમાં 'અઠાઈ' અક્ષરનું નામ નિશાન પણ નથી તેનું શું? અને તે કહેવાતા જૈની પંચાંગમાં લૌકિક પંચાંગની જેમ ફક્ત તિથિઓની ઘડી-પળો-સંક્રાંતિ આદિ જ છાપેલા છે. તેમાં જૈનના કોઈપણ પર્વ અંગેનું લખાણ પણ કરેલ નથી. તો તેને 'જૈની પંચાંગ' શા આધારે ગણાવ્યું હશે?

**પર્વ૦ પૃ. ૧૩૨ કોલમ ૧**—મુનિશ્રી! તમોએ પં.શ્રી રૂપવિજયજી મ.ની સં. ૧૮૯૮ની 'ચર્ચાપ્રશ્નોત્તરી' પત્ર ૨૩નું ઉદાહરણ જે ટાંક્યું છે તેમાં—"અધિકમાસ તે પ્રમાણ નહિ, તે રીતે દોય પૂનિમ હોય અથવા અમાવાસ્યા હોય તો દૂસરી જ તિથિ પ્રમાણ કરવી ××× તેમજ "તત્ત્વતરંગિણી મધ્યે, પહેલી ચઉદશ ૬૦ સાઠિ ઘડીની હોય અને બીજી ચૌદશ એક ઘડી હોય તો પિણ દુજિ જ ચઉદશ પ્રમાણ કરવી. પિણ પહેલી પ્રમાણ નહિ."

**ખંડન નં. ૯**—પં. શ્રી રૂપવિજયજી મહારાજે પોતાની 'ચર્ચાપ્રશ્નોત્તરી'માં જે—'અધિકમાસ તે પ્રમાણ નહિ તે રીતે દોય પૂનમ હોય અથવા દોય અમાવાસ્યા હોય તો દૂસરી તિથિ પ્રમાણ કરવી' ઈત્યાદિ જે લખ્યું છે તે 'લૌકિક પંચાંગને આશરીને જ લખ્યું છે.' તેમ જાણવા છતાં પણ ભવની ભીતિની પણ દરકાર કર્યા સિવાય મુનિશ્રી પ્રશાન્તદર્શનવિજયજી પોતાના નવામતની સ્થિતિ સ્થાપકતા માટે હડહડતું જુઠાણું ફેલાવવાપૂર્વક લોકોને ભ્રમિત કરી રહ્યા છે.

જો એમના જણાવવા મુજબ પં. શ્રી રૂપવિજયજી મહારાજ, પૂનમ કે અમાસની વૃદ્ધિએ બે તેરશ કરવાની માન્યતાવાળા ન જ હોય અને નવામતીઓની જેમ પર્વ તિથિ ક્ષય—વૃદ્ધિની માન્યતાવાળા જ હોત તો એ જ પં.શ્રી રૂપવિજયજી મહારાજ સં. ૧૮૯૬ના

માગશર સુદિ ૬ના ગુરુવારના રોજે વડોદરાના સંઘપતિ ઝવેરી વીરચંદ રૂપચંદ ઉપર જે પત્ર લખે છે તેમાં **પૂનમના ક્ષયે ૧૩નો ક્ષય, અમાસની વૃદ્ધિએ બે તેરસ અને ૧૪ના ક્ષયે તેરશનો ક્ષય** કરવાનું સ્પષ્ટ જણાવે છે તે બને જ કેમ ?

**રેફરન્સ નં. ૧—**

## વિ. સં. ૧૮૯૬નું લૌકિક પંચાંગ આ પ્રમાણે છે–

| ૧૮૯૬ વાર | કારતક સુદ તિથિ | ૧૮૩૯ નવે. તા. | સં.૧૮૯૬ વાર | કારતક વદ તિથિ | નવેમ્બર તારીખ |
|---|---|---|---|---|---|
| ગુરુ | ૧ | ૭ | ગુરુ | ૧ | ૨૧ |
| શુક્ર | ૨ | ૮ | શુક્ર | ૨ | ૨૨ |
| શનિ | ૩ | ૯ | શનિ | ૩ | ૨૩ |
| રવિ | ૪ | ૧૦ | રવિ | ૪ | ૨૪ |
| સોમ | ૫ | ૧૧ | સોમ | ૫ | ૨૫ |
| મંગળ | ૬ | ૧૨ | મંગળ | ૬ | ૨૬ |
| બુધ | ૭ | ૧૩ | બુધ | ૭ | ૨૭ |
| ગુરુ | ૮ | ૧૪ | ગુરુ | ૮ | ૨૮ |
| શુક્ર | ૯ | ૧૫ | શુક્ર | ૯ | ૨૯ |
| શનિ | ૧૦ | ૧૬ | શનિ | ૧૦ | ૩૦ |
| રવિ | ૧૧ | ૧૭ | રવિ | ૧૧ | ડિ. ૧ |
| સોમ | ૧૨ | ૧૮ | સોમ | ૧૨ | ૨ |
| મંગળ | ૧૩ | ૧૯ | મંગળ | ૧૩ | ૩ |
| બુધ | ૧૪ | ૨૦ | બુધ | ૧૪ | ૪ |
| બુધ | ૧૫ ક્ષય | | ગુરુ | ૦)) | ૫ |
| | | | શુક્ર | ૦)) | ૬ |

## વિક્રમ સંવત ૧૮૯૬નું પોષ સુદ પખવાડીયું

| વાર | તિથિ | જાન્યુ તા. | વાર | તિથિ | જાન્યુ. તા. |
|---|---|---|---|---|---|
| રવિ | ૧ | ૫ | રવિ | ૮ | ૧૨ |
| સોમ | ૨ | ૬ | સોમ | ૯ | ૧૩ |
| મંગળ | ૩ | ૭ | મંગળ | ૧૦ | ૧૪ |
| બુધ | ૪ | ૮ | બુધ | ૧૧ | ૧૫ |
| ગુરુ | ૫ | ૯ | ગુરુ | ૧૨ | ૧૬ |
| શુક્ર | ૬ | ૧૦ | શુક્ર | ૧૩ | ૧૭ |
| શનિ | ૭ | ૧૧ | ચૌદશનો ક્ષય | | |
| | | | શનિ | ૧૫ | ૧૮ |

ઉપર મુજબ લૌકિક ટિપ્પણામાં કારતક સુદિ ૧૫નો ક્ષય, કારતક વદિ અમાસની વૃદ્ધિ તેમજ પોષ સુદિ ૧૪નો ક્ષય હતો ત્યારે પૂ. પં. શ્રી રૂપવિજયજી મહારાજે શ્રી વિજયદેવસૂરતપગચ્છની સામાચારી તેમજ શાસ્ત્રાધારે **કારતક સુદ ૧૩નો ક્ષય, કારતક વદ બે તેરશ અને પોષ સુદ ૧૩નો જ ક્ષય** કર્યો હોવાનું જણાવેલ છે. તેમનો પત્ર નીચે મુજબ છે :—

**રેફરન્સ નં. ૨—"अपरं अत्र कार्त्तिक सुदि १४ चउदश मंगलवारी करीं छे** (લૌકિક ટિપ્પણામાં ઉપર મુજબ છે તેમ કા. શુ. ૧૩ મંગળવાર, કા. શુ. ૧૪ બુધવાર અને કા. શુ. ૧૫નો ક્ષય છે.) **चोरासीइं गच्छवालें स्रावकें ते जाणज्यों तथा बुधवारीं पूनम करीं छे, बुधवारी पुनिमदिने चतुरविध श्रीसंघ श्रीसिद्धा (च)लजीना पटना दर्शन चतुरविधसंघे करयां छे ते जाणज्योजी. ××× अपरं कार्त्तिकवदि अमावास्या २ हती ते मध्ये शुक्रवारी अमावास्या मानवा जोग्य छे. पहेली अप्रमाण छे ते जाणवुं. तथा पोश सुदि १४** (લૌકિક

ટિપ્પણામાં પોષ સુદિ ૧૩ શુક્ર, **ચૌદશનો ક્ષય** અને શનિવારે પૂનમ છે. જ્યારે આ પત્રમાં) **चउदशि शुक्रवारी थास्यें बारस तेरस भेलां थास्ये. शनीवारी पूनिम थास्ये ते जाणवुंजी.×××"**

મુનિશ્રી પ્રશાંતદર્શનવિજયજી ! એક તમારા નવા કુમતની ખોટી રીતે પુષ્ટિ કરવા ખાતર શાસ્ત્ર-સામાચારીને વફાદાર એવા પૂર્વના મહાપુરુષોને પણ 'પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ માનનારા હતા' એવી ખોટી રજુઆત કરીને લોકોને ભ્રમિત કરવાનું છોડી દેશો. શું આવી ખોટી રીતે પૂર્વના મહાપુરુષોને ચીતરવા, જાણવા છતાં તેઓનાં ખોટાં ઉદાહરણો આપવાં તેથી તમારો નવો કુમત, શાસ્ત્ર-સામાચારી સંગત છે એવું કોઈ માની લેશે ખરું ? શું કામ દુનિયાને ઉંધા રસ્તે દોરવી તમારા આત્માનું અધઃપતન કરી રહ્યા છો ? શાંતચિત્તે વિચારશો.

આગળ વધીને તમો પૂ. પં.શ્રી રૂપવિજયજી મ.ના 'ચર્ચા-પ્રશ્નોત્તરી'માંનું લખાણ છાપ્યા પછી–"પૂ. પં. શ્રી રૂપવિજયજી મહારાજનો સ્વર્ગગમન પ્રાયઃ ૧૯૦૪નો છે. આના પરથી નક્કી થાય છે કે "ત્યાં સુધી પૂનમ કે અમાસની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ કરવામાં આવતી ન હતી. તેઓ પૂજ્યશ્રી પૂનમની વૃદ્ધિમાં પૂર્વ પૂનમને અધિક માસની જેમ પ્રમાણ ન કરવા જણાવે છે." આમ જે લખ્યું છે તે પૂ. પં. શ્રી રૂપવિજયજી મ.ના જ ઉપર આપેલા પત્રના લખાણને વાંચ્યા પછી તમે જ તમારા આ લખાણની ફુટી કોડીની કિંમત ગણી દરિયામાં ફેકી દેશો.

**પર્વ૦ પૃ. ૧૩૨ કોલમ નં. ૧**–"શ્રી શાસનકંટકોદ્ધારક-સૂરિજી જૈન જ્ઞાનમંદિર-ઠળીયા તરફથી 'શ્રી તિથિપ્રશ્નોત્તરી-દીપિકા' પુસ્તિકા પ્રગટ થઈ છે અને તેમાં સમાધાનકાર આ. વિ. નરેન્દ્ર-સાગરસૂ. મ. છે.

આ આચાર્યશ્રીને શ્રી જૈનસંઘ—જાણકારો સારી રીતના ઓળખે છે. હડહડતા જુઠાણાઓ ફેલાવવા માટે તેમનો જોટો જડવો મુશ્કેલ છે."

**ખંડન નં. ૧૦**—મુનિશ્રી ! જગતમાં કહેવત છે કે—'કમળાવાળો બધું પીળું જ દેખે' તેમ તમારા નવામતી પૂજ્યોમાં આ. શ્રી જિનેન્દ્રસૂ. મ., આ.શ્રી ચંદ્રગુપ્તસૂરિજી, કીર્તિયશસૂરિજી, પં. યોગતિલકવિજયજી, જયદર્શનવિજયજી આદિ મહાત્માઓ પોતાના નવામતની ખાતર જુઠાણાં માટે જગમશહુર બન્યા છે તેમ તમો પણ ક્યાં ઓછા ઉત્તરો તેમ છો ? કારણ કે—વિક્રમની ૧૯મી શતાબ્દિમાં થયેલા પૂ. શ્રી રૂપવિજયજી મહારાજના નામે પણ તમારા આ લેખમાં ક્યાં હડહડતું જુઠાણું નથી હાંક્યું ? માટે જુઠાણાં હાંકનારને બીજા બધા સત્યવાદીઓ પણ જુઠાણાં હાંકનારા દેખાય તેમાં નવાઈ નથી.

## પ્રશાન્તદર્શનવિજયના ઉશ્કેરાટ દર્શનનું પ્રદર્શન

**પર્વ૦ પૃ. ૧૩૨, ૧૩૩ કોલમ ૨-૧**—"આ સિવાય અનેક વિધાનો ઉન્માર્ગે દોરનારાં, ગેરસમજ વધારનારાં, શાસ્ત્ર વિરુદ્ધ, વિકૃત રીતે, સુવિહિત પરંપરા વિરુદ્ધ કરી (કર્યા છે.) તેમજ પૃ. ૭૬ થી ૮૪ સુધી 'ક્ષયે પૂર્વા૦'ના અર્થસંબંધે જે ગોટાળા વાળ્યાં છે તેનો જોટો જડે તેમ નથી. એક માત્ર કદાગ્રહ, મનસ્વીપણું, પૂજ્ય પુરુષ ઉપરનો અખંડ તેજોદ્વેષ-માત્સર્ય, 'મારું તે જ સાચુ' સિદ્ધ કરવાની સતત ધૂન, શાસ્ત્રોના મારી મચડીને પણ મનફાવતા અર્થ કરવા તેમના ભવભીરૂપણાના લક્ષણ જણાતા નથી. પણ પોતાની સાથે અન્યોનું પણ ભવભ્રમણ વધારનારાં અને સ્પષ્ટ ઉન્માર્ગ- ગામિપણાનાં દેખાય છે."

"આવા કદાગ્રહીઓને સમજાવવાનો કોઈ જ અર્થ નથી કારણ પુસ્તકમાં કરેલાં વિકૃત-અશાસ્ત્રીય વિધાનોના શાસ્ત્રીય રીતે અનેકવાર સ્પષ્ટ જવાબો અપાઈ-છપાઈ ગયા છે. જેનામાં જિજ્ઞાસાવૃત્તિ નથી કે કરેલી ભૂલને સ્વીકારવા જેટલી સરળતા પણ નથી તેવાની દશા આવી જ હોય. તેમના આવા ખોટા ભ્રામક પ્રચારોમાં કોઈ ભદ્રિક જીવ ન ફસાય તે માટે સત્ય ઈતિહાસ જણાવવો જરૂરી છે ક્રમે કરીને આપણે સંક્ષિપ્તમાં તેનું દિગ્દર્શન કરીએ."

**ખંડન નં. ૧૧**–મુનિશ્રી ! તમે હજુ સાધુપદે છો અને પરમેષ્ઠિના ત્રીજે પદે વિરાજેલા આત્માને માટે આ બંને પેરેગ્રાફમાં જે લખાણ, વિનય-વિવેક અને શિસ્ત છોડીને કર્યું છે તે તમારી યોગ્યતાનું પ્રતિક ગણી દરગુજર કરું છું પરંતુ બાધાપારે લખવા કરતાં તમોને મારા જે જે વિધાનો કે લખાણો, ઉન્માર્ગે દોરનારા–ગેરસમજ ફેલાવનારાં, શાસ્ત્ર કે સુવિહિત પરંપરા વિરુદ્ધના કે શાસ્ત્રોના મારી મચડીને પણ મનફાવતા અર્થવાળા જણાતા હોય તે બધા આધારો અને શાસ્ત્રના પાઠો આપવા પૂર્વક ખુલ્લેઆમ પ્રકટ કરવાનું રાખશો. જેથી તેવાં વિધાનો સુધારવાનો મને ચાન્સ મળે અથવા તો 'તમો ખોટા આક્ષેપો કરવાપૂર્વક સાચાને જુઠામાં ખપાવનાર છો' એવી જનતાને પ્રતીતિ થાય આટલું કરશો ને !

**પર્વ૦ પૃ. ૧૩૩ કોલમ ૧**–"(૧) પૃ. ૭ ઉપર સમાધાનકારશ્રી જણાવે છે કે—"××× જૈન જ્યોતિષ વિષયક ગણિતાનુસાર પર્વતિથિનો ક્ષય થાય એ વાત શાસ્ત્રોક્ત છે પણ વૃદ્ધિ થાય એ વાત શાસ્ત્રોક્ત નથી જ, પરંતુ આરાધનાની અપેક્ષાએ તો પર્વતિથિનો ક્ષય અથવા વૃદ્ધિ શાસ્ત્રોક્ત પણ નથી કે પરંપરા પ્રમાણે પણ નથી." આ વિધાનો 'વદતો વ્યાઘાત જેવા છે."

**ખંડન નં. ૧૨**—મુનિશ્રી ! મારા આ લખાણમાં 'પણ વૃદ્ધિ થાય એ વાત શાસ્ત્રોક્ત નથી જ' એમ જે લખ્યું છે તે કેવી રીતે વદતો વ્યાઘાતરૂપ છે તે જણાવશો. તેમજ તે પછી—'પરંતુ આરાધનાની અપેક્ષાએ તો પર્વતિથિનો ક્ષય અથવા વૃદ્ધિ શાસ્ત્રોક્ત પણ નથી કે પરંપરા પ્રમાણે પણ નથી.' એ વાક્યમાં તમને શું વદતો વ્યાઘાત દેખાયો તે સ્પષ્ટ કરશો.

કારણકે—લૌકિક ટિપ્પણામાં જ્યારે જ્યારે પર્વતિથિનો ક્ષય આવે ત્યારે ઔત્સર્ગિક उदयम्मि० સૂત્રને ગૌણ કરીને क्षये पूर्वा०એ આપવાદિક સૂત્રાધારે પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરીને તેને સ્થાને ક્ષીણ પર્વતિથિને અખંડિત અને ઔદયિકી બનાવવાપૂર્વક શાસન પક્ષ આરાધતો હોવાથી આરાધનાની અપેક્ષાએ તો પર્વતિથિનો ક્ષય શાસ્ત્રોક્ત કે પરંપરા પ્રમાણે હોય જ કયાંથી ? વિચારશો. તેવી જ રીતે બે ૧૪ હોય તો वृद्धौ कार्या०એ અપવાદ સૂત્રના આધારે ટિપ્પણાની બીજી ચૌદશને જ ચૌદશ તરીકે અને પર્વતિથિ તરીકે સ્વીકારવાનો આદેશ હોવાથી પહેલાની ચૌદશને પર્વતિથિ તરીકે શાસ્ત્રકાર ભગવંતો જ સ્વીકારવાની મનાઈ કરતાં હોવાથી 'આરાધનાની અપેક્ષાએ' પર્વતિથિની વૃદ્ધિ પણ શાસ્ત્રોક્ત કે પરંપરાસંગત નથી જ. આવી સ્પષ્ટ દીવા જેવી વાતમાં પણ તમોને વદતો વ્યાઘાત જણાય છે તે તમારી બુદ્ધિની બલિહારી જ ગણવી રહે છે.

**પર્વ૦ પૃ. ૧૩૩ કોલમ ૧**—"ખુદશ્રી સાગરજી મહારાજે (આચાર્યશ્રી સાગરાનંદસૂ. મ.) શ્રી સિદ્ધચક્ર માસિક વર્ષ ૪, અંક ૪, પૃ. ૮૭ (૯૭) ઉપર જણાવ્યું છે કે–'ક્ષય થતાં પૂર્વની તિથિમાં આરાધનાની જરૂર અને તેનું કારણ.'—"અને આ જ કારણથી બીજ-પાંચમ વિગેરે પર્વતિથિઓનો ક્ષય હોય છે ત્યારે તે તે

પર્વતિથિની આરાધના પહેલે દિવસે કરી લેવામાં આવે છે. કેમકે—તે તે પર્વતિથિનો ભોગવટો તે તે આગલી સૂર્ય ઉદયવાલી તિથિની પહેલાં પહેલાં થઈ ગયો હોય છે. ××× પણ ત્રીજ, છઠ, નોમ વિગેરે સૂર્યોદયવાલી તિથિઓમાં બીજ, પાંચમ, આઠમ માનવા જવું તે જુઠ અને કલ્પનામાત્ર છે." [વર્ષ ૪, અંક ૪, પૃ. ૮૭ (૯૭)]

**ખંડન નં. ૧૩**—મુનિશ્રી ! તમોએ પૂ. સાગરજી મહારાજના 'સિદ્ધચક્ર' માસિકમાંનો આ જે ઉતારો આપેલ છે તેમાં ××× આમ ચોકડી મૂકી જે ભાગ છોડી દીધો છે તે છોડી દેવા પાછળ તમારો કયો શુભાશય છે તે જણાવશો ખરા ? **તમોએ છોડી દીધેલો ભાગ આ પ્રમાણે** :—"અને સૂર્યોદયવાળી તે તે પર્વતિથિ ન મળે તો તેની આગલી તિથિની પહેલી તિથિએ તે તે પર્વતિથિનો ભોગવટો હોવાથી તે પર્વતિથિની આરાધના થાય છે. કેમકે—જેમાં જે હોય તેમાં તેનો સમાવેશ કરવો તે રીતસર છે."

હવે તમો જ વિચાર કરો કે—તમોએ સિદ્ધચક્રના છાપેલા અને છોડી દીધેલા ભાગમાં 'ક્ષીણપર્વતિથિની આરાધના'ની વાત છે ખરી કે નહિ ? જો પર્વતિથિનો ક્ષય, આરાધનામાં પણ લેવાતો હોય તો એટલું તો વિચારો કે—જે પર્વતિથિની હયાતી જ નથી તો તેની આરાધના કયાંથી હોય ? માટે પૂ. સાગરજી મ.ના અને મારા કથનમાં વદતો વ્યાઘાત નથી જ.

શાસ્ત્રકારોએ 'ઔદયિકી' તિથિ જ લેવાનું વિધાન કરેલ છે, જ્યારે ક્ષીણ એવી પર્વતિથિ તો ઔદયિકી નથી જ, તો શું તેની આરાધના પણ જતી કરવી ? આ પ્રશ્ન ઉપસ્થિત થતાં બીજના ક્ષયે બીજનો ભોગવટો એકમમાં હોવાથી—'ક્ષયે પૂર્વા૦' એ આપવાદિક-સૂત્રના બળે એકમ અપર્વતિથિના જ સ્થાને સૂર્યોદય વ્યાપિની બીજ

બનાવીને તેની આરાધના શાસનપક્ષ કરતો હોવાથી જ આરાધનામાં પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ આવતી જ નથી. એ મારી વાત શાસ્ત્ર-પરંપરા સંગત હોવા છતાં તમોને વદતો વ્યાઘાત જેવી કેમ લાગી ?

**પર્વ૦ પૃ. ૧૩૩ કોલમ ૧-૨**="વળી તે જ વર્ષના અંક ૪, પૃ. ૯૪ ઉપર પણ જણાવ્યું છે કે—**પ્ર૦ ૭૭૬**—સામાન્ય રીતે જૈન જનતામાં કહેવાય છે કે—બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદશ, અમાવાસ્યા કે પૂર્ણિમા જે પર્વતિથિઓ તરીકે ગણાય છે તેનો ક્ષય હોય નહિ એ હકીકત શું સત્ય છે ? **સમાધાન**—જ્યોતિષ્કરંડક, સૂર્યપ્રજ્ઞપ્તિ અને લોકપ્રકાશ આદિ શાસ્ત્રને(નો) જાણકાર મનુષ્ય એમ કહી શકે નહિ કે જૈનશાસ્ત્ર પ્રમાણે બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય નહિ. કેમકે—**એમાં અવમરાત્રિ એટલે ઘટવાવાળી તિથિઓ, બીજ, પાંચમ વગેરે ગણાવી છે. વળી જો પર્વતિથિઓનો ક્ષય થતો ન હોય તો 'ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા'** એવો શ્રી ઉમાસ્વાતિજીનો પ્રઘોષ પણ હોત નહિ. (શ્રીસિદ્ધચક્ર વર્ષ ૪થું, અંક ૪થો, પૃ-૯૪)"

**ખંડન નં. ૧૪**—મુનિશ્રી ! 'સિદ્ધચક્ર' માસિકમાંના આ 'શંકા-સમાધાન'નો ભાગ પણ તમોએ તમારી નવામતની વાતને પુષ્ટિ આપે તેટલો જ લીધો છે અને તમારી તે વાત અને માન્યતાનું ખંડન કરતો એવો **'સમાધાન'**નો શેષ ભાગ છોડી દેવા પાછળ 'અમો જેમ કહીએ છીએ તેમ જ વર્ષો પૂર્વે સાગરજી મહારાજ કહેતા હતા અને તેવી જ માન્યતાવાળા હતા. એ તો હવે ફરી જાય છે.' એવું લોકમાનસમાં ઠસાવવા સિવાય બીજો કોઈ આશય છે ખરો ? જણાવશો.

**રેફરન્સ નં. ૩**—સમાધાનનો છોડી દીધેલો તેઓને વાંધાજનક ભાગ :—

"માટે જૈન જ્યોતિષના હિસાબ પ્રમાણે પર્વતિથિનો ક્ષય જ

હોય એમ કહેવાય નહિ, પણ આરાધના કરવા માટે નિયત થયેલી બીજ આદિ તિથિઓનો ક્ષય' હોય તો આરાધના કરનારાઓએ તે તે આરાધવા લાયક બીજ આદિનો ભોગવટો પોતાના પહેલાની એકમ આદિમાં થતો હોવાથી એકમ આદિ તિથિને દિવસે બીજ આદિ પર્વતિથિનું કાર્ય કરાય. **માટે આરાધનાની અપેક્ષાએ પર્વ તિથિનો ક્ષય ન હોય એમ કહેવું વ્યાજબી ગણી શકાય. તેથી જ આરાધનાની અપેક્ષાએ ભીંતીયાં પંચાંગો છપાવનારા મૂળ ટિપ્પણામાં પર્વ તિથિનો ક્ષય હોય તો તેને સ્થાને પૂર્વની તિથિનો ક્ષય કરી તિથિઓને અખંડિત રાખે છે."**

મુનિશ્રી ! તમારા નવામતના મૂળમાં કુઠારાઘાત ન થાય અને 'સાગરજી મહારાજ પણ અમારી જેમ જ પર્વતિથિઓની ક્ષય-વૃદ્ધિ માનતા હતા. છતાં હવે અમારી માન્યતાને ખોટી કહેવા લાગ્યા છે' એવું જનતાના દિલમાં આભાસ ખડો કરવાના દુષ્ટાશયથી જ તમોએ તે પેરો છપાવ્યો નથી ને ? જવાબ આપશો.

**પર્વ૦ પૃ. ૧૩૩ કોલમ ૨**—"તે માસિકમાં વૃદ્ધિતિથિ અંગે અંક ૧લો, પૃ. ૯૭માં જે ખુલાસો આપ્યો તે જોઈએ.

**પ્રશ્ન ૮૩૯**—બીજ, પાંચમ આદિનો ક્ષય અને વૃદ્ધિ શ્રી જૈન શાસ્ત્રપ્રમાણે હોય કે નહિ ? **સમાધાન**—શ્રી સ્થાનાંગસૂત્ર તથા સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ સૂત્રો અને જ્યોતિષ્કરંડક આદિ પ્રકરણોને અનુસારે સાફ જણાય છે કે **બીજ પાંચમ આદિ પર્વતિથિઓનો ક્ષય હોઈ શકે છે,** પણ તિથિઓની વૃદ્ધિ થવાનો પ્રસંગ ઓછો છે છતાં **ક્ષય અને વૃદ્ધિ પ્રસંગો નિયત છે.** (શ્રી સિદ્ધચક્ર માસિક, વર્ષ ચોથું-પાચમું, અંક ૧લો, પૃ. ૭)"

**ખંડન નં. ૧૫**—મુનિશ્રી ! આ ૮૩૯મો પ્રશ્નોત્તર પ્રગટ કરવા

પાછળ તમારો આશય ફક્ત એક જ છે કે–**કોઈપણ હિસાબે લોકમાનસમાં 'પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ, આરાધનામાં પણ થઈ શકે જ છે અને આ અમારી વાતના જ હિમાયતી પૂ. સાગરજી મહારાજ પણ હતા.'** આ સિવાય બીજું કાંઈ ખરું ? જણાવશો. આવી રીતની દુષ્ટચેષ્ટા જો તમારી ન જ હોય તો તે જ અંકમાંના ૮૪૦ થી ૮૪૮ સુધીના શંકા-સમાધાનો પ્રમાણિકતા બતાવવા ખાતર પણ જનતા સમક્ષ રજુ કરવા હતા ને !

## નવામતની નિર્મૂળતા બતાવતા એવા સિદ્ધચક્રના પ્રશાન્તદર્શનવિજયજીએ છૂપાવેલા શંકા સમાધાનો

**રેફરન્સ નં. ૪**—સિદ્ધચક્ર માસિક વર્ષ ૫, અંક-૧, પૃ. ૭-૮—૨૧—

"**પ્રશ્ન ૮૪૦**—શ્રી જૈનશાસ્ત્ર પ્રમાણે બીજ આદિ તિથિઓનો ક્ષય થાય છે અને વર્તમાનમાં લૌકિક ટીપ્પણાને આધારે ચાલવાનું હોઈને બીજ આદિ તિથિઓની વૃદ્ધિ પણ અનિયતપણે થાય છે, તો તે બીજ આદિની પર્વતિથિની આરાધના કરવાની ક્રિયા શું ઉડાડી દેવી અને બેવડી કરવી ?

**સમાધાન**–પર્વ અનુષ્ઠાનની ક્રિયાનો પર્વતિથિનો ક્ષય હોય તો પણ નાશ ન થાય. તેમ જ પર્વતિથિની વૃદ્ધિ હોય તો તેથી પર્વતિથિની ક્રિયાની વૃદ્ધિ પણ ન થાય. અને તેથી જ શ્રી ઉમાસ્વાતિ વાચકજીના પરંપરાગત શબ્દો શાસ્ત્રકારો સ્થાને સ્થાને જણાવે છે કે–**ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા, વૃદ્ધૌ કાર્યા તથોત્તરા.** અર્થાત્ **બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય તો પહેલાંની તિથિને પર્વતિથિ માનવી અને તિથિની વદ્ધિ હોય તો બીજી તિથિને એટલે ઉત્તરની તિથિને પર્વ તરીકે માનવી.**"

‘**પ્રશ્ન ૮૪૧**—જ્યારે બીજ આદિનો ક્ષય હોય એ અરસામાં શ્રી ઉમાસ્વાતિવાચકજીના વચન પ્રમાણે પહેલાંની પડવા આદિમાં બીજ આદિ પર્વતિથિની ક્રિયા આરાધના કરી લેવી એ માની લઈએ પણ **બીજ આદિ પર્વતિથિના ક્ષયે તેની પહેલાંની પડવા આદિ અપર્વતિથિનો ક્ષય કેમ માનવો ?**

**સમાધાન**—ધ્યાન રાખવાની જરૂર છે કે–જે જે પર્વતિથિ બીજ આદિની આરાધના તપ આદિથી કરાય છે તે તે પર્વતિથિ, સવારમાં જ કે સવારના પ્રતિક્રમણમાં પચ્ચક્ખાણના વખતથી જ લેવાય છે અને બીજી તિથિના સૂર્યોદયના વખત સુધી લેવાય છે. **માટે જો બીજ આદિના ક્ષયે એકમ-પડવા આદિની સવારથી જો ત્રીજ આદિના સૂર્યોદય સુધી બીજ આદિ માની લઈએ તો પછી પડવા આદિ તિથિનો ક્ષય માનવો જ પડે.”**

‘**પ્રશ્ન ૮૪૨**—બીજ આદિનો ક્ષય હોય ત્યારે તેને પહેલે દિવસે પડવો આદિ પણ માનીએ અને ક્ષય થયેલી પર્વતિથિ જે બીજ આદિ છે તે પણ માનીએ અર્થાત્ **પડવા આદિને દિવસે પડવા આદિ પણ માનીએ અને બીજ આદિ ક્ષય પામેલી પર્વતિથિ પણ માનીએ’** તો હરકત શી ? એટલે બીજ આદિ પર્વતિથિઓના ક્ષયે તેના પહેલાની પડવા આદિનો ક્ષય મનાય છે તેનાં કરતાં તે પડવા આદિ તિથિઓ જે ઉદયવાળી છે તે પણ માનવી અને બીજ આદિ પર્વતિથિઓ અનુદયવાળી હોવાથી ક્ષીણ થયેલી છે તે પણ માનવી એમાં હરકત શી ?

**સમાધાન**—મહાનુભાવ ! બીજ આદિ પર્વતિથિનો ક્ષય થયો હોય ત્યારે પડવા આદિ તિથિ ઉદયવાળીછે માટે તેનો ક્ષય ન માનવો અને બીજ આદિ પર્વતિથિ ઉદય વિનાની છે તેની આરાધના

માનવી, તો પછી આખી બીજ આદિ પર્વતિથિને અંગે જેને સચિત્તત્યાગ અને શીલ પાલવા આદિનો પ્રતિબંધ છે અને પડવા આદિ અપર્વતિથિનો પ્રતિબંધ નથી તે મનુષ્ય, બીજ આદિના ક્ષયે પડવા આદિના દિવસે તે સચિત્તત્યાગ આદિનો નિયમ અને અનિયમ કેવી રીતે રાખે ?"

"**પ્રશ્ન ૮૪૩**—આરાધના કરનાર મનુષ્ય બીજ આદિ પર્વ-તિથિનો ક્ષય હોય તો પણ તેની પહેલાંની પડવા આદિક અપર્વતિથિમાં આખી બીજ આદિ પર્વતિથિની જ આરાધના કરે. (તો તેમાં શું વાંધો ?)

**સમાધાન**—ત્યારે કહો કે તમારા કહેવા પ્રમાણે જ બીજ આદિ પર્વતિથિના ક્ષય વખતે પડવા આદિ અપર્વતિથિને પર્વતિથિ પણે જ આરાધે, પણ તે પડવા આદિને અપર્વ તરીકે ગણીને તેમાં અપર્વ પ્રમાણે વર્તી (તેમાં અપર્વમાં થતી પ્રવૃત્તિ જેવી પ્રવૃત્તિ કરી) શકે જ નહિ. **તો પછી સ્પષ્ટ થયું કે બીજ આદિ પર્વતિથિના ક્ષયે તેની પહેલાંની પડવા આદિ અપર્વતિથિનો ક્ષય જ થયો."**

"**પ્રશ્ન ૮૪૪**—બીજ આદિ પર્વતિથિના ક્ષયને પ્રસંગે પડવા આદિ અપર્વતિથિને અપર્વતિથિ ન માની અને તે આખી પડવા આદિ અપર્વતિથિને ક્ષય પામેલી બીજ આદિ પર્વતિથિપણે માની, પણ બીજ આદિ પર્વતિથિના ક્ષયે પડવા આદિનો ક્ષય થયો કેમ કહેવાય ?

**સમાધાન**—પડવા આદિ અપર્વતિથિ ઉદયવાળી (હોવા) છતાં તે આખી અપર્વ એવી પડવા આદિ તિથિને જ્યારે અખંડ બીજ આદિ પર્વતિથિ માની લીધી તો પડવા આદિ અપર્વતિથિપણું રહ્યું જ ક્યાં ? અર્થાત્ સ્પષ્ટ થયું કે—બીજ આદિ પર્વતિથિના ક્ષયે પડવા

આદિ અપર્વતિથિનો ક્ષય જ ગણ્યો."

"**પ્રશ્ન ૮૪૫**—બીજ આદિ પર્વતિથિના ક્ષયે પડવા આદિ તેની પહેલાંની અપર્વતિથિનો ક્ષય ગણવો અર્થાત્ તે દિવસ પડવા આદિ ન ગણવા એવો કોઈ શાસ્ત્રપાઠ છે?

**સમાધાન**—તત્ત્વતરંગિણીમાં ચતુર્દશીના ક્ષયનો પ્રસંગ લઈને લખે છે કે—**कथं त्रयोदश्याः चतुर्दशीत्वेन स्वीकारो युक्त? इति चेत् सत्यं, तत्र त्रयोदशीति व्यपदेशस्याप्यसंभवात्, किंतु प्रायश्चित्तादि-विधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्** અર્થાત્ શંકાકાર કહે છે કે—તેરસને ચૌદશપણે માની લેવી તે શું ઠીક કહેવાય? એવી શંકાના ઉત્તરમાં જણાવે છે કે—તારું કથન ઠીક છે, પણ તે દિવસે (ક્ષીણ ચૌદશની પહેલાંની તેરસે) તેરસ એવો (એવા નામનો) વ્યવહાર પણ અસંભવિત છે. કેમકે પ્રાયશ્ચિત્ત પૌષધ આદિ કાર્યોમાં (તે તેરસે) 'આજ ચૌદશ છે' એમ જ કહેવાય છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે—ક્ષય પામેલી બીજ આદિ પર્વતિથિની પહેલાંના પડવા આદિ અપર્વનો ક્ષય કરી તે દિવસે બીજ આદિ તિથિ કહેવાય. આ રીતે સ્પષ્ટ છે કે—**પૂનમના ક્ષયે તેરસને ચૌદશ અને ચૌદશને પૂનમ કહેવી પડે.** વળી પૂનમનો ક્ષય હોય ત્યારે ચૌદશનો ભોગ તેરસે અને પૂનમનો ભોગ ચૌદશે હોય તેથી આરોપ (પણ) નહિ ગણાય."

"**પ્રશ્ન ૮૪૬**—બીજ આદિના ક્ષયે તેની પહેલાંની પડવા આદિનો ક્ષય માની બીજ આદિ મનાય પણ બીજ આદિની વૃદ્ધિમાં પડવા આદિની વૃદ્ધિ કેમ મનાય?

**સમાધાન**—ભગવાન ઉમાસ્વાતિવાચકજીના વચનથી બીજ

આદિના ક્ષયે પડવા આદિનો ક્ષય કરી તે દિવસ બીજ આદિ મનાય, તો પછી તેમના જ વચન પ્રમાણે વધેલી બીજ આદિના વખતે બીજી બીજ આદિને જ 'બીજ' તરીકે કહેવાય અને જ્યારે બીજી બીજ આદિને જ બીજ તરીકે કહેવાય તો પછી તેમના વચન પ્રમાણે વધેલી બીજ આદિની વખતે બીજ આદિને જ બીજ તરીકે કહેવાય અને જ્યારે બીજી બીજ આદિને જ બીજ તરીકે કહેવાય તો પછી પહેલાંની બીજને બીજ ન કહેવાય પણ પડવો જ કહેવાય. અર્થાત્ **અપર્વની તિથિ વધી શકે અને એ જ પ્રમાણે પૂનમ અમાવાસ્યાના વૃદ્ધિના પ્રસંગે બે તેરસો કરવી જ પડે."**

"**પ્રશ્ન ૮૪૭**—ઉદયમાં જે તિથિ હોય તે જ उदयंमि जा तिही ઇત્યાદિ વાક્યથી પ્રમાણ મનાય છે તેનું કેમ થાય ?

**સમાધાન**—उदयंमि जा तिही० એ વાક્ય ઉત્સર્ગ છે અને 'ક્ષયમાં પૂર્વની લેવી અને વૃદ્ધિમાં ઉત્તરની પર્વતિથિ લેવી' એ વાક્ય તેનાથી પ્રબલ છે. નહિતર બીજ આદિના ક્ષયે બીજ આદિમાં સૂર્યોદય ન હોવાથી પડવા આદિના સૂર્યોદયમાં બીજ આદિ 'આજ છે' એમ કહેતાં મૃષાવાદ આદિ લાગશે અને બંને બીજ આદિ દિવસોએ સૂર્યોદય (હોવા) છતાં બીજી બીજ આદિમાં 'આજ બીજ આદિ છે' એમ કહેતાં પણ મૃષાવાદ લાગશે **માટે ક્ષય-વૃદ્ધિના પ્રસંગ સિવાય ઔદયિક તિથિ માનવાની છે."**

"**પ્રશ્ન ૮૪૮**—પ્રશ્નશાસ્ત્રમાં પહેલી એકાદશી અને અપર એકાદશી તથા પહેલી અમાવાસ્યા અને ઉત્તર અમાવાસ્યા એમ જે કહેવાય છે તે પર્વતિથિની વૃદ્ધિ ન માને તો કેમ કહેવાય ?

**સમાધાન**—બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે જેમ પડવા આદિને બીજ આદિ તરીકે ગણતાં પડવાનો ક્ષય કરવા

છતાં માત્ર પંચાંગની અપેક્ષાએ [બીજનો ક્ષય] કહેવાય છે તેમ **અગીયારસ કે અમાવાસ્યાદિની વૃદ્ધિ નહિ માનવા છતાં માત્ર પંચાંગની અપેક્ષાએ જ પૂર્વ અને અપર એવા શબ્દો વાપર્યા છે."**

*

**મુનિશ્રી પ્રશાંતદર્શનવિજયજી !** તમે તમારા નવામતની પુષ્ટિ માટે જે સિદ્ધચક્ર વર્ષ ૫, અંક ૧ના પૃ. ૭ ઉપરનું ૮૩૯ નંબરનું શંકા-સમાધાન, તમારા આ લેખમાં પૂ. સાગરજી મ.ની માન્યતા તરીકે રજુ કર્યું છે તે જ સિદ્ધચક્રના પાંચમા વર્ષના પહેલા અંકના તે જ ૭મા પેજથી શરૂ થતા ૮૪૦ થી ૮૪૮ સુધીના શંકા-સમાધાનો (જે મેં ઉપર રજુ કર્યા છે તે) તમારી નજરે શું ચઢવા પામ્યા નથી ? અથવા તો તમારા નવામતનો મૃત્યુઘંટ વગાડનારા છે તેમ સમજીને જાણી-બુઝીને અહીં તમારા લેખમાં રજુ કર્યા નથી ? સાચું જણાવશો. તમો પણ જાણો છો જ કે–પૂ. સાગરજી મહારાજ પોતે શાસ્ત્ર અને સુવિહિત સામાચારીને વફાદાર હોવાથી અનાગમિક એવી પર્વતિથિ ક્ષય અને વૃદ્ધિની માન્યતાવાળા નથી જ ! છતાં પણ સિદ્ધચક્ર પાક્ષિકના ઉતારાઓ કે–**જેમાં લૌકિક પંચાંગને આશ્રીને વાત કરી હોય તેવા પેરેગ્રાફો છાપી-પ્રચારીને જનતાને વ્યુદ્ગ્રાહિત કરવાના ગોરખધંધા** હવે કયાં સુધી ચાલુ રાખવા છે ? તમો સુજ્ઞ છો માટે વિચારશો.

**પર્વ૦ પૃ. ૧૩૩ કોલમ ૨**–"પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ સંબંધમાં શ્રી સાગરજી મહારાજાના ગુરુદેવશ્રી ઝવેરસાગરજી મહારાજા શું માનતા હતા તે પણ જોઈએ.

સંવત્ ૧૯૩૫ની સાલમાં મુનિશ્રી ઝવેરસાગરજી મહારાજ ઉદયપુરમાં ચોમાસુ હતા તે વખતે પૂજ્યશ્રી ધરણેન્દ્રસૂરિજી પણ ત્યાં

જ ચોમાસુ હતા ત્યારે ભાદરવા **સુદિ-બીજનો ક્ષય હતો,** પરંતુ પૂજ્યશ્રી ધરણેન્દ્રસૂરિજીએ શ્રાવણ વદિ તેરશનો ક્ષય કરવાનું જાહેર કર્યું. આ વાત શ્રી ઝવેરસાગરજી મહારાજે જાણી. તેથી તેમણે શ્રાવકોને જણાવ્યું કે–**"ભાદરવા સુદિ બીજના ક્ષયમાં એકમ-બીજ ભેગી કરાશે પણ બારસ-તેરસ ભેગી નહિ કરાય."** વગેરે વાતો વિસ્તારથી જણાવી. જે ખુલાસો ઉદયપુરના શ્રીસંઘે હેન્ડબીલરૂપે છપાવીને બહાર પાડ્યો હતો. તેનો મુખ્ય ભાગ નીચે પ્રમાણે હતો."

આ પછી હેન્ડબીલ છાપીને વધારામાં પ્રશાંતદર્શનવિ. લખે છે કે—

**"કદાગ્રહી અને પૂર્વગ્રહથી પીડિત** શ્રીસાગરજી મહારાજા અને સમાધાનકાર આચાર્યશ્રી 'ક્ષયે પૂર્વા૦'ના અર્થમાં પર્વની હાનિ-વૃદ્ધિમાં તે પહેલાની અપર્વતિથિની હાનિ-વૃદ્ધિ કરવાનું જણાવે છે અને 'બે તિથિઓ ભેગી થઈ' 'પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ તો થાય જ નહિ, તેમ બોલાય પણ નહિ, મનાય કે લખાય પણ નહિ' તેમ કરીએ તો પાપ લાગે તેવી માન્યતા ધરાવે છે. જ્યારે શ્રીસાગરજી મહારાજના ગુરુદેવશ્રી ખુદ મુનિરાજશ્રી ઝવેરસાગરજી મહારાજાનો–જે તિથિની હાનિ-વૃદ્ધિ હોય તેની જ હાનિ-વૃદ્ધિ કરવાનું અને ક્ષય પ્રસંગે બે તિથિ ભેગી કરવાનું સ્પષ્ટ રીતે આ હેન્ડબીલમાં જણાવે છે.

'શ્રી હીરપ્રશ્નમેં પિણ કહા હૈ કિ જો પર્યુષણકા પિછલા ચાર દિવસમેં તિથિકા ક્ષય આવે તો ચતુર્દશીથી ××× એકમ દૂજ ભેલી કરણી.' આના ઉપરથી સુજ્ઞ વાચકો સારી રીતના સમજી શકશે કે–'ક્ષયે પૂર્વા.' પ્રઘોષના વાસ્તવિક અર્થ છોડી, મારી-મચડીને પોતાને અનુકૂળ મનફાવંતો, ખોટો અર્થ કરવાથી કેવા કેવા અનર્થો ઉભા થાય છે અને પંડિતવર્ગમાં **'પંડિતમૂર્ખ'**ની ઉપાધિ પ્રાપ્ત થાય

છે. હાસ્યાસ્પદ બનાય તે નફામાં !"

**ખંડન નં. ૧૬**—મુનિશ્રી ! તમારા મૃતપ્રાયઃ સ્થિતિને ભજી રહેલા નવામતને ઓકસીજનના બાટલારૂપે—પૂ. સાગરજી મ.ના સિદ્ધચક્ર માસિકના ફાવતા પેરેગ્રાફો અને પૂ. મુનિશ્રી ઝવેરસાગરજી મ.ના 'એકમ-દૂજ ભેલી કરણી'એ શબ્દોવાળું હેન્ડબીલ : આ બે આધારો તો તમારા નવામતીઓ તરફથી છાશવારે ને છાશવારે અપાય છે કે—જેના જડબાતોડ જવાબો શાસનપક્ષ તરફથી અનેકવાર અપાઈ ચૂક્યા જ છે છતાં આ.શ્રી વિજયકીર્તિયશસૂરિજીની જેમ તમોએ પણ 'બાપ-દાદાના ચીલે ચાલવાનો' માર્ગ અખત્યાર કરી આ બંને વાતોને આ લેખમાં ખૂબ ચગાવી છે તો—ગઈ સાલના જેઠ સુદિ એકમના દિવસે મારા તરફથી **'નવામતી આ.શ્રી વિજયકીર્તિયશસૂરિજીને જાહેર પ્રશ્નો'** એ શીર્ષકતળે બહાર પડેલી બુકના પૃ. ૩૪ ઉપરની સમીક્ષા નં. ૨૩માં તેઓને જે જવાબ આપ્યો છે તે જ જવાબ તમારા માટેનો સમજી લેશો. [વિસ્તારના ભયથી તે જવાબ અહીં ફરી મુદ્રિત કરતો નથી.]

**ખંડન નં. ૧૭**—જીવંત આગમ સ્વરૂપે જગતભરમાં પ્રખ્યાત એવા પૂ. સાગરજી મહારાજ માટે જે આત્મા,'કદાગ્રહી અને પૂર્વગ્રહથી પીડિત' એવા શબ્દો, વિનય-વિવેકની મર્યાદાને ઓળંગી જવા પૂર્વક લખી શકતો હોત તો તેને સ્વચ્છંદી, ઉદ્ધત ગણવો કે કેવો ગણવો તે સુજ્ઞ સમાજને વિચારવું રહે છે. ગમે તેટલો પક્ષમમત્વ હોય અને તે મમત્વભાવને કારણે પ્રતિસ્પર્ધી સામેના લખાણમાં જો પદવીનું, જ્ઞાનનું કે પર્યાયનું ગૌરવ સાચવી ન શકતા હોય અને મનમાં આવ્યું તેમ બોલી નાખતા કે લખી નાખતા હોય તો તેવા આત્માની ભવાંતરમાં શી ગતિ થાય તે તો જ્ઞાની જાણે.

**પર્વ૦ પૃ. ૧૩૫ કોલમ ૧**—"(૨) પૃ. ૮ ઉપર–"××× પૂનમના ક્ષયે તેરસનો જ ક્ષય કરવાની હાલમાં જે પરંપરા છે તે આગમોક્ત હોવાનો આ સજ્જડ પૂરાવો છે. ×××"

શ્રી પૂજ્યો—યતિઓના કાળમાં જે અંધાધૂધી ફેલાઈ, જે ગરબડો ચાલી, જે અવિહિત-અશાસ્ત્રીય પ્રવૃતિઓ ચાલી પડી, તેમાંની જ આવી 'પર્વતિથિઓની ક્ષય-વૃદ્ધિ થાય નહિ' પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃદ્ધિ કરવી વગેરે પરંપરાઓ પણ ચાલી પડી."

**ખંડન નં. ૧૮**—મારી 'તિથિપ્રશ્નોત્તર-દીપિકા'ના પેજ ૮ ઉપર પૂ. જિનદાસગણિમહત્તરવિરચિત 'નિશીથચૂર્ણિ' આગમનો પાઠ સવિસ્તર આપવાપૂર્વક પૂનમ-અમાસના ક્ષયે તેરસનો ક્ષય, આગમોક્ત હોવાનું પણ જણાવેલ છે તેને આ મુનિશ્રી, શ્રીપૂજ્યો અને યતિઓની પરંપરા તરીકે ગણાવવાનું દુઃસાહસ કરે છે તો શંકા થાય છે કે—તેમના હૈયામાં આગમની કેટલી કદર છે? જેના હૈયામાં આગમવચનો માટે આવી શ્રદ્ધા હોય તેવા આત્માઓ સુવિહિતપરંપરાઓને 'ગોરજીની પરંપરા' 'ગાંડી પરંપરા' આવા શબ્દોથી નવાજે તેમાં આશ્ચર્ય શું?

તેમના કહેવા પ્રમાણે શ્રીપૂજ્યો અને યતિઓના કાળમાં કઈ કઈ અંધાધૂંધી ફેલાઈ? કઈ કઈ ગરબડો ચાલી? કઈ કઈ અશાસ્ત્રીય પ્રવૃત્તિઓ ચાલી? અને તે અંધાધૂધી-ગરબડો અને પ્રવૃત્તિઓમાંની કઈ-કઈ પ્રવૃત્તિને આજના શાસનપક્ષના સાધુઓ, આચાર્યો આદિએ અમલમાં ચાલુ રાખી છે? તેવી પ્રવૃત્તિઓમાંથી પાંચ-દસ પ્રવૃત્તિ કે ગરબડોની યાદી, મુનિશ્રીએ આપી હોત તો જનતાને પણ ખબર પડત કે—શ્રીપૂજ્યોની અને યતિઓની પ્રવૃત્તિઓનું સાંપ્રતકાળેય તપગચ્છમાં ચલણ છે ખરું! બાકી શ્રીપૂજ્યો અને યતિઓના નામે

આજ સુધી ડીંડવાણું નવામતી પૂજ્યોએ કયાં હાંકયે રાખ્યું નથી ?

**પર્વ૦ પૃ. ૧૩૬ કોલમ ૨**—"××× તો આના પરથી સુજ્ઞ વાચકો સારી રીતના (રીતે) સમજી શકે છે કે—**પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરશની ક્ષય-વૃદ્ધિ માનવી-મનાવવી તે અશાસ્ત્રીય માર્ગ છે, આત્મઘાતક રસ્તો છે.** ×××"

**ખંડન નં. ૧૯**—મુનિશ્રી ! તમોએ તમારા આ લેખમાં તત્ત્વતરંગિણીના જે ત્રણ પાઠો રજુ કર્યા છે તેમાં 'ચૌદશના ક્ષયે પૂનમે પક્ખી કરવા દોડી જનારા' એવા ખરતરોને ઉદ્દેશીને છે કે—'ચૌદશ-પૂનમ ક્ષયે તેરશનો ક્ષય કરનાર' આરાધકોને ઉદ્દેશીને ? તે પહેલાં નક્કી કરીને જણાવો અને પછી જનતાને પાઠોનો દેખાડ કરવાનું રાખો તો સારું ગણાશે.

**રેફરન્સ નં. ૫-૬**—તમોએ ત્રણ પાઠો જો જનતામાં ભ્રમણા ફેલાવવા ખાતર રજુ ન કર્યા હોય તો એ જ મહામહોપાધ્યાયશ્રી ધર્મસાગરજી મહારાજ એ જ તત્ત્વતરંગિણીગ્રંથમાં—'**ननु औदयिकतिथिस्वीकारान्यतिथितिरस्कारप्रवणयोरावयोः कथं त्रयोदश्या अपि चतुर्दशीत्वेन स्वीकारो युक्त ? इति चेत् सत्यं, तत्र त्रयोदशीति व्यपदेशस्याप्यसंभवात्। किन्तु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्**=ખરતરવાદી પ્રશ્ન કરે છે કે—'ઔદયિકી તિથિનો સ્વીકાર અને ઉદય વિનાની એવી અન્ય તિથિનો તિરસ્કાર કરવામાં તત્પર એવા આપણ બંનેને લૌકિક ટિપ્પણાની ઉદયાત્ એવી તેરસનો પણ ચૌદશ તરીકે સ્વીકાર કરવો કેવી રીતે યુક્ત છે ? સમાધાન—એમ જો કહેતો હો તો તમારૂં કહેવું ઠીક છે. પણ ત્યાં (આરાધના કાર્યમાં) 'તેરશ' એવા નામના વ્યપદેશનો પણ સંભવ નહિ હોવાથી. વળી પ્રાયશ્ચિત્ત આદિની વિધિમાં (ઉદયાત્ તેરસે)

'ચૌદશ' જ છે એ પ્રમાણે વ્યપદેશ કરાતો હોવાથી" આમ સ્પષ્ટ એવકાર પૂર્વક ચૌદશના ક્ષયે ઔદયિકી એવી તેરશ વિદ્યમાન હોવા છતાં 'તેરશ'નું નામ પણ નહિં લેવા પૂર્વક અર્થાત્ તે તેરશનો ક્ષય કરવા પૂર્વક ચૌદશની સ્થાપના કરવાનું તત્ત્વતરંગિણીકાર જણાવે છે કે ? જવાબ આપશો.

એવી જ રીતે એ જ તત્ત્વતરંગિણીમાં **'हीनमपि-क्षीणमपि पाक्षिकं-तुचतुर्दशीलक्षणं पूर्णिमायां प्रमाणं न कार्यं, तत्र तद्भोगगंधस्याप्यसंभवात्, किन्तु त्रयोदश्यामेवेत्यर्थः**-ક્ષીણ એવી ચતુર્દશી, પૂનમમાં તેના ભોગના ગંધનો પણ અસંભવ હોવાથી પ્રમાણ ન કરવી પરંતુ તેરશમાં જ ક્ષીણ ચતુર્દશીનું આરાધન કરવું.' ઈત્યાદિ પાઠો, ચૌદશ પૂનમની ક્ષય-વૃદ્ધિએ તેરશની ક્ષય-વૃદ્ધિ કરવાનું સ્પષ્ટ પ્રતિપાદન કરનારા વિદ્યમાન હોવા છતાં તે છૂપાવવા અને ઉપરથી 'પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરશની ક્ષય-વૃદ્ધિ માનવી તે અશાસ્ત્રીય માર્ગ છે, આત્મ-ઘાતક રસ્તો છે' એવું ઉન્મત્તજનોચિત પ્રલાપ કરવો તે તમારી જેવા માટે શોભાસ્પદ છે ખરો ? વિચારશો.

**પર્વ૦ પૃ.૧૩૭ કોલમ ૨**—શ્રીહીરપ્રશ્નનો **यदा पंचमीतिथिः'** વાળો પાઠ રજુ કર્યા પછી તમો-"[આ ખુલાસા પરથી પણ પુનમના ક્ષયે તેરશનો ક્ષય કરવાની વાત સિદ્ધ થતી નથી; પરંતુ તપ ક્યારે કરવો તેનું માર્ગદર્શન મળે છે અને ચૌદશની આરાધના તો ચૌદશે જ કરવાનું સ્પષ્ટ થાય છે.]" લખો છો.

**ખંડન નં. ૨૦**—મુનિશ્રી, પૂનમના ક્ષયે જો તેરશના ક્ષયની વાત, આ પ્રશ્નોત્તરથી સિદ્ધ થતી ન હોય અને ફક્ત પૂનમનો તપ ક્યારે તથા ક્યાં કરવો તેનું માર્ગદર્શન આપતો હોય તો 'ચૌદશની આરાધના ચૌદશે જ કરો અને ક્ષીણ પૂનમનો તપ, તે ચૌદશની

પહેલાંની તેરશે કરો' એટલે કે-'પૂનમની આરાધના પહેલી કરો અને ચૌદશની આરાધના પછી કરો' એવી પાગલમાણસના જેવી વાત, પૂ.આ-શ્રી હીરસૂરિજી મહારાજ કરે ખરા? અને તમારા કહેવા પ્રમાણે જો પૂનમના તપની જ વાત હોય તો **पूर्णिमायां त्रूटितायां तु त्रयोदश्यां, त्रयोदश्यां विस्मृतौ तु प्रतिपद्यपि** એમ કહેવાને બદલે પૂનમના તપ ખાતર **त्रयोदशीचतुर्दश्योः** એમ જણાવી તેરશ અને ચૌદશ'એ બંને તિથિનું ગ્રહણ કેમ કર્યું હશે? એટલો તો વિચાર કરવો જોઈએ કે નહિ?

**त्रयोदशीचतुर्दश्योः** એમ કહી તેરશ અને ચૌદશ બંને તિથિનું ગ્રહણ કરેલ છે તેથી ફલિત થાય છે કે- "પૂનમના ક્ષયે ચૌદશનો ક્ષય, પરંતુ તે ચૌદશ પણ પર્વતિથિ હોવાથી અપર્વ એવી તેરશનો ક્ષય કરી તેરશના સ્થાને ચૌદશ અને ચૌદશના સ્થાને ક્ષીણ એવી પૂનમ સ્થાપવી." આમ સ્પષ્ટ ફલિતાર્થ થતો હોવા છતાં-"આ ખુલાસા પરથી પૂનમના ક્ષયે તેરશનો ક્ષય કરવાની વાત સિદ્ધ થતી નથી, ચૌદશની આરાધના તો ચૌદશે જ કરવાનું સ્પષ્ટ થાય છે." એવું મંદઅક્કલવાળું કથન તો તમારી જેવા પક્ષમતાંધો સિવાય બીજા સમજુ આત્માઓ તો કરે જ ક્યાંથી?

**પર્વ૦ પૃ. ૧૩૮ કોલમ ૧**–(મારા તરફથી પ્રસિદ્ધ થએલ 'તિથિપ્રશ્નોત્તરદીપિકા' બૂકના પૃ.૨૨ ઉપરની આત્મારામજી મ. ની વાત લખ્યા બાદ)-"જુઠ્ઠા પ્રચારના હિમાયતી સમાધાનકારશ્રીજીનું બીજું મહાવ્રત અખંડિત રહે કે ખંડિત થાય તે વાચકો વિચારી લે. કારણ કે-સુપ્રસિદ્ધ હકીકત છે કે-૧૯૫૨માં ભાદરવાસુદિ-૫નો ક્ષય આવ્યો ત્યારે હું (શું) કરવું તે જાણવા ભરૂચના સુશ્રાવક શ્રી અનુપચંદ ભાઈએ ખુદે પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજને

પૂછાવેલ કે–'ભાદરવા સુદિ પંચમીના ક્ષય નિમિત્તે પર્યુષણાનો દિવસ આઘોપાછો કરવો એ મને યોગ્ય લાગતું નથી. આપનો એ વિષે શો અભિપ્રાય છે તે જણાવવા કૃપા કરશો' આ પ્રશ્નના ઉત્તરમાં પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજે પણ જણાવેલ કે--'ઠીક છે, આ વખતે પંચમીનો ક્ષય કરતો (વો) એ જ અમોને પણ યોગ્ય લાગે છે"

**ખંડન નં. ૨૧**–મુનિશ્રી ! મારા બીજા મહાવ્રતના ખંડિતા-ખંડિતનો વિચાર કરવા કરતાં તમારૂં બીજું મહાવ્રત તો અખંડિત જ છે ને ? જો-હા કહેતા તો તેવા જવાબવાળો પૂ. આત્મારામજી મ.ના ખુદના હસ્તાક્ષરવાળા પત્રનો બ્લોક છપાવી જગતને તમારી વાતની સચ્ચાઈની પ્રતીતિ વહેલી તકે કરાવશો. જો કે-શાસનપક્ષે તો આત્મારામજીમ૦ના આ બનાવટી પત્રની બીના અંગે તમારા નવામતી લેખકોની વાતને **'હડહડતી જુઠ્ઠી વાત'** તરીકે વર્ષોપૂર્વે જાહેર જનતાને સાબિત કરી આપેલ છે અને મારા તરફથી પણ તે બનાવટી પત્ર અંગે અનેકવાર લખાએલ છે તે તમારી ધ્યાનમાં હશે જ ! ન હોય તો-

સિદ્ધચક્ર તા.૨૩-૮-૫૧ના વધારા તરીકે તારક ગુરુદેવ શાસનકંટકોદ્ધારક પૂ.આ.શ્રી હંસસાગરસૂરિજી મ.શ્રી ની કસાએલી કલમે લખાયેલ **'નવામતનું સચોટ અને સરલ નિરસન'** બૂકના પૃ.૧૭-૧૮ ઉપર ખુદ પૂ. આત્મારામજીમ.નો લખાવેલ પત્રનો બ્લોક છપાવ્યા પછી પૃ.૧૯ ઉપર લખેલ લખાણનો ઉતારો તમો પણ વાંચી લેશો. જેથી તમો પણ બીજા મહાવ્રતનું અખંડ પાલન કેવું કરો છો ? તેની તમોને પણ પ્રતીતિ થશે. આ રહ્યું તે લખાણ—

**રેફરન્સનં ૭**–"આ.શ્રી રામચંદ્રસૂરિજીએ પોતાના તા.

૮-૭-૫૧ના જૈનપ્રવચનમાં પૂ. આત્મારામજી મ.ને નામે તેવું હડહડતું જુઠ્ઠું લખાણ ચડાવેલ હોવાથી તે અંક અત્રે (પાલીતાણે) **શ્રમણસંમેલન** વખતે મંગલાચરણ પહેલાં રજુ કરવામાં આવેલ, અને તે લખાણ ઉપરથી 'સંમેલનમાં હાજર પૂ. આચાર્ય મહારાજો, પંન્યાસજી મહારાજો અને મુનિરાજોની રૂબરૂ' **પૂ.આ.મ.શ્રી વિજયવલ્લભ-સૂરિજીમ.**ને પૂછવામાં આવ્યું કે-"શાસનસુધાકરમાં બે વર્ષ પહેલાં પ્રસિદ્ધ કરેલ પૂ. આત્મારામજી મ.ના સં. ૧૯૫૨ની સાલના પત્રનો બ્લોક તો આપે જોએલ છે, તે અંકની આપશ્રીએ ૧૦ કોપી પણ મંગાવી હતી. **તો તે આત્મારામજી મહારાજે લખાવેલો પત્ર આપશ્રીના હાથનો જ લખેલ છે ને ?"** જેના ઉત્તરમાં તેઓશ્રીએ જરાપણ વિલંબ વિના પ્રેમભાવે નિખાલસ દિલે જણાવ્યુ કે-**'હા, એ શાસનસુધાકર મૈને દીખા હૈ. મેરા હી લીખેલા હૈ."** ××× બાદ આ જૈનપ્રવચનના અંકમાં આ.શ્રી રામચંદ્રસૂરિજી તો લખે છે કે-'સં.૧૯૫૨માં શ્રી આત્મારામજી મહારાજે ભા. શુ.૫નો ક્ષય માન્યો હતો' અને પૂ. આત્મારામજી મ. તો આ પત્રમાં તે વખતે ભા.સુ.૬નો ક્ષય માન્યો હોવાનો જણાવે છે તેનું કેમ ?' એ પ્રમાણે પૂ.આ.મ.શ્રી વિજયવલ્લભસૂરિજી મ.ને પૂછવામાં આવતાં તેઓશ્રીએ કહ્યું કે **'વો જુઠ્ઠા હૈ, ૧૯૫૨ મેં ભા.સુ. ૬ કા હી ક્ષય પૂજ્યશ્રીને માન્ય રખા થા'**×××

મુનિશ્રી પ્રશાંતદર્શનવિજયજી ! હવે તમો અને તમારા નવામતીઓ કેટલા સત્યવાદી છે ? તેની પ્રતીતિ, સં ૧૯૫૨માં પત્ર લખનાર પૂ.આ.શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજના ખૂદના આ વચનોથી તમોને જરૂર થશે. વધુ પ્રમાણ જોઈતું હોય તો નવામતી પૂ.આ.શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. ના દાદાગુરુ આ. શ્રી વિજયદાન-

સૂરિજી મહારાજનું નિવેદન પણ રજુ કરૂં છું. જોશો.

## પૂં. આ. શ્રી વિજયદાનસૂરિજી મ. શું કહે છે?

**રેફરન્સ નં. ૮**—'વિવિધ પ્રશ્નોત્તર' ભા. ૨ પૃ. ૨૮૦—"ભાદરવા શુદ પાંચમનો ક્ષય ચંડુપંચાંગમાં છે, પણ બીજાં ઘણાં પંચાંગોમાં ભાદરવા સુદ ૬ નો ક્ષય થાય છે, તેથી સુદ ૬નો ક્ષય માનવાથી પર્યૂષણમાં તિથિની વધઘટ કરવા જરૂર રહેશે નહિ. **સં.૧૯૫૨ની સાલમાં પણ આ પ્રમાણે હતું અને તપગચ્છના મોટાભાગે ભાદરવા સુદ ૬નો ક્ષય માની, ભાદરવા સુદ ૪ની સંવચ્છરી કરી હતી.** સં. ૧૯૬૧માં પણ ભાદરવા સુદ પાંચમનો ક્ષય પંચાગમાં હતો પણ પ્રાયઃ સર્વસંઘે છઠ્ઠનો જ ક્ષય માન્યો હતો." મુનિશ્રી પ્રશાંતદર્શનવિજયજી ! તમે સાચા કે તમારા વડદાદાગુરુ સાચા ? બીજા મહાવ્રતની ખેવના રાખીને જવાબ આપશો.

**પર્વ. પૃ. ૧૩૮ કોલમ ૧**—ઉપર 'પ્રશ્નોત્તરરત્નચિંતામણિ' (પૃ.૧૯-૨૦)નો ઉતારો આપ્યા બાદ—"આના ઉપરથી સુનિશ્ચિત થાય છે કે સં.૧૯૫૨ની સાલમાં ભાદરવા સુદ ૫નો ક્ષય માનવાનો નિર્ણય થયો હતો અને તે હિસાબે સંવત્સરી કરવામાં આવી હતી. અર્થાત્ ઉદયાત્ ભાદરવા સુદ ચોથે સકલ સંઘે આરાધના કરી હતી. (કેટલાકે અન્ય પંચાગનો આધાર લઈ ભાદરવા સુદિ છઠ્ઠનો ક્ષય કરી ઉદયાત્ ભાદરવા સુદિ ચોથે સંવત્સરી પર્વની આરાધના કરી હતી.)"

**ખંડન નં. ૨૨**—મારા ખંડન નં. ૨૧માં તમારા જ વડદાદાગુરુના તેમજ પૂ.આ.શ્રી વિજયવલ્લભસૂરિજી મ. ખુદના જવાબો દ્વારા સ્પષ્ટ જણાવ્યું છે કે–"**વિ. સં. ૧૯૫૨ની સાલમાં ભાદરવા**

**સુદ ૫ના ક્ષયની માન્યતાવાળા આત્મારામજી મહારાજ હતા જ નહિ. પરંતુ ભાદરવા સુદ ૬ના ક્ષયની માન્યતાવાળા હતા."** છતાં 'પર્વતિથિક્ષય-વૃદ્ધિ'ની માન્યતાવાળા તમારા નવા કુમતની સ્થિતિસ્થાપકતા અને સચ્ચાઈ બતાવવા માટે તમોએ પણ તમારા નવામતીઓની પૂરાણી રીત-રસમ અનુસાર 'પ્રશ્નોત્તર રત્ન ચિંતામણિ'ની પ્રસ્તાવનાના કૃત્રિમ લખાણનો હવાલો આ લેખમાં આપેલ છે. અને તે કૃત્રિમ લખાંણ પણ આ.શ્રી દાન-પ્રેમ-રામ-જંબુની સંયુક્ત કમિટિએ ઉભું કરી તે બૂકમાં દાખલ કરી દીધેલ છે ! આ અંગે શાસનપક્ષના મહારથી એવા મારા પૂજ્ય ગુરુદેવશ્રીએ **'નવામતનું સચોટ અને સરલ નિરસન'** નામની બૂકમાં નવામતી આ.શ્રી રામચંદ્રસૂરિજી ખુદને જ પૂછેલ છે. જેનો જવાબ તેઓ આપી શક્યા નથી. પરંતુ તે પછીના નવામતી લેખકો પણ તે વાત અંગે આજસુધી ચૂપકીદી પકડીને બેસી રહેલ છે. તે રેફરન્સ આ પ્રમાણેઃ—

**રેફરન્સ નં. ૯**—'નવામતનું સચોટ અને સરલ નિરસન' પૃ.૧૩—

"પૂ. આત્મારામજી મ. તથા શેઠ અનુપચંદભાઈના નામે પ્રચારાતી તે (ભા. શુ.૫ના ક્ષયની) વાત, સં. ૧૯૮૧ની સાલમાં પ્રગટ થયેલા **'શ્રી પ્રશ્નોત્તર રત્ન ચિંતામણિ'** નામના શેઠ અનુપચંદભાઈના રચેલા પુસ્તકમાં છપાયેલ અનુપચંદભાઈના જીવનચરિત્રમાં છે' એમ 'તિથિ સાહિત્યદર્પણ' માં આ સૂરિજીના ગુરુભાઈ જંબુવિજયજી લખે છે, તે ઉપરથી એ વાતને અતિ મહત્વની માનવવા સારૂ આ. શ્રી. વિજયરામચંદ્રસૂરિજી, ઉપરના પોતાના વક્તવ્યમાં એ વાત સાથે સંબંધ ધરાવનાર અનુપચંદભાઈને આજ સુધી કોઈના ખ્યાલમાં નથી તેવા 'મહાન્ તત્ત્વવેત્તા અને તે

કાળના સર્વ મુનિવર્ગમાં પણ આણ ફરકાવનાર તરીકે' ઓળખાવવા લાગ્યા તો ભલે ઓળખાવેઃ પરંતુ પ્રશ્ન એ છે કે--તે (૧૯૫૨ના ભાદરવા શુદિ ૫ના ક્ષયની) **મહત્વની ગણાવાતી વાત, 'પ્રશ્નોત્તરરત્નચિંતામણી'ની પહેલી અને બીજી આવૃતિમાં કેમ નથી ? ત્રીજી આવૃતિમાં જ ક્યાંથી આવી ? અને તે પણ અનુપચંદભાઈને બદલે બીજા જ કોઈ ઈસમે શું કામ રજુ કરવી પડી ? વળી તે પુસ્તકની બહાર પડેલી ચોથી આવૃત્તિમાં તો તે વાતને સદંતર દેશવટો કેમ મળ્યો ?"**

મુનિશ્રી પ્રશાંતદર્શન વિજયજી ! તમો આ વાત અંગે કોઈ ખુલાસો કરી શકો તેમ છો ? આત્મારામજી મહારાજે ભા. સુ. ૫નો ક્ષય કર્યાની બનાવટી વાત ઉભી કરનારા નવામતીઓના (મેં જણાવ્યા છે પણ) તમો નામો આપી શકો તેમ છો ખરા ? કાવતરાં કરવા અને પછી તેને 'રદીયા-હવાલા' આપવા તરીકેની તમારા વર્ગની જુની-પુરાણી રીત-રસમને તમે કેમ અનુસરો છો ? 'આત્મારામજી મહારાજે ભા. શુ. ૫નો ક્ષય કર્યો કે માન્યો જ નથી' એ વાત અંગે બીજો પણ તમોને આધાર આપું છું. જેથી કરીને 'તિથિપ્રશ્નોત્તરદીપિકા' માં જણાવેલી વાતની યથાર્થતા તથા સત્યતાની તમોને પૂર્ણ પ્રતીતિ થશે.

**રેફરન્સ નં. ૧૦**— 'સયાજીવિજય' તા. ૫ ઓગષ્ટ સને ૧૮૯૬

## 'મરહૂમ જૈનધર્માચાર્યશ્રી આત્મારામજી મહારાજ અને બીજા મહાશયોનો અભિપ્રાય તથા છેવટનો નિર્ણય'

"મૂંબઈથી અશાડ સુદિ ૬નો શ્રી ચંડુપંચાંગના કર્તા પંડિતજી શ્રીધર શિવલાલનો પત્ર આવ્યો છે તેમાં તે પંડિતજી લખે છે

કે—"આપને લિખા કે ભાદ્રપદ શુક્લપક્ષ પંચમીકા ક્ષય હૈ કી ૬કા ક્ષય હૈ ? સો હમારા પંચાગ જો હૈ સો બ્રહ્મપક્ષગણિતસે હૈ ઔર અન્ય પંચાંગ જો હૈ સો સૌરપક્ષકે ગણિતસે હૈ. સો ૧ દીનકા ફરક રહતા હૈ. હમારે પંચાંગકા માન્ય (ચલણ) મારવાડદેશમેં હૈ, આપકે વહાં બડોરામેં ગુજરાતી પંચાંગ સૌરપક્ષકા ચલન હૈ સો આપકુ ષષ્ઠીકા ક્ષય માનના ચાયે। "

ઉપર પ્રમાણે બ્રહ્મપક્ષના ચંડુપંચાંગના કર્તા પોતે ગુજરાતમાં ભાદરવા સુદિ ૬નો ક્ષય કરવા મત આપે છે. મરહૂમ જૈનધર્માચાર્ય **શ્રીઆત્મારામજી મહારાજે પોતાની હયાતીમાં છટ્ઠનો ક્ષય કરવા વિષે અભિપ્રાય જણાવ્યો હતો અને હાલપણ ઘણા મુનિરાજ તથા ભરૂચના શેઠ અનોપચંદ મલુકચંદ જેવા મહાશયો છઠનો ક્ષય કરવાની સલાહ આપે છે તે સર્વેને માન્ય કરવા યોગ્ય છે.** શ્રી જૈનમત સ્યાદ્વાદથી ભરેલો છે. આ લેખની અંદર ઉપર આપેલા તિથિનિર્ણય સંબંધી ઉત્સર્ગ અપવાદના પાઠ જ તેની અનેકાંતતા દેખાડી આપે છે. માટે જોધપૂરી પંચાંગ જે (છે તે) સર્વજ્ઞકથિત નથી અને જે એકલાને જ માનવું એવો શાસ્ત્રાધાર નથી તેના ઉપર જૈનભાઈઓએ એકાંત હઠ કરવો અને બીજા શોધને અંતે ખરાં માલમ પડતાં પંચાગોનો અનાદર કરવો ઘટતો નથી. પાટણના જૈનભંડારમાં બ્રહ્મપક્ષના સિદ્ધાન્તશિરોમણિની સાથે સૌરપક્ષના ગ્રહલાઘવની પ્રતો પણ જોવામાં આવી છે. તો આશા છે કે—સર્વ જૈનભાઈઓ આ વખતે મહાપુરુષોના અભિપ્રાયને માન આપી શ્રાવણવદી ૧૨ શુક્રવારે પજુષણનો પહેલો ઉપવાસ અને તે ઉપરાંત યથાશક્તિ તપ, જીનપૂજા, પ્રભાવનાદિ સત્ કાર્યો કરી **ભાદરવા શુદિ ૪ શુક્રવારે સંવચ્છરી અને ભાદરવા સુદિ ૫ને શનિવાર**

**પારણાદિ કરી** ઐક્ય બતાવી આત્માનું કલ્યાણ સાધશે"

(તા. ૫ ઓગષ્ટ સને ૧૮૯૬, અષાડ વદિ ૧૧ સં. ૧૯૫૨)

* * *

મુનિશ્રી પ્રશાંતદર્શનવિજયજી ! આ. શ્રી આત્મરામજી મ.નો પત્ર, આ.શ્રી વિજયવલ્લભસૂરિજી મ., આ.શ્રી વિજયદાનસૂરિજીમ., પૂ. શાસનકંટકોદ્ધારક આ. શ્રી હંસસાગરસૂરિજી મ., સં. ૧૯૫૨નું સયાજીવિજયપત્ર આદિ બધાના રેફરન્સોમાં-'આત્મરામજી મહારાજે ૧૯૫૨માં ભાદરવા શુદિ ૫ના ક્ષયે ભાદરવા શુદિ ૬નો જ ક્ષય માન્યો' હોવાનું ડાંડી પીટીને જણાવે છે ! છતાં નવામતી આ. શ્રી રામચંદ્રસૂરિજીમ. અને તેમના નવામતી પૂજ્યોની જેમ 'પ્રશ્નોત્તર-રત્નચિંતામણિ'નો હવાલો આપી તમો પણ 'આત્મારામજીમહારાજે ૧૯૫૨માં ભા. શુ. ૫નો ક્ષય કર્યો હતો' એવો ફુટેલ ઢોલ વગાડો છો તો તેમાં તમારૂં બીજું મહાવ્રત કેવી રીતે અખંડિત રહેલું માનવું ? જણાવશો.

**પર્વ.પૃ. ૧૩૮ કોલમ ૨**—"(૪) પૃ.૨૨ ઉપર જ–"××× છેવટે પૂ. જીતવિ.દાદા-પૂ. સિદ્ધસૂરિજીમ. (વિદ્યાશાળા) ××× આદિ મુનિ ભગવંતોએ ત્રીજનો ક્ષય કરી સાંવત્સરિકપર્વની આરાધના કરી. ×××"

આ વિધાન પણ સમાધાનકારશ્રીજીની અજ્ઞાનતાને જણાવનારૂં અને તેમની વિકૃત વિચારધારા અને અસ્થિરતાનું સૂચક છે. વાસ્તવમાં વિ.સં.૧૯૫૨માં ભાદરવા સુદ ૫નો ક્ષય આવેલો તે સમયે આ.વિ સાગરાનંદસૂરિજી મ. (તે સમયે મુનિશ્રી) જેમણે પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરી આરાધના કરી હતી, તેમના

સિવાય **સકલશ્રીસંઘે ઉદયાત્ ચોથની આરાધના કરી હતી."**

**ખંડન નં.૨૩** —મુનિશ્રી ! તમો મારી 'તિથિપ્રશ્નોત્તરદીપિકા' બુકના ૨૨મા પેજ ઉપરની મારી સાચી વાતને મારું 'અજ્ઞાનતા-જ્ઞાપકરૂપે વિકૃતવિચારધારારૂપે અને અસ્થિરતા સૂચક' જણાવી તે બદલ મને કોઈ શોક નથી, પરંતુ હવે નીચેના રેફરન્સો વાંચી-વિચારીને તમેજ જાહેરમાં જવાબ આપશો કે-મારૂં લખાણ ખોટું છે કે સાચું ?

**રેફરન્સ નં. ૧૧**—આજથી ૧૦૪ વર્ષપૂર્વે એટલે કે વિક્રમસંવત્ ૧૯૫૨માં બહાર પડેલ 'સયાજીવિજય' પત્રિકા—

"હવે હું વિગેરે કેટલાક ભાઈઓનો તથા **મુનિ જીતવિજયજીનો** (હાલ વીજાપુરમાં ચોમાસું છે) **તથા સિદ્ધિવિજયજીનો તથા મુનિ આનંદવિજયજી પંન્યાસ** (હાલ અમદાવાદમાં ચોમાસું છે.) તથા શેઠ મનસુખભાઈ ભગુભાઈ વિગેરેનો તથા અમદાવાદવાળા શા.જેઠાભાઈ સુરચંદનો તથા શા. પ્રેમચંદભાઈ કેવળદાસ તથા વિદ્યાશાળામાં ડાઆભાઈ તથા શેઠ મનસુખભાઈ ભગુભાઈ વીગેરે તથા રાધનપુરના સંઘનો તથા મુંબઈ મધ્યે **મહારાજ નાનચંદજી** શેઠ, છોટાલાલ લલ્લુભાઈ તથા શેઠ બેહેચરદાસ ભાવનગરવાળા વીગેરે કેટલાક ભાઈઓને તથા ઈન્દોરથી **મુનિશાંતિવિજયજીનો** તથા વીરમગામમાં **મુનિકપૂરવિજયજી** (સન્મિત્ર) વીગેરે સાધુમહારાજનો તથા શ્રાવક-ભાઈઓનો **એવો અભિપ્રાય છે કે ભાદરવા શુદ ૩નો ક્ષય કરવો અને ચોથ પાંચમ સાબેત રાખવા.** કેમકે-કેટલીક વખત ભાદરવા સુદમાં ઘટતી તિથિ આવેલ તે માટે શ્રાવણવદ ૧૨ના પજુસણ ગણાવ્યા છે."

**રેફરન્સ નં. ૧૨**—મારા તરફથી સં.૨૦૫૦માં બહાર પડેલ 'સંવત્સરી શતાબ્દિ મહાગ્રંથ' પૃ. ૬૫–

## ૧૯૫૨માં ગુરુવારે સંવત્સરી કરનાર પૂજ્યો આદિ

"પૂજ્ય જીતવિજયજી દાદા, પૂજ્ય પં.શ્રી. ગંભીરવિજયજી મ.ના શિષ્ય પૂજ્ય પં.શ્રી આનંદવિજયજી મ., મુનિશ્રી સિદ્ધિવિજયજી (અમદાવાદ વિદ્યાશાળાવાળા આ. શ્રી. સિદ્ધિસૂરિજી) મ., મુનિશ્રી શાંતિવિજયજીમ., મુનિશ્રી કપૂરવિજયજી મ., આદિ પૂજ્યો તથા ઈન્દોર-રાધનપુર-પાલી-જાવાલ-પેટલાદ-આદિના શ્રી સંઘો ઉપરાંત ભાવનગરના મગનલાલ ડાહ્યાભાઈ, અમદાવાદના શેઠ મનસુખલાલ ભગુભાઈ, શેઠછગનલાલભાઈ, શેઠ પ્રેમચંદભાઈ, વિદ્યાશાળાના શેઠ ડાહ્યાભાઈ તેમજ સુરતના શ્રાવકો આદિએ **સં.૧૯૫૨ની સાલમાં ભાદરવાશુદિ ત્રીજનો ક્ષય કરવાપૂર્વક ભા.શુ.૪ ગુરુવારે જ સંવત્સરી, પૂજ્ય મુનિશ્રી આનંદસાગરજીમ. ની જેમજ કરી હતી."**

મુનિશ્રી ! આ સં. ૧૯૫૨ની સત્ય બીનાને છાવરવાપૂર્વક 'વાસ્તવમાં વિ. સં. ૧૯૫૨માં ભાદરવા સુદ ૫નો ક્ષય આવેલો. તે સમયે આ વિ. સાગરાનંદસૂરિજી મ. (તે સમયે મુનિશ્રી) જેમણે પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરી આરાધના કરી હતી. **તેમના સિવાય સકલ શ્રીસંઘે ઉદયાત્ ચોથની આરાધના કરી હતી.** એવું હડહડતું જુઠ્ઠું લખાણ કરી પ્રચારમાં મૂકતા તમારા હૈયાને કંપ કેમ ન લાગ્યો ? શું આવી જ તમોને તમારા બીજા મહાવ્રતની ખેવના છે ? 'સકલસંઘે ઉદયાત્ ચોથની આરાધના કરી હતી' એમ લખતાં પહેલાં ભાદરવા શુદિ પાંચમના ક્ષય વખતે તે સકલસંઘે કોનો ક્ષય માન્ય રાખ્યો હતો ? તે વાત કેમ છૂપાવવી પડી ? જવાબ આપશો.

**પર્વ. પૃ. ૧૩૯ કોલમ ૧**–"ઉદયાત્ ચોથની આરાધના કરનારા પૂજ્યો.

પૂ.આ.શ્રી વિ. કમલસૂરિજી મ.(પંજાબી), પૂ.આ.શ્રી વિ. કમલસૂરિજી મ. (ગુજરાતી), પૂ.આ.શ્રી વિ. દાનસૂરિજી., પૂ. આ.શ્રી વિજય વલ્લભસૂરિજી મ., પૂ. આ.શ્રી વિજય સિદ્ધિસૂરિજી મ., પૂ. આ.શ્રી વિજય નીતિસૂરિજી મ., પૂ. આ.શ્રી વિજય નેમિસૂરિજી મ., પૂ.આ.શ્રી વિજય ધર્મસૂરિજી મ. આદિ **સઘળાય સમુદાયો.**

જ્યારે પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરી ઉદયાત્ ચોથને પાંચમ કરી ત્રીજના દિવસે ચોથ માની આરાધના કરનારા માત્ર શ્રી સાગરજી મ. એકલા (સાથે એક મુનિ અને બે-ચાર શ્રાવકો.)"

**ખંડન નં. ૨૪**–૧૯૫૨ની સંવત્સરીની ચાલુ વાતમાં આ પ્રમાણે 'ઉદયાત્ ચોથની આરાધના કરનારા પૂજ્યો' એ પ્રમાણે શીર્ષક બાંધવાપૂર્વક આચાર્યોની નામાવલીની રજુઆત કરવાપૂર્વક નામો લખનાર કપટકલાનિપુણ મુનિશ્રી પ્રશાંતદર્શનવિજયજી ભીંત ભૂલે છે. કારણ કે-સં. ૧૯૫૨માં વિદ્યાશાળાવાળા આ.શ્રી સિદ્ધિસૂરિજી મહારાજે તો ઉપર દર્શાવેલા રેફરન્સો મુજબ ભાદરવા શુદ ૫ના ક્ષયે ભાદરવા શુદ ત્રીજનો ક્ષય કરવાપૂર્વક પૂ. સાગરજી મ.ની જેમ જ સંવત્સરીની આરાધના કરેલ છે.

તેવી જ રીતે પૂ.આ. શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે મર્હૂમ આ. શ્રી આત્મારામજી મ. ના લખાવેલ પત્ર અનુસાર ભા. શુદ ૫ના ક્ષયે શુદ ૬નો ક્ષય કરેલ હતો. પૂ. આ.શ્રી વિજય નીતિસૂરિજી મ. તથા પૂ. આ.શ્રી વિજય નેમિસૂરિજી મ.નું તે કાળે ચલણ ન હતું. કારણકે–તે વખતે પૂ. પં.શ્રી ભાવવિજયજી મ.નું અને પૂ.પં.શ્રી ગંભીરવિજયજી મ.નું જ ચલણ હતું. એટલે તેઓએ પણ ભાદરવા શુદ ૬નો ક્ષય માન્ય રાખીને ઉદયાત્ ચોથે આરાધના કરી હતી. નહિં કે-તમો નવામતીઓ જણાવો છો તેમ ભા.શુ.૫નો ક્ષય માન્ય

રાખીને ! માટે તે ત્રણેય નામો ખોટી રીતે ગોઠવી દીધા છે.

**ખંડન નં. ૨૫**–મુનિશ્રી તમો—"જ્યારે પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરી ઉદયાત્ ચોથને પાંચમ કરી અને ત્રીજના દિવસે ચોથ માની આરાધના કરનારા માત્ર શ્રી સાગરજી મ. એકલા (સાથે એક મુનિ અને બે-ચાર શ્રાવકો)" આમ લખો છો. તો સં. ૧૯૫૨ની સાલનું ચોમાસું પૂ. સાગરજી મહારાજે પેટલાદ મુકામે કરેલ છે અને ઉપર દર્શાવેલ રેફરન્સોમાં 'પેટલાદના શ્રી સંઘ'નું નામ જગજાહેર છે ! છતાં તમો 'સાથે એક મુનિ અને બે-ચાર શ્રાવકો' એવું હડહડતું જુઠ્ઠુ લખાણ ક્યાં ભવને કાજ કરી જનતાને ઠગી રહ્યા છો ? ૧૯૫૨ના ભા.શુ.૫ના ક્ષયની ચાલુ વાતમાં 'ઉદયાત્ ચોથની આરાધના કરનારા પૂજ્યો' એવું હેડીંગ બાંધી આચાર્યોની નામાવલી રજુ કરવાની ધૂર્તકળા તમારી જોઈને સુજ્ઞજનો વિચારમાં પડી જાય તેમ છે કે—**'मुखं पद्मदलाकारं, वाचा चंदनशीतला। हृदयं कर्त्तरीतुल्यं, त्रिविधं धूर्त्तलक्षणं'** એ નીતિકારના સૂક્તને શું આ પ્રશાંતદર્શનવિજયજી, ચરિતાર્થ કરી રહ્યા છે ?

**પર્વ. પૃ ૧૩૯-૧૪૦**–ઉપર આ.શ્રી વિજયસિદ્ધસૂરિજી મ.નો ખુલાસો, કે જે તા. ૧૫-૧૧-૧૯૪૦ ના વીરશાસનપત્રમાં છપાયેલ છે તેનો ઉતારો છાપેલ છે.

**ખંડન નં. ૨૬**—મુનિશ્રી ! તમોએ તા. ૧૫-૧૧-૧૯૪૦ના વીરશાસનપત્રમાં છપાયેલા 'આ.શ્રી વિજયસિદ્ધિસૂરિજી મહારાજનો ખુલાસો'નું અવતરણ આ લેખમાં આપેલ છે તે 'વિજયસિદ્ધિ-સૂરીશ્વરજી મહારાજે ચતુર્વિધ સંઘની હાજરીમાં કરેલો અગત્યનો ખૂલાસો' આ શીર્ષકતળે છપાએલો મેં પણ જોએલો છે છતાં હું તમોને પૂછું છું કે--એ છપાયેલા પ્રમાણે વિજય સિદ્ધિસૂરિજીએ પોતે

ખુલાસો કરેલો છે કે પછી તેમના નામે લખીને, વધારી સુધારીને તૈયાર કરેલું લખાણ, વિસં. ૧૯૯૭ના કા. શુ.૧૫ ગુરુવારના સંયુક્ત થયેલા ઠાણાઓઠાણ પ્રસંગે જાહેર સભામાં વંચાયેલું છે અને તેમના નામે છાપી દેવામાં આવ્યું છે ? આ બાબત જરા ઊંડા ઉતરીને તપાસ કરી મને જણાવશો ખરા ?

**ખંડન નં. ૨૭**—મુનિશ્રી ! કોઈપણ સાધુમહાત્મા, પોતે ખુલાસો કરે કે નિવેદન કરે તે ખુલાસો કે નિવેદનની નીચે પોતાની સહી હોય અથવા તેમના વતી તેમના આસીસ્ટન્ટની સહી હોય. જ્યારે આ ખુલાસામાં તેમાંનું કાંઈ કેમ જણાતું નથી ? જે આચાર્ય પોતે જાહેર સભામાં અગત્યનો ખુલાસો કરી શકે છે તે આત્માને તે અગત્યના ખુલાસાની કોપીમાં સહી કરતાં શું વાંધો આવ્યો હશે ? જણાવશો.

**ખંડન નં. ૨૮**—આ.શ્રી વિજયસિદ્ધિસૂરિજી મહારાજ, ચતુર્વિધ સંઘની સભામાં જાહેર રીતે અગત્યનો ખુલાસો કરે છે તે ખુલાસાની નકલમાં ૨૫-૨૫ શ્રાવકોની સહીઓ લેવાની તમારા નવામતી આ.શ્રી રામચંદ્રસુરિજી મ.ને અનિવાર્ય આવશ્યકતા કેમ દેખાઈ હશે ? શું અમારી જેમ તમોને નથી લાગતું કે-ભવિષ્યમાં સિદ્ધસૂરિજી મહારાજ, તે વીરશાસનમાં છપાયેલ અગત્યના ખુલાસા અંગે જુદું બોલે યા તેનો ઈન્કાર કરે તો તે કરવા ન પામે તે માટે સાક્ષીરૂપે ૨૫ શ્રાવકોની સહીઓ પણ લેવાની આ.શ્રી રામચંદ્રસૂરિજીએ દીર્ઘદષ્ટિ વાપરી છે ? કહો કે-પૂર્વયોજિત કાવત્રા સ્વરૂપે તૈયાર કરી રાખેલું લખાણ, 'સિદ્ધસૂરિજી મ. નો અગત્યનો ખુલાસો' એ રૂપે વાંચીને તેની નીચે સહીઓ તાબડતોડ કરાવીને તે ૧૯૯૭ના કા.શુ.૧૫ના વીરશાસન અંકમાં પણ છપાવી જગજાહેર કરી દેવાની કુનેહ તમારા

મર્હુમ આ.શ્રી રામચંદ્રસૂરિજી મહારાજે વાપરી હતી.

**ખંડન નં. ૨૯**—મુનિશ્રી ! જ્યારે આ. શ્રી રામચંદ્રસૂરિજી મહારાજે વિ. સં. ૧૯૯૨ના શ્રાવણ માસે નવો તિથિમત કાઢ્યો ત્યારે '**પ્રશ્ન :**—બે પૂનમ સંબંધી આપની માન્યતા શી છે? **ઉત્તર :—ચતુર્દશી છતી વિરાધીને પૂનમે ચતુર્દશી કરવી એ મહાપાપ છે.** માતાને ધાવવાથી બાલકની પુષ્ટિ થાય, પણ મરેલી માતાને ધાવવાથી પુષ્ટી થાય નહિ. પૂનમે ચોમાસી વિગેરે કરાય નહિ.' આવો ૧૯૯૭ના કા. સુદ ૧૫ના દિવસે ઉત્તર પાઠવનારા અને એવી માન્યતાવાળા આ.શ્રી વિજયસિદ્ધિસૂરિજી જો પહેલેથી જ હતા તો તે ૧૯૯૨માં જ નવામતમાં કેમ ભળ્યા નહિ? અને રહી રહીને ૧૯૯૭માં ભળ્યા? આનો પણ જવાબ આપશો અને પછી સિદ્ધિસૂરિજી મ. ના નામના અગત્યના ખુલાસાને ચગાવવાનું તમો પણ રાખશો.

**પર્વ. પૃ. ૧૪૦ કોલમ ૨— "પ્રશ્ન :**—આપે ૧૯૮૯માં ભા.સુ પનો ક્ષય હતો તેથી ભા. સુદ ૬નો ક્ષય માન્યો હતો, એ વાત બરાબર છે? **ઉત્તર :**—અમે તો ભા. સુદ પનો ક્ષય હતો માટે તે પાંચમનો ક્ષય માન્ય રાખી સુદ ૪માં બન્નેની આરાધના થઈ જાય છે એમ માન્યું હતું અને કર્યું તથા કહ્યું હતું."

**ખંડન નં. ૩૦**—મુનિશ્રી ! તમોને કદાચ એ વાતની જાણ નહિ હોય તો જાણી લેશો કે સં.૧૯૮૯માંઆ.શ્રી સિદ્ધસૂરિજી મહારાજ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન જ થાય એ માન્યતાવાળા હતા તેથી તેમણે ભા. સુદ પના ક્ષયે બીજાઓની જેમ ભાદરવા સુદ ૬નો જ ક્ષય કર્યો હતો' અને તે વાત જગજાહેર હતી. આ વાતને છૂપાવવા ખાતર અને બાપજી મહારાજના નામે ચરી ખાવા માટે

આ.શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ નેક નામદાર શ્રીકાન્તની સલાહ અનુસાર લખાણ તૈયાર કર્યું. તેમાં બાપજી મ.ના ભદ્રંકરવિજયજી મ.ને સાધી લઈને શંકા-સમાધાનવાળું તે લખાણ કા. સુદ ૧૫ના જ અંકમાં આવી જાય તેમ વીરશાસન કાર્યાલયને તાકીદ આપવા પૂર્વક મેટર મોકલાવી પણ દીધું !

અને બીજી બાજુ ચાતુર્માસપરિવર્તનની વિશાળ જનમેદનીનો લાભ લઈ **'આ.શ્રી સિદ્ધસૂરિજી મ.નો અગત્યનો ખુલાસો'**વાળું તે તૈયાર લખાણ, સિદ્ધસૂરિજી મ.ને અને મેદનીને વાંચી સંભળાવીને તેની નીચે ૨૫ આગેવાનોની સહીઓ પણ કરાવી લીધી ! આ ખુલાસામાં 'ભા. સુદ ૫નો ક્ષય માન્યો-કર્યો અને કહ્યો હતો' એમ તેઓશ્રીના નામે જુઠ્ઠું જ પ્રચારવામાં આવેલ છે. બાકી સં. ૧૯૮૯માં તેઓએ ભા. સુદ ૬નો જ ક્ષય કરેલ હતો. તે અંગેનું નીચેનું રેફરન્સ વાંચવાથી સચોટ પ્રતીતિ તમને પણ થશે.

**રેફરન્સ નં. ૧૩**—'આત્માનંદ પ્રકાશ' પુસ્તક ૩૪ અંક ૧૨-

"જૈન સમાજમાં માનનીય ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી પ્રસિદ્ધનામ આત્મારામજી મહારાજના સંઘાડાના સુપ્રસિદ્ધ આચાર્યશ્રી **વિજયકમળસૂરિજી મહારાજ,** ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજ, પ્રવર્ત્તક શ્રી કાંતિવિજયજી મહારાજ, શાંત-મૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજ આદિ સર્વ સાધુઓએ સ્વર્ગવાસી ગુરુદેવની આજ્ઞા **મુજબ સંવત ૧૯૫૨માં ભાદરવા સુદિ છઠ્ઠનો જ ક્ષય માન્યો હતો, પાંચમનો ક્ષય કોઈએ પણ માન્યો ન્હોતો. તે સમયે અમોએ પોતે પણ એ જ રીતે ભાદરવા સુદિ છઠ્ઠનો જ ક્ષય માન્યો હતો. પાંચમનો નહિ.**

જૈનચર્ચાના લેખકે લખેલા આચાર્યશ્રી વિજયનીતિસૂરિજી,

આચાર્યશ્રી વિજયનેમિસૂરિજી, આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી, આ.શ્રી વિજયદાનસૂરિજી, આચાર્યશ્રી વિજયસિદ્ધસૂરિજી, આચાર્યશ્રી વિજયપ્રેમસૂરિજી. આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરિજી વિગેરે **તમામ સાધુઓએ સંવત ૧૯૮૯માં પણ સંવત ૧૯૫૨ની માફક ભાદરવા સુદિ છઠ્ઠનો જ ક્ષય માન્યો હતો પાંચમનો તો નહીં જ.**

મતલબ કે—આજ સુધીમાં તપગચ્છના કોઈપણ આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ, પ્રવર્તક, ગણી કે સામાન્ય સાધુએ ભાદરવા સુદિ પાંચમનો ક્ષય કોઈ વખતે પણ માન્યો નથી એ નિર્વિવાદ વાત છે. *જો કે-સં ૧૯૫૨ માં જોધપૂરી ચંડુ પંચાગમાં ભાદરવા સુદિ પાંચમનો* ક્ષય હતો પણ **તપગચ્છની પરંપરા મુજબ** તિથિનો ક્ષય ન જ થઈ શકે આ કારણને લઈ કેટલીક ચર્ચા ઉપસ્થિત થઈ હતી. અંતે ઘણા બીજા અન્યપંચાગોમાં છઠ્ઠનો ક્ષય હોવાથી એકલા ચંડુપંચાગને માન ન આપી સકળ શ્રી તપગચ્છના અનુયાયીઓએ અન્ય બીજા પંચાંગોના આધારે ભાદરવા શુદિ છઠ્ઠનો જ ક્ષય માન્યો હતો. અને એ જ પ્રમાણે સંવત ૧૯૮૯માં પણ ચંડાશુંચંડુ પંચાંગને માન ન આપતા બીજા અન્ય પંચાગોને માન આપી ભાદરવા શુદિ છઠ્ઠનો જ ક્ષય માનવામાં આવ્યો હતો. પાંચમનો નહિ."

તા. ૧૮-૫-૩૭ (સં ૧૯૯૩)<br>
ખંભાત અંબાલાલ પાનચંદ<br>
જૈનધર્મશાળા<br>
**વિજયવલ્લભસૂરિ**

*

**ખંડન નં. ૩૧**—પૂ. આ.શ્રી વિજયવલ્લભસૂરિજી મ.ના આ તા.૧૮-૫-૧૯૩૭ (વિક્રમ સં. ૧૯૯૩) ના નિવેદનમાં સ્પષ્ટ જણાવે છે કે—"આ શ્રી વિજય કમલસૂરિજી મ., ઉ. વીરવિજયજી મ., આ. વિજયનીતિસૂરિજી મ., આ.શ્રી વિજયનેમિસૂરિજી મ., આ.શ્રી. વિજયદાનસૂરિજી મ., આ.શ્રી સિદ્ધિસૂરિજી મ., આ.શ્રી વિજયપ્રેમ-સૂરિજી મ. તથા નવામતી આ. શ્રીવિજયરામચંદ્રસૂરિજી સુદ્ધાં બધાએ ૧૯૫૨ અને ૧૯૮૯માં છટ્ઠનો જ ક્ષય કર્યો હોવાનું સ્પષ્ટ જણાવે છે. જ્યારે આ.શ્રી.રામચંદ્રસૂરિજી, નવામતી લેખકો અને તમો સુદ્ધાં પણ ભાદરવા સુદ પાંચમનો ક્ષય કર્યો હતો એવું સાધુ થઈને હરદમ જુઠ્ઠું પ્રચારતાં શરમાતા નથી. શું ઉચ્ચરેલા મહાવ્રતોની તમોને જરાય ખેવના નથી ?

**પર્વ૦ પૃ. ૧૪૦ કોલમ ૨**—"આજે મહાપુરુષોના નામનો, વચનોનો ફાવતી 'અનુકૂળ સ્વાર્થીવાતો માટે દુરૂપયોગ કરવાની ફેશન' ચાલી છે તેમાં કઈ જાતની ગુરુભક્તિ છે કે ગુરુનું ગૌરવ વધારાય છે તે જ સમજાતું નથી. આત્મહિતૈષીઓએ તેમના હૈયાના સાચા ભાવોને ગ્રાહ્ય કરવા હિતકર છે."

**ખંડન નં. ૩૨**—મુનિરાજશ્રી ! તમારા આ પેરેગ્રાફનું લખાણ તમોને અને તમારા નવામતી દરેક લેખકોને અક્ષરશઃ લાગું પડે છે. કારણ કે ખંડન નં-૩૧ અને તે સિવાયના આખા લેખમાં જણાવાયેલા તમારા જૂઠાણાંઓ પણ તેની મૂકસાક્ષી પૂરી રહ્યા જ છે.

**પર્વ૦ પૃ. ૧૪૨ કોલમ ૨**—"(૫) ××× સાગરજીમ. નો તર્ક સાચો હતો કે-જે સિદ્ધાન્ત, પૂનમ-અમાવાસ્યાની ક્ષય-વૃદ્ધિમાં આયોજિત થાય છે તે જ સિદ્ધાંત ભાદરવા સુદ ૪-૫ના પર્વ અંગે પણ અમલમાં મૂકાવવો જ જોઈએ. ×××"

પહેલી વાત તો એ છે કે-આ માન્યતાને કોઈપણ પ્રામાણિક શાસ્ત્રાધાર કે સુવિહિતપરંપરાનું સમર્થન છે જ નહિ, તેથી આ માન્યતા સિદ્ધાંત જ અશાસ્ત્રીય છે. અનેક મહાપુરુષોએ તેનું ખંડન કર્યું છે. ઉપર પણ આપણે જોઈ આવ્યા તે પ્રમાણે પં. રૂપ વિજયજી ગણિવર્યનો પત્ર, પૂજ્ય બાપુજી મહારાજનો ખુલાસો આદિથી અત્યંત સ્પષ્ટ થાય છે."

**ખંડન નં. ૩૩**—મુનિશ્રી ! 'પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરશની ક્ષય-વૃદ્ધિ કરવા'ના તેમજ 'ભાદરવા શુ.પની ક્ષય વૃદ્ધિએ ભા. સુદ ૩ની જ ક્ષય-વૃદ્ધિ કરવાના સંખ્યાબંધ પાઠો અને સુવિહિત આચરણાના આધારો શાસનપક્ષ તરફથી તેમજ મારા તરફથી આ.શ્રી રામચંદ્રસૂરીજી મ.ને અને તમારા નવામતીઓને અનેકવાર અપાયા છે તેમજ તે 'ખોટા હોય તો સાબિતી કરી બતાવવા' માટેની ચેલેંજો પણ અપાયેલ જ છે. તેવી રીતે મારા તરફથી સં. ૨૦૫૦માં બહાર પડેલ **'સંવત્સરી શતાબ્દિમહાગ્રંથ'**માં પણ છપાવાએલા જ છે.

આમ છતાં નવામતી આ.શ્રી વિજયરામચંદ્રસૂરિજી, વિજય-જિનેન્દ્રસૂરિજી આદિ નવામતીઓમાંથી એકેય આત્માઓએ "તે પાઠો અશાસ્ત્રીય છે-પર્વ તિથિની ક્ષય-વૃદ્ધિએ અપર્વ તિથિની ક્ષય-વૃદ્ધિ' કરવાની વાત સુવિહિત પરંપરા નથી પણ ગોરજીજતિઓની પરંપરા છે" એવી રીતે પૂરવાર કરી શક્યા નથી. છતાંપણ તમો 'ગોરજીની પરંપરા, ગાંડાની પરંપરા'ની વાતો કરવાની તમારી આદત છોડતા જ નથી. તો તે બધા શાસ્ત્રપાઠો અને સુવિહિત પરંપરાના આધારો તમારે ન જ માનવા હોય તો જેને તમે આગમ કરતાંય અધિક માનીને વાતે વાતે આગળ કરો છો તે પૂનાના ડૉ.પી.એલ વૈદ્યના

નિર્ણયને તો માનો છો કે નહિ? જણાવશો. એ જ નિર્ણયના નિષ્કર્ષમાં વૈદ્યે પણ 'પર્વતિથિની ક્ષય-વૃદ્ધિએ અપર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કરવા'ની શાસનપક્ષની વાતને જ સમર્થન આપેલું છે કે નહિ? જુઓ આ રહ્યા ડૉ. પી. એલ. વૈદ્યના શબ્દો :—

**રેફરન્સ નં.૧૪**—'જૈનપ્રવચન' વર્ષ ૧૪ તા.૩-૧૦-૧૯૪૩ પૃ.૩૨—

"××× જૈનસંઘને આરાધના માટે ઔદયિકી તિથિ જોઈએ, તિથિનો ક્ષય થાય ત્યારે તેવી તિથિનો અત્યંત અભાવ હોવાથી અપૂર્વવિધિને કરનાર એવા **क्षये पूर्वा तिथिः कार्या** એવા શાસ્ત્ર વડે **ક્ષીણતિથિની સ્થાપના, તેની પૂર્વની (અપર્વ) તિથિ પર કરાય છે તેથી ક્ષીણ તિથિ ઔદયિકી બને છે.** તેથી આરાધના માટે તેનો ઉપયોગ કરાય છે. **તે પ્રમાણે અષ્ટમી ક્ષીણ હોય ત્યાં તેની પૂર્વની સપ્તમીજ આરાધના માટે અષ્ટમી કરવી. એ પ્રમાણે ચતુર્દશીના ક્ષયે તેની પહેલાંની ત્રયોદશીનો ચતુર્દશી તરીકે સ્વીકાર કરવો** અને પાક્ષિક પ્રતિક્રમણ તે જ તિથિએ કરવું."

ડૉ.પી.એલ.વૈદ્યના ચૂકાદાના આ અંતિમ નીચોડમાં 'અષ્ટમીના ક્ષયે સાતમને જ અષ્ટમી કરવાનું, ચૌદશના ક્ષયે તેરશને દિવસે જ ચૌદશ કરવાનું' અર્થાત્ આઠમના ક્ષયે સાતમનો અને ચૌદશના ક્ષયે તેરશનો ક્ષય કરવાનું સ્પષ્ટ જણાવે છે કે? વૈદના આ કથનો તમોને માન્ય છે કે-શાસનપક્ષે ધરેલા પાઠો અને આધારોની જેમ તેનેય અશાસ્ત્રીય અને અમાન્ય ગણો છો? જવાબ આપશો.

**ખંડન નં ૩૪**—આ જ પેરામાં તમોએ પં.શ્રી રૂપવિજયજી મ.નો અને બાપજી મહારાજના મહત્વના ખુલાસાનો પણ રદીયો આપેલ છે. આ બંનેય રદીયાઓ કેવા તર્કટી અને પોકળ છે તે

રેફરન્સ નં-૨ અને ખંડન નં-૨૬ થી ૩૧ સુધીમાં મેં જણાવેલ છે. જે તમો ફરી ફરી વાંચી લેશો.

**પર્વ. પૃ. ૧૪૦ કોલમ ૨**—"શ્રી શ્રાદ્ધવિધિ, તત્ત્વતરંગિણી, કલ્પસૂત્ર કિરણાવલી' આદિ અનેક ગ્રંથોમાં સ્પષ્ટ જણાવ્યું છે કે 'સૂર્યોદય વખતે જે તિથિ હોય તે જ પ્રમાણ કરવી' આ વાત માનવાથી એક પણ તિથિની વિરાધના થતી (નથી) અને માર્ગ પણ યથાર્થ જળવાઈ રહે છે. તથા શ્રી સાગરજી મહારાજાના ગુરુ શ્રી ઝવેરસાગરજી મહારાજા પણ ઉદયાત્ તિથિને જ પ્રમાણ માનનારા હતા. જ્યારે શ્રી સાગરજી મહારાજે પણ 'શ્રી સિદ્ધચક'માં ઉદયાત્ તિથિ જ પ્રમાણ માનવાનું કબૂલ કરેલું છે આના ઉપરથી સુજ્ઞ વાચકવર્ગ સારી રીતના સમજી શકે છે કે—આ તો સ્પષ્ટ ઉત્સૂત્રભાષણ અને ઉન્માર્ગ પ્રેરક વચન છે. માટે કોઈપણ આત્માર્થી જીવ તેને ગ્રાહ્ય કરે પણ નહિ. જેનાથી પોતાની સંસારની વૃદ્ધિ થાય"

**ખંડન નં. ૩૫**—મુનિશ્રી ! તમે અને તમારો નવામતી સમુદાય 'ઔદયિકી તિથિ' ઉપર જેમ ભાર આપે છે તેવી જ રીતે શાસનપક્ષ પણ ઔદયિકી જ તિથિ લેવાનો હિમાયતી છે. એટલું જ નહિ; પરંતુ ક્ષીણ પર્વતિથિને જૈની સંસ્કારથી વાસિત કરીને અને તેને ઔદયિકી બનાવીને પછી જ તેની આરાધના કરે છે જ! એટલે 'ઔદયિકી તિથિ' લેવાની વાત બંને પક્ષને માન્ય છે; પરંતુ તમારે તે વાત ફક્ત બોલવામાં છે અને શાસનપક્ષને બોલવામાં તથા આચરવામાં પણ છે. કારણકે—

જ્યારે જ્યારે આઠમ, ચૌદશ આદિ પર્વતિથિઓનો ક્ષય હોય છે ત્યારે ત્યારે તે ક્ષીણપર્વતિથિઓ, સૂર્યોદયના સ્પર્શવાળી હોતી જ નથી અને તેથી તે અનૌદયિકી ગણાય છે. હવે જો 'ઔદયિકી જ

તિથિ લેવી' એવા ઉત્સર્ગ માર્ગને પકડી રાખે તો તેવી અનૌદયિકી પર્વતિથિની આરાધના શું જતી કરવી ? આ આપત્તિના નિવારણાર્થે **क्षये पूर्वा०**એ અપૂર્વ વિધિ વિધાયક અપવાદ સૂત્રનો ઉપયોગ કરવાની આજ્ઞા, યુગપ્રધાન પૂર્વધરોની હોવાથી 'ઉદયવાળી એવી સાતમ-તેરશને સ્થાને અનૌદયિકી આઠમ-ચૌદશને સ્થાપીને' તેની આરાધના કરે છે. એટલેકે- આ **क्षये-पूर्वा** પ્રઘોષે એ અપૂર્વ વિધિ કર્યો કે "ઉદયવાળી હોવા છતાં સાતમ-તેરશને અનુદયી બનાવી નાખી અર્થાત્ તેનો ક્ષય-અસ્તિત્વનો નાશ કર્યો, બીજું ઉદયમાં ન્હોતી એવી આઠમ-ચૌદશાદિને ઉદયવાળીને બનાવી, ત્રીજું પર્વતિથિ આરાધના વિનાશનો દોષ અટકાવ્યો" આમ જૈની સંસ્કાર કર્યા પછી જ તે તે પર્વણીઓનું આરાધન કરતો હોવાથી શાસનપક્ષ જ આગમપરંપરાનુસારે ઔદયિકી તિથિનો સાચો આરાધક છે.

જ્યારે તમો નવામતીઓ તો-લૌકિકટિપ્પણાંમાં સૂર્યોદય વખતે ૨-૪ ઘડી સાતમ-તેરશ હોય અને પછી આઠમ-ચૌદશ બેસતી હોય ત્યારે ૭×૮, ૧૩×૧૪ આમ અપર્વ અને પર્વતિથિ બંનેની આરાધના એક દિવસે થતી હોવાનું બોલો છો.-લખો છો-માનો છે અને મનાવો પણ છો ! આ સામે મારો તમોને પ્રશ્ન છે કે-૭અને૮, ૧૩અને૧૪ આમ બંને તિથિઓને ઔદયિકી=સૂર્યોદય સમયની ગણો છો કે એકલી સાતમ અને તેરશને ?

જો એકલી સાતમ કે તેરશને ઔદયિકી માનતા હો તો 'ઔદયિકી તિથિ બીજા દિવસના સૂર્યોદય સુધી' એટલે કે પૂરા ચોવીશ કલાક સુધી માનવાની શાસ્ત્રાજ્ઞા છે કે ? જો પૂરા ચોવીશ કલાક સુધીની તમો ૭-૧૩ આદિ અપર્વતિથિને ગણો તો અનૌદયિકી એવી આઠમ-ચૌદશની આરાધના ક્યારથી શરૂ કરશો ? કારણકે–

પર્વની આરાધના સ્વરૂપ પૌષધ, ઉપવાસ આદિ પ્રત્યાખ્યાન સૂર્યોદય પહેલાં કે સૂર્યોદયે સાધુ, શ્રાવકોને આપે તે આઠમ-ચૌદશ ગણીને કે સાતમ-તેરશ ગણીને ? જો શાસનપક્ષની જેમ સવારના પ્રતિક્રમણમાં જ પચ્ચક્ખાણ કે પૌષધ ઉચ્ચરાવવાની ક્રિયા કરો-કરાવો તો વગર પૂછ્યે 'ઔદયિકી હોવા છતાં સાતમ-તેરશને તમો પણ અનૌદયિકી ગણી અને ઉદયમાં નહિ જ હોવાં છતાં આઠમ-ચૌદશને ઉદયવાળી ગણી જ છે' એ વાત અર્થાપત્તિથી પણ સિદ્ધ થતી હોવાં છતાં 'અમે બંને તિથિનું આરાધન કરીએ છીએ' એવું મૃષાભાષણ કેમ કરો છો ? વિચારશો. અનૌદયિકી અર્થાત્ ક્ષીણપર્વ તિથિને ઔદયિકી બનાવવાના જૈનીસંસ્કારને જાણવાની ઈચ્છાવાળાઓએ મારા તરફથી બહાર પડેલ **'ઔદયિકી તિથિ વિચારણા'** બૂકનો મનપૂર્વક અભ્યાસ કરવો જરૂરી છે.

**પર્વ. પૃ.૧૪૦ કોલમ ૨**–"(૬) પૃ.૨૪ ઉપર **પ્રશ્ન : ૫૮**— તિથિનો ઝઘડો ક્યારથી શરૂ થયો ? **ઉત્તર :**— મુખ્યપણે તિથિનો પ્રશ્ન ૧૯૯૨થી શરૂ થયો અને તેના પુરસ્કર્તા આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરિ છે એમ જે કહેવાય છે તે સત્ય છે ××× આમ વિ. સંવત ૧૯૯૨થી જ વર્તમાન તિથિચર્ચાનો વિવાદ શરૂ થયો અને તેના આયોજક આચાર્ય વિજયરામચંદ્રસૂરિ હતા. દુઃખદ વાત તો એ છે કે સં. ૧૯૫૨માં છઠ્ઠનો ક્ષય કરવાની સલાહ આપીને પણ અંતમાં તો 'સંઘને અનુસરવાની' મહાનતા બતાવનારા પૂ. આત્મારામજીની જ શિષ્યપરંપરામાં થયેલા આ આચાર્યશ્રી, પોતાની મનસ્વી માન્યતા ખાતર સંઘની ઐક્યતા ખંડિત કરવાના પ્રેરક બન્યા, સર્જક બન્યા ××××"

બીજાને 'મનસ્વી'નો મનઘડંત ખોટો આરોપ-આક્ષેપ કરનારા

આવી રીતના મમત્ત્વભર્યા, કલહકારી, કદાગ્રહી 'મનસ્વી' વિધાનો કઈ રીતના કરી શક્યા છે તે સમજાતું નથી !! આવું બોલવામાં તેમની 'વાણી' ની કઈ 'પવિત્રતા' છે અને આવું લખવામાં 'લેખિની' કેમ લાજતી નથી ? **જેની જેવી જાત હોય તે અવસરે ખુલ્લી પડ્યા વિના રહે નહિ.** ××× અસત્ય એ સત્ય બનવાનું નથી અને સત્ય પોતાની સત્યતા ગુમાવવાનું જ નથી.

## મુનિ પ્રશાંતદર્શનવિ. નો ઉશ્કેરાટ, કકળાટ અને ભાષાસમિતિ

**ખંડન નં. ૩૬**—'બીજાને મનસ્વી.....થી માંડને.....સત્યતા ગુમાવવાનું જ નથી' ત્યાં સુધીનો લાંબો પેરો લખનાર મુનિશ્રીએ પોતાને છાજે તેવી ભાષાસમિતિથી ભરપૂર લખાણ મારા ઉપર ઉશ્કેરાટ અને કકળાટ ઠલવવા સિવાય બીજું કાર્ય કર્યું હોય તેવું દેખાતું નથી. અને તેમની તેવી નીતિ-રીતિ સાથે મારે કોઈ નિસ્બત નથી. પરંતુ તે પેરેગ્રાફમાં તેઓએ-સ્થાનાંગસૂત્રના પાંચમા ઠાણામાં પાંચ પ્રકારના 'દુર્લભબોધી' જીવો ગણાવ્યા છે તેમાં 'ધર્માચાર્યના અવર્ણવાદ બોલવા' તેને એક દુર્લભ બોધિનું કારણ ગણાવેલ છે. જે વાત, મારે તેમજ સહુને સંમત જ છે.

પરંતુ તે સામે મારો તેઓને પ્રશ્ન છે કે-"જેઓ, સૂત્ર વિરુદ્ધ બોલતા હોય કે ઉપદેશતા હોય, પૂર્વના મહાપુરુષોએ દેશ-કાલાદિની અપેક્ષાએ આચરેલા માર્ગોને ઉત્થાપતા હોય, ડગલે અને પગલે પોતાની માન્યતા કે વચનને ઉભું રાખવા ખોટી વાતો અને ખોટી દલીલોની રજુઆત કરીને જનતાને ભ્રમિત કરતા હોય, સંયમી જીવનમાં પણ મોટા બાંકાં પડેલા હોય, આધાકર્મી-ઔદ્દેશિકાદિ

ખાન-પાન હોંશે હોંશે આરોગતા હોય તોવા આત્માઓને પણ ધર્માચાર્યો માની લેવા ?" જવાબ આપે.

**પર્વ૦ પૃ. ૧૪૧ કોલમ ૨–**"મુખ્યપણે તિથિનો પ્રશ્ન ૧૯૯૨થી શરૂ થયો અને તેના પુરસ્કર્તા આચાર્યશ્રી વિજય-રામચંદ્રસૂરિ છે એમ જ (જે) કહેવાય છે તે સત્ય છે ×××"

આવો બિન પાયેદાર આક્ષેપ કરનારા, **ઉન્મત્તપ્રલાપતુલ્ય સને-પાતી બનેલા** સમાધાનકારશ્રીજી એ વાત ભૂલી જાય છે કે—"મારા જ કુલમાંથી આ અગ્નિ ઉત્પન્ન થયો છે" અને તેની જ્વાલાથી બળેલો-ઝળેલો એવો હું, કાળ-ઝાળ ગરમીથી ત્રાહિમામ્ થયેલો હું સિફતથી બીજાના પર તે આક્ષેપ ચઢાવું છું અને અસત્યના પ્રલાપોના ઉપર ખડી થયેલી ઈમારત ક્યારે ધરાશયથી થઈ જાય તે કહેવાય નહિ. છતાં પણ 'મારી આ ઈમારત કેવી મજબૂત છે' તેની બડાઈ જાતે જ મારી પીઢ થાબડીને કરૂં છું.

**તિથિનો ઝઘડો, ૧૯૫૨થી શ્રી સંઘમાં ઘર કરી ગયો છે.** *(જે સમયે જેમનું નામ આપે છે તે પૂજ્યશ્રીજી તો માત્ર લગભગ* સાડા પાંચ મહિનાની બાલ્યવયના જ હતા) અને તેના ઉત્પાદક આચાર્યશ્રી સાગરાનંદસૂરિજી જ છે (ત્યારના મુનિશ્રી) એ વાત જગતમાં પૂરવાર પણ થઈ ગઈ છે."

**ખંડન નં. ૩૭**—મુનિશ્રી ! આ અસંબદ્ધ પેરેગ્રાફ લખીને તમે તમારા મગજની અસમતુલા જગતને બતાવી આપી હોય તેવું શું તમને પોતાને જ નથી જણાતું ? વિચારશો. બાકી-'તિથિનો ઝઘડો. ૧૯૫૨થી શ્રી સંઘમાં ઘર કરી ગયો છે !' એવી તમારી વાત સદંતર ખોટી છે. કારણે કે-સં.૧૯૫૨ માં જ્યારે ભાદરવા સુદિ ૫નો ક્ષય આવ્યો ત્યારે દરેક સમુદાયો **પર્વતિથિનો ક્ષય ન**

**જ થાય'** એ માન્યતાના જ હતા. એટલે સં. ૧૯૫૨માં ભાદરવા સુદિ ૫ને અખંડ રાખવી અને તેને સ્થાને કઈ અપર્વ તિથિનો ક્ષય કરવો તે અંગેનો જ વાદવિવાદ, (તમારી ભાષામાં) ઝઘડો હતો. આ ઝઘડો પણ તે વર્ષ પૂરતો જ હતો અને તે પછીના વર્ષોમાં પણ જ્યારે ભાદરવા સુદ ૫નો ક્ષય આવ્યો ત્યારે સં. ૧૯૫૨ની જેમ અથવા તો બહુમતીની જેમ તે કાળના પૂજ્યો અનુસર્યા છે ! ! એટલે **'તિથિનો ઝઘડો ૧૯૫૨થી શ્રી સંઘમાં ઘર કરી ગયો છે'** એ વાત તદ્દન ખોટી અને શાસનપક્ષ ઉપર આક્ષેપાત્મક જ છે.

આમ છતાં જેને તમો તેમજ નવામતીઓ તરફથી '૧૯૫૨માં તિથિનો ઝઘડો શરૂ થયો છે અને તેના ઉત્પાદક મુનિશ્રી આનંદસાગરજી જ છે' એવી વાતો પ્રચારાય છે તેમાં તમે જે ઝઘડા તરીકે ગણાવો છો તે ઝઘડો ફક્ત એક દિવસ અને એક તિથિ પૂરતો જ હતો નહિ કે—બારે માસનો અને બારેય તિથિ અંગેનો ! બારેય માસનો બારેય પર્વતિથિની ક્ષય-વૃદ્ધિનો ઝઘડો તો **સં. ૧૯૯૨ના શ્રાવણ માસથી અને તે પણ આ.શ્રી વિજયરામ-ચંદ્રસૂરિજી મ.ના કદાગ્રહને જ આભારી છે.** કે જે ઝઘડો, ગામેગામના શ્રીસંઘોમાં અને ઘરે ઘરમાં ક્લેશ-કંકાસની હોળી પ્રગટાવનારો આજે પણ અનુભવાય છે. તો સત્ય વાતની રજુઆત કરનારને બદનામ કેમ કરો છો ? અને '૧૯૫૨માં રામવિ. તો ૫ાા મહિનાના હતા' એવો લૂલો બચાવ કેમ કરો છો ?

**પર્વ૦ પૃ. ૧૪૨ કોલમ ૧**—"રા.રા. શ્રી શ્રીકાન્ત 'ભગવાન મહાવીરદેવ'ની પુસ્તિકામાં (પૃ. ૩-૪) ઉપર લખે છે કે—"××× છેલ્લાં કેટલાક વર્ષોથી મારી એ માન્યતા સતતપણે દ્રઢ થતી આવી

છે કે–'સાગરાનંદસૂરિ, એ વર્તમાનકાળના એક ભયંકર ઉત્સૂત્રપ્રરૂપક છે' જ્યારે જ્યારે પ્રસંગ પ્રાપ્ત થયો ત્યારે ત્યારે મેં આ વાતની જાહેરા પણ કરી જ છે. xxx" "xxx પણ અંગત રીતે એ હું સાગરજીને ભયંકર ઉત્સૂત્રપ્રરૂપક માનું છું એટલે મને નોકરીમાં રોકવાની વાત નિરર્થક છે" વિગેરે."xxx કારણકે–આ તો સાચા સત્યના નિર્ણયનો સવાલ છે. વર્તમાનમાં ચાલતી તિથિદિન- સંબંધી ચર્ચાને અંગે પણ હું તેમને ઉન્માર્ગગામી માનતો હોઈ, આ રીતિએ *કરવાને તૈયાર છું xxx"*

**ખંડન નં. ૩૮**—દીક્ષાથી પતિત થયા પછી ગૃહસ્થપણામાં પણ છેલ્લી પાયરીએ પહોંચી જવા પામેલ, સં. ૧૯૯૮ના પાલીતાણા મોતી સુખીયાની ધર્મશાળામાં ચતુર્વિધ સંઘની ભરચક સભા વચ્ચે 'સંઘ બહાર' થનાર કે જેને માટે વિ. સં. ૧૯૯૭માં બહાર પાડેલ **'પાલીતાણામાં પતિતનું પાખંડ'** નામની ચોપડીમાં–"આમ સાધુમાંથી પતિત થયા બાદ સાધુ વિરોધી નશાના ઘેનમાં પડેલા, દયાજનક જીવન જીવતા માણસને એટલી જ વિનંતી છે કે–હવે નશાનો ઘેન ઉતારી નાખી 'હું સાધુમાંથી પતિત કેમ થયો ?' એ નામની ચોપડી બહાર પાડી, ત્યારબાદ 'હું અધમમાર્ગે કેમ વળ્યો ?' એ નામની બીજી ચોપડી બહાર પાડી (પાડ્યા) પછી 'શાસ્ત્રાજ્ઞા મુજબ સાધુમાંથી પતિત થયાનો થયેલો પસ્તાવો અને કરેલું પ્રાયશ્ચિત'એ ચોપડી બહાર પાડી અને 'શાસ્ત્રાનુસારી સમાજમાંથી કેમ દૂર થયો ?' એ નામની છેલ્લી ચોપડી છપાવી કોઈ એકાંત જગ્યામાં જઈ કરેલા પાપ અને અધમ કાર્યોનો પસ્તાવો અને પ્રાયશ્ચિત્ત કરી, પર નિંદા અને પરચર્ચામાથી દૂર રહી એકાંતે તપશ્ચર્યા અને ધર્મકાર્યો કરી કર્મોને શુદ્ધભાવે ખપાવશો તો આ ભવમાં અને પરભવમાં પણ

કલ્યાણ થશે." ઈત્યાદિ લખવાદ્વારી જે આત્માને દીક્ષાથી પતિત થયેલો, નીચ કામો કરનાર અને જેને કોઈપણ ધર્મીને ત્યાં સ્થાન ન મળે તેવા આત્માને તથા **'પોતાના અસંયમી જીવનની રજેરજ માહિતીવાળા આત્માને તરછોડવામાં સાર નથી'** તેવું સમજીને જેને તમે 'રાજમાન રાજેશ્રી'ના બિરુદથી અત્યારે નવાજી રહેલા છો તે નેકનામદાર શ્રીકાન્તને આ.શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજે પોતાના કુમતને ફેલાવવા માટે તેને સ્થાન આપેલ. જે વાત જગજાહેર પણ છે. આવા આત્માના 'રા. રા. શ્રી'ના માનવંતા ખિતાબથી તમે પણ તમારા સ્વાર્થની સિદ્ધિ માટે નવાજો તેમાં કોઈ આશ્ચર્ય નથી જ તેમજ તેવી હલકટ કોટિનો આત્મા, જીવંત આગમ ગણાતા પૂ. આગમોદ્ધારકશ્રી માટે યદ્વા તદ્વા લખે તેમાં પણ આશ્ચર્ય જેવું કાંઈ જ નથી જે જાણશો.

**પર્વ૦ પૃ. ૧૪૨ કોલમ ૧**—"પ્રાપ્ત ઈતિહાસના આધારે જ આપણે સાચા સત્યનું તારણ કાઢીએ. **ભૂંડને વિષ્ટા ચૂંથવામાં જ આનંદ આવે** તેમાં 'દયાળુ' પણ શું કરે ? કાદવ ઉલેખવાની–ઉછાળવાની પ્રવૃત્તિ તેમને મુબારક હો. જેને જેમાં મજા આવે તેને કોણ રોકે ? મધ્યસ્થવૃત્તિથી સત્યાસત્યને જાણીએ અને સત્યને યથાર્થ જાણ્યા–સમજ્યા પછી સત્યમાર્ગમાં જ સ્થિર થઈ, અસત્યનો પડછાયો પણ આત્માને અભડાવી ન જાય તેની કાળજી રાખવી છે."

**ખંડન નં. ૩૯**—મારા વડિલો માટે, મારા માટે અને શાસન-પક્ષને માટે આવેશાધીન બનીને તમોએ જે–"કદાગ્રહી, પૂર્વગ્રહપીડિત, ઝઘડાના મૂળ કર્ણધાર, સંઘની એકતા તોડનાર, હડહડતા જુઠાણાં ફેલાવનાર, અખંડ તેજોદ્વેષ–માત્સર્યવાળા, ભૂંડ, કાદવ ઉલેચનાર, ભ્રમિત કરવાનો હીન પ્રયત્ન કરનાર" આદિ યથેષ્ટ શીરપાવો આપેલા

છે તે તમારી શિષ્ટવૃત્તિ અને ભાષાસમિતિને જણાવનારા હોઈ તેની ઉપેક્ષા કરું છું.

છતાં આ પેરામાં તમો—'ભૂંડને વિષ્ટા ચૂંથવામાં જ આનંદ આવે તેમાં 'દયાળુ' પણ શું કરે ?' એવું લખેલ છે તે યથાર્થ જણાય છે. કારણકે–તમારા નવામતીઓ તરફથી જે લખાણો થાય છે તેનો જ પ્રતીકાર મારા તરફથી થાય છે એટલે **તમારા બધાના તે લખાણો વિષ્ટા જેવા જ છે** એમ તમો તમારા હાથે કબૂલો છો તે શું ઓછા આનંદનો વિષય ગણાય ? વિચારશો. મને ભૂંડ સાથે ઘટાવો એ તો તમારી કેવી લાયકાત છે તે સાબિત કરનાર હોઈ મારા મનને તેથી સંતોષ છે.

બીજી વાત–તમારા નવામતી લેખકો તરફથી જે જે સાહિત્ય બહાર પડે છે અને તેમાં જે જે આધારો કે પાઠો રજુ કરો છો તે દરેકના શાસનપક્ષ તરફથી સચોટ ઉત્તરો આપીને અપાયેલા આધારો અને સાહિત્યને પાંગળાં અનેકવાર બનાવી દીધા છે છતાં તેની તે આધારોરૂપ વિષ્ટા જ ચૂંથવામાં તમોને પણ આનંદ કેમ આવે છે ? જણાવશો.

**પર્વ૦ પૃ. ૧૪૨; કોલમ ૨**—પૂ. ઉપા.શ્રી વિનયવિજયજી મ.ની કલ્પસુબોધિકાનો પાઠ રજુ કર્યા પછી તમો લખો છો કે–

"આથી પણ સ્પષ્ટ સમજી શકાય છે કે–**પહેલાં ચૌદશના સ્થાને બે તેરશો પૂર્વપુરુષો નહતા કરતા, પરંતુ બે આઠમ ને બે ચૌદશ વગેરેને બે આઠમ બે ચૌદશ તરીકે કાયમ રાખતા હતા.** જો બે ચૌદશની બે તેરશ કરાય તો બે ભાદરવાની જગ્યાએ બે શ્રાવણ કરવાની આપત્તિ આવે જે કોઈને પણ ઈષ્ટ નથી જ."

**ખંડન નં. ૪૦**—મુનિશ્રી ! પૂ. ઉ.શ્રી વિનયવિજયજી મહારાજે કલ્પસૂત્રમાં જે બે આઠમ અને બે ચૌદશની વાત લખી છે તે વાત, લૌકિક ટીપ્પણાને આધારે લખી છે કે–લોકોત્તર ટીપ્પણાને આધારે ? આ પ્રશ્નનો જવાબ, હૃદયમાં સાધુતાને અને સત્યને સ્થાન આપવાપૂર્વક આપશો. જો–લૌકિક ટીપ્પણાના જ આધારે હોય તો લૌકિક ટિપ્પણામાં જે રીતે તિથિનો ક્ષય કે વૃદ્ધિ હોય તે રીતે જ લખવામાં, ગ્રંથની પૂર્ણાહૂતિ આદિ કાર્યોમાં પહેલાંના કાળમાં લખાતી હતી અને આજે પણ લખાય તેમજ બોલાય જ છે; પરંતુ આરાધના કરવાની હોય તો જૈની સંસ્કાર કરવો પડે છે કે નહિ ? જવાબ આપશો.

**ખંડન નં. ૪૧**—મુનિશ્રી ! નિરક્ષર ભટ્ટાચાર્યનીજેમ "જો બે ચૌદશની બે તેરસ કરાય તો બે ભાદરવાની જગ્યાએ બે શ્રાવણ કરવાની આપત્તિ આવે, જે કોઈને પણ ઈષ્ટ નથી જ." આવું લખતાં તમોને જરાય વિચાર પણ ન થયો કે–'આવું ફેંકી દેવા જેવું લખી હું મારું મૂર્ખપણું જગતમાં જણાવી રહ્યો છું !' કારણકે–પૂ. યુગપ્રધાન શ્રી ઉમાસ્વાતિજી મહારાજે જે આપવાદિક એવો ક્ષયે પૂર્વા૦ અને वृद्धौ उत्तरा० નો પ્રઘોષ બનાવ્યો છે તે ફક્ત તિથિને અને તેમાં પણ પર્વતિથિની જ ક્ષય-વૃદ્ધિની આરાધના અંગે જ બનાવ્યો છે નહિ કે–માસવૃદ્ધિ અંગે !! પછી તે પ્રઘોષાનુસાર 'બે ભાદરવાના બે શ્રાવણ' કરવાની વાતને સ્થાન જ કયાં રહે છે ? વિચારશો.

**પર્વ૦ પૃ. ૧૪૨ કોલમ ૨**—"આથી જ પૂજ્યપાદ આચાર્ય-દેવેશ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજે ચાલી આવતી પરંપરાને છોડી સં. ૧૯૯૨ થી નવી પરંપરા ચાલુ કરેલી છે, સકલ સંઘની અનુમતિ લીધા વિના તેમને આ પગલું ભર્યું છે, તેમની ભૂલથી સંઘમાં ઝઘડો ચાલી રહ્યો છે." આ બધી વાતોનો

સત્યાંશ જાણવો ખૂબ જ જરૂરી છે. અજ્ઞાની અને કદાગ્રહી જીવોની વાત છોડી દો પણ જે સમજુ જ્ઞાની હોવા છતાં પણ આ વાત સત્ય માને તેમની સમજ કેવી માનવી ?

સં. ૧૯૯૨માં ભાદરવા સુદ પાંચમ બે હતી. તે સમયે પૂજ્યપાદ આચાર્યદિવેશ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની શાસ્ત્રીય માન્યતા ધરાવતા પક્ષે ઉદયાત્ ચોથે સંવત્સરી આરાધના કરી હતી. બે પાંચમને એમ જ રહેવા દઈને પ્રથમ પાંચમને ફલ્ગુ માની બીજી પાંચમે પંચમી તિથિની આરાધના કરી હતી અને આરાધનાનો મૂળમાર્ગ ચાલુ કર્યો હતો."

**ખંડન નં. ૪૨**—મુનિશ્રી ! નવામતી આ.શ્રી રામચંદ્રસૂરિજીએ જ્યારે સં. ૧૯૯૨માં તમો જણાવો છો તેવો નવો તિથિમત કાઢ્યો ત્યારે તે વખતના વિદ્યમાન એવા શાસન સંરક્ષક પદસ્થોમાંથી કયા કયા પદસ્થો સાથે ચર્ચા વિચારણા કરી સહમતી સાધી હતી ? તે જણાવશો ખરા ! અરે ! ખુદ પોતાના ગુરુદેવ આ.શ્રી વિજય-પ્રેમસૂરિજી મ. અને અંગત શ્રાવકોની પણ આ પગલું ભરવા અંગેની મનાઈ હોવા છતાં મિથ્યાભિમાનને લઈને આપખુદીપૂર્વકનું આ નવો મત કાઢવાનું અવિચારી પગલું શું નથી ભર્યું ?

વળી ઉદયાત્ ચોથની સંવત્સરી કરવા જતાં અને બે પાંચમની પક્કડ રાખવા જતાં—"પૂ. ઉમાસ્વાતિ વાચકના પ્રઘોષની અવગણના, પાંચમના અવ્યવહિત સંબંધે રહેલી ચોથે સંવત્સરી કરવાની' આજ્ઞાનું ઉલ્લંઘન, ચોથ-પાંચમના જોડીયાં પર્વને ખંડિત કરવાનું પાપી પગલું" આ બધા દોષોનું ઈરાદાપૂર્વક આસેવન, એક 'ઉદયાત્' તિથિની અણસમજ ભરી પક્કડના કારણે આ.શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ કર્યું છે કે નહિ ? અને એમ કરવાથી શ્રી જિનાજ્ઞાનું આરાધન કર્યું છે

કે ભારોભાર વિરાધન કર્યું છે ? આ બધા પ્રશ્નોનો શાસ્ત્રદષ્ટિથી વિચાર કરશો તો જણાશે કે—આ.શ્રી રામચંદ્રસૂરિજીએ આ અવિચારી પગલું ભરીને શાસ્ત્ર-સમાચારીની અવગણના કરવાપૂર્વક શાસનની ઘોર ખોદવાનું પાપ જ ઉપાર્જન કરેલ હતું.

**પર્વ૦ પૃ. ૧૪૨, કોલમ ૨**—"(૧) વિ. સં. ૧૯૫૨માં ભાદરવા સુદ પાંચમનો ક્ષય હતો. ત્યારે સકલ શ્રીસંઘે ઉદયાત્ ચોથ માન્ય રાખી શ્રી સંવત્સરી મહાપર્વની આરાધના કરી હતી. જ્યારે પેટલાદમાં રહેલા શ્રી સાગરજી મહારાજ, તેમના ભાઈશ્રી મણિવિજયજી મહારાજ આદિ બે સાધુઓ અને કેટલાક શ્રાવકોએ ભાદરવા સુદ ત્રીજનો ક્ષય માની, ઉદયાત્ ભાદરવા સુદ ત્રીજને ચોથમાની શ્રી સંવત્સરીની આરાધના કરી હતી. આ પ્રસંગ ઉપરથી સુજ્ઞ વિવેકી-વાચકો સમજી શકે છે કે—તિથિનો ઝઘડો વિ. સં. ૧૯૫૨થી શ્રી સાગરજી મહારાજથી શરૂ થયો."

તે વખતે કોને કોને સંઘ માન્ય ચંડાંશુચંડુ પંચાંગની ઉદયાત્ ચોથ માની આરાધના કરેલી તેની પ્રાસંગિક નોંધ આગળ (પૂ.શ્રી બાપજી મ.ના પ્રસંગમાં) કરેલી છે."

**ખંડન નં. ૪૩**—આ વિ. સં. ૧૯૫૨ની વાત અને ઉદયાત્ ચોથે સંવત્સરીની આરાધના કરનારની તમોએ આપેલી નામાવલી કેટલી જુઠી છે તે મારા તરફથી ખંડન નં. ૨૪-૨૫માં સ્પષ્ટ જણાવાઈ ચૂકી હોવાથી તેની તે વાતનું તેમની જેમ પિષ્ટપેષણ કરવું જરૂરી નથી. વાચકોએ તે ખંડન નં. ૨૪-૨૫ના લખાણથી જ જાણી લેવું."

**પર્વ૦ પૃ. ૧૪૩, કોલમ ૧**—"(૨) વિ. સં. ૧૯૬૧માં પણ ભાદરવા સુદ પાંચમનો ક્ષય આવેલો ત્યારે પણ સકલ શ્રી સંઘે સંઘમાન્ય ચંડાંશુચંડુ પંચાંગના આધારે ઉદયાત્ ચોથની આરાધના

કરી હતી. વિશેષમાં ૧૯૫૨માં શ્રીસંઘથી જુદા પડેલા પોતાના જન્મભૂમિ કપડવંજમાં ચાતુર્માસ રહેલા શ્રી સાગરજી મહારાજે પણ 'કુવૃષ્ટિ ન્યાયે' અને **'સંઘની એકતા'ની ઓથ લઈ** 'મારી માન્યતા સુદ ૩ના ક્ષયની છે પણ સંઘમાં એકતા સચવાય તેમ ન હોવાથી હું તેનો આગ્રહ કરતો નથી' આમ કહીને **સંઘની સાથે આરાધના કરી હતી."**

**ખંડન નં. ૪૪**—મુનિશ્રી ! આ તમારું લખાણ ઈરાદાપૂર્વક સત્યને છાવરનારું અને અસત્ય દોષારોપણ કરવા સ્વરૂપનું છે. કારણ કે–વિ. સં. ૧૯૬૧ની સાલમાં પોતાની જન્મભૂમિ કપડવંજમાં ચોમાસું રહેલા પૂ. સાગરજી મહારાજે ભાદરવા સુદ ૫ના ક્ષયે સંવત્સરી, પોતે કયા દિવસે કરી છે અને કપડવંજ સંઘને કયે દિવસે કરાવી છે ? તે વાત શાસનપક્ષ તરફથી તથા મારા તરફથી પણ અનેકવાર જાહેર થઈ ગઈ છે. જે વાતથી તમો અને તમારા નવામતીઓ પૂર્ણ વાકેફ હોવા છતાં જુઠાણાં જ હાંકવાની આદતને લઈને આ.શ્રી ચંદ્રગુપ્તસૂરિજી, કીર્તિયશસૂરિજી, આ.શ્રી જિનેન્દ્રસૂરિજી, પં.શ્રી યોગતિલક વિજયજી આદિની જેમ તમોએ પણ **'આમ કહીને સંઘની સાથે આરાધના કરી હતી'** એવું તદ્દન જુઠ્ઠું કેમ પ્રચારો છો ? તમારા તે તે નવામતી બીરાદરોને આ ૧૯૬૧ અંગે સંક્ષેપથી અને વિસ્તૃત રીતે સણસણતા જવાબો અગાઉ આપેલ જ છે ! છતાં રજુ કરું છું.

## ૧૯૬૧ની સંવત્સરી અંગે આ.શ્રી કીર્તિયશસૂરિજી પં. યોગતિલક વિ. આદિના જુઠાણાંઓનો પ્રતીકાર

**રેફરન્સ નં. (૧) 'નવામતી આ.શ્રી વિજયકીર્તિયશસૂરિજીને જાહેર પ્રશ્નો'** નામની બૂકના પૃ. ૧૫ની સમીક્ષા નં. ૯૦–"આવું

ઉન્મત્તજનોચિત્ત વચન બોલનાર આ.શ્રી રામચંદ્રસૂરિજીની હયાતી દરમ્યાન મેં પોતે વિ. સં. ૨૦૩૧-૨૦૩૩માં, તેમજ ૨૦૦૪માં દર્શનવિજયજી [ત્રિપુટી] મહારાજે અને નવામતી આ.શ્રી રામચંદ્રસૂરિજી મ.ના નવામતને ચગાવવામાં અગત્યનો ભાગ ભજવનાર ઉપાધ્યાય શ્રી જંબૂવિજયજીએ શું લખ્યું છે તે જનતાની જાણ ખાતર નીચે જણાવું છું.

**દર્શનવિ૦ ત્રિપુટી**—'સં. ૧૯૯૧માં પણ તે જ પ્રસંગ બન્યો હતો અને સં. ૧૯૫૨ પ્રમાણે વ્યવસ્થા કરી હતી. ત્યારે કોઈએ ભાદરવા સુદ ૪ કે ૫નો ક્ષય કર્યો નથી. પૂ. સાગરજી મહારાજે પણ સંઘની એકતા ખાતર **સંઘને ★ અન્ય પંચાંગ માન્ય રાખવા દીધું હતું.** (આ પછી ★ મૂકી સ્ફુટનોટમાં વધુમાં લખે છે કે 'ભાદરવા સુદ ૩ના ક્ષયના હિસાબે આવતી ભાદરવા સુદ ચોથના રોજ **સકલસંઘને ખમતખામણાં કર્યા હતા** અને જણાવ્યું હતું કે મારી માન્યતા ત્રીજના ક્ષયની છે પણ તેમ કરતાં સંઘમાં એકતા ન સચવાય તો હું તેનો આગ્રહ કરતો નથી.)

**ઉ. જંબૂવિ૦**—'તિથિ સાહિત્યદર્પણ' નામની બુક પોતે લખીને છપાવેલ તે બુકના પાના ૨૧ ઉપર—"આણંદસાગરજીએ ૧૯૯૧માં પણ ભાદરવા સુદ ત્રીજે સંવત્સરી કરવાનો દાવો ધરાવ્યો હતો.'

**મારું લખાણ**—"જ્યારે પૂ. આગમોદ્ધારક આ.મ.શ્રીએ સં. ૧૯૫૨ની જેમ જ શાસ્ત્ર અને પરંપરાનુસારે **પોતે ભાદરવા સુદ ત્રીજનો ક્ષય કરવાપૂર્વક ચોથે સંવત્સરી કરેલ અને પ્રત્યેક ખામણાનો શ્રી સકલસંઘને મિચ્છામિ દુક્કડં પણ તે શાસ્ત્રાનુસારી ચોથના દિવસે જ આપેલ !** એટલું જ નહિ, પરંતુ કપડવંજ સંઘે સં. ૧૯૫૨માં બીજા પૂજ્યોની જેમ વર્તન કરેલ હોવાથી આ સાલ

પણ કપડવંજ સંઘ તેમ કરનાર હોવાથી–'ભાદરવા સુદ પાંચમના ક્ષયે ત્રીજના ક્ષયની પ્રણાલિકા જ શાસ્ત્ર અને પરંપરાનુસારી છે' એમ દાંડી પીટીને જાહેર કરવાપૂર્વક સંઘમાં ભાગલા ન પડે તે ખાતર **'શ્રીસંઘને જુદે દિવસે સંવત્સરી કરાવેલ.'**

આ બધી વાતો નવામતી પૂજ્યો પણ જાણતા જ હોવા છતાં પોતાનાં બીજા મહાવ્રતને દેશવટો આપીને આવું હરદમ જુઠ્ઠું બોલવું–છપાવવું અને પ્રચારવું કયા ભવને કાજ કરતા હશે ? તે તો જ્ઞાની જાણે.

*

**(૨) 'નાદારી નોંધાવતો નવો તિથિમત'** આ બૂકના પૃ. ૨૧ ઉપરની સમીક્ષા નં. ૧૮માં પં. શ્રી યોગતિલકવિ.ને પણ જવાબ આપતાં મેં લખેલ છે કે—

**"સમીક્ષા નં. ૧૮**—પંન્યાસશ્રી ! તમારા નવામતીઓની જેમ હડહડતું જુઠ્ઠું બોલીને તમો પણ તમારા બીજા મહાવ્રતનું લીલામ કેમ કરો છો ? શું આ વાતનો પણ જવાબ, સં. ૨૦૦૪-૨૦૩૨-૨૦૫૫ આદિના વર્ષોમાં શાસનપક્ષ તરફથી નથી અપાયો ? એ જવાબ પણ શું તમોએ નથી વાંચ્યો કે–જેથી આવું જુઠાણું હાંકો છો ? ન જાણતા હો તો તમો પણ જાણી લેશો કે–'વિક્રમ સંવત્ ૧૯૫૨ની જેમ જ સં. ૧૯૬૧માં પણ પૂ. સાગરજી મહારાજે વાંચ્યો કે–જેથી આવું જુઠાણું હાંકો છો ? ન જાણતા હો તો તમો પણ જાણી લેશો કે–'વિક્રમ સંવત્ ૧૯૫૨ની જેમ જ સં. ૧૯૬૧માં પણ પૂ. સાગરજી મહારાજે ભાદરવા સુદ પાંચમના ક્ષયે 'મારી માન્યતા તો ભાદરવા સુદ ૩ના ક્ષયની જ છે, પણ સંઘમાં વિક્ષેપ પડતો હોય તો હું સંઘને પ્રતિબંધ કરતો નથી.' એમ સંઘ સમક્ષ

જાહેર કરીને **પોતે અને સાથેના સાધુઓએ સંવત્સરી, ત્રીજનો ક્ષય કરવાપૂર્વક આગલે દિવસે કરેલ અને વળતે દિવસે શ્રીસંઘને સંવત્સરી પ્રતિક્રમણ કરાવ્યું હતું."**

*

મુનિશ્રી પ્રશાંતદર્શનવિજયજી ! ઉપર મુજબના શાસનપક્ષના ખુલાસા તથા મારી સમીક્ષાઓ તેમજ તમારા જ નવામતી ઉ.શ્રી જંબૂવિજયજીનું લખાણ પણ સ્પષ્ટ જાહેર કરે છે કે—સં. ૧૯૬૧માં કપડવંજમાં આનંદસાગરજી મહારાજે પણ ભાદરવા સુદ ૫ના ક્ષયે ત્રીજનો ક્ષય કરી સંવત્સરી કરી હતી. છતાં પણ તમારેય—"××× શ્રી સાગરજી મહારાજે પણ 'કુવૃષ્ટિ ન્યાયે' અને 'સંઘની એકતા'ની ઓથ લઈને 'મારી માન્યતા સુદ ૩ના ક્ષયની છે પણ સંઘમાં એકતા સચવાય તેમ ન હોવાથી હું તેનો આગ્રહ કરતો નથી.' **આમ કહીને સંઘની સાથે આરાધના કરી હતી"** એવું સદંતર જુઠાણું ફેલાવીને જનતાને ખોટી રીતે ભ્રમિત કરવાનો પાપી ધંધો હાથમાં કેમ ઝાલવો પડ્યો છે ? જણાવશો.

**પર્વ૦ પૃ. ૧૪૩ કોલમ ૨**—વિ. સં. ૧૯૮૯ની વાત લખતાં મુનિશ્રી લખે છે કે—'જ્યારે પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરી 'ઉદયાત્ ચોથને પાંચમ અને ઉદયાત્ ત્રીજને ચોથ કરી આરાધના કરનારા શ્રીસાગરજી મહારાજાનો સમુદાય."

**ખંડન નં. ૪૫**—મુનિશ્રી ! આ લખાણ કરવામાં પણ તમે જુઠાણાંનો જ આશ્રય લીધો છે. કારણકે—વિ. સં. ૧૯૮૯માં પૂ. સાગરજી મહારાજના સમુદાય ઉપરાંત તેમના સાધુઓ જ્યાં જ્યાં ચાતુર્માસો રહ્યા હતા તે તે ક્ષેત્રના શ્રીસંઘોએ પણ ભાદરવા સુદિ ૫ના ક્ષયે ત્રીજનો જ ક્ષય કરવાપૂર્વક સંવત્સરીની આરાધના કરી હતી. એટલું

જ નહિ પરંતુ સં. ૧૯૫૨ અને ૧૯૬૧ની સંવત્સરી સુધીમાં પણ નહિ ભળેલા એવા મુનિશ્રી દર્શનવિજયજી (ત્રિપુટી) મહારાજ આદિ સાધુઓ પણ ભાદરવા સુદ ૫ના ક્ષયે ત્રીજના જ ક્ષયની માન્યતાવાળા થઈને સંવત્સરી પર્વારાધન કરેલ. તદુપરાંત બીલીમોરા, કઠોર, છાણી, વેજલપુર, સુરત-ગોપીપુરા, સુરત-વડાચૌટા, દમણ, ધાર, ઈન્દૌર, જાવાલ આદિ ગામોના શ્રીસંઘોએ પણ પૂજ્ય સાગરજી મહારાજની જેમ શાસ્ત્ર-પરંપરાનુસારે જ સંવત્સરી કરેલ હતી. પછી--**'એકલા શ્રી સાગરજી મ.નો સમુદાય'** એમ કેમ જુઠું લખો છો ?

**પર્વ૦ પૃ. ૧૪૩ કોલમ ૨**—આ રીતે વિ. સં. ૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯માં ભાદરવા સુદિ પાંચમનો ક્ષય, સંઘ માન્ય જોધપુરથી પ્રગટ થતાં ચંડાંશુચંડુ પંચાંગમાં આવેલો. અને સકલ શ્રીસંઘે—તપાગચ્છે માન્ય રાખ્યો હતો. (કેટલાકોએ બીજા ટિપ્પણાનો આધાર લઈ ભાદરવા સુદિ છઠનો ક્ષય માની મન મનાવ્યું, પણ આરાધના તો ઉદયાત્ ચોથે જ કરેલી.) જ્યારે **૧૯૬૧ સિવાય** ૧૯૫૨ અને ૧૯૮૯માં શ્રી સાગરાનંદસૂરિજી મહારાજા સકલ શ્રીસંઘથી જુદા પડ્યા. **આથી સંવત્સરી સંબંધી ઝઘડાના મૂળ કર્ણધાર** કોણ હતા. અને કયારથી તેના બીજ નંખાયા તે વિવેકી વાચકો સારી રીતે સમજી શકશે.

**ખંડન નં. ૪૬**—મુનિશ્રી ! પક્ષમમત્વને કારણે 'તમોને બીજા મહાવ્રતની ખેવના રહી નથી, તેમજ વાતે વાતે તદ્દન જુઠા બોલા છો' એ વાતની જનતાને પણ પ્રતીતિ મારી આ બૂકમાં મેં ડગલે ને પગલે કરાવી છે તેવી રીતે–'આ રીતે વિ. સં. ૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯માં ભાદરવા સુદિ પાંચમનો ક્ષય, સંઘમાન્ય જોધપુરથી પ્રગટ થતાં ચંડાંશુચંડુ પંચાંગમાં આવેલો અને સકલ શ્રીસંઘે તપાગચ્છે

માન્ય રાખ્યો હતો.' આ વાત લખી 'સકલ તપાગચ્છે તે તે વખતે પાંચમનો ક્ષય માન્ય રાખ્યો હતો' એવું ગર્ભિત જણાવવામાં તમે કેવા જુઠ શિરોમણી છો તેની તમને, તમારા સમુદાયને અને જનતાને પણ પ્રતીતિ થાય તે માટે તમારા વડદાદાગુરુનું જ રેફરન્સ રજુ કરું છું. આંખો ખોલીને વાંચશો.

**રેફરન્સ નં. ૧૫**—'વિવિધપ્રશ્નોત્તર' ભાગ બીજો, પૃ. ૨૮૦-૨૮૧—

"**(૧૬૦) પ્રશ્ન :**—સં. ૧૯૮૯ના ભાદરવા સુદિ ૫નો ક્ષય થાય છે તો સંવત્સરી કઈ તિથિએ કરવી? **ઉત્તર :**—ભાદરવા સુદિ ૫નો ક્ષય ચંડુપંચાંગમાં છે, પણ બીજા ઘણાં પંચાંગોમાં ભાદરવા સુદિ ૬નો ક્ષય થાય છે, તેથી **સુદિ ૬નો ક્ષય માનવાથી** પર્યુષણમાં તિથિની વધઘટ કરવા જરૂર રહેશે નહિ. **સં. ૧૯૫૨ની સાલમાં પણ આ પ્રમાણે હતું અને શ્રી તપગચ્છના મ્હોટા ભાગે ભાદરવા સુદિ ૬નો ક્ષય માની** ભાદરવા સુદિ ૪ની સંવત્સરી કરી હતી. સં. ૧૯૬૧માં પણ ભાદરવા સુદિ ૫નો ચંડુપંચાંગમાં હતો, પણ **પ્રાયઃ સર્વસંઘે છઠ્ઠનો ક્ષય માન્યો હતો.** ×××"

મુનિશ્રી! ઉપરના રેફરન્સમાં તમારા વડદાદાગુરુ તો ૧૯૫૨, ૧૯૬૧ અને ૧૯૮૯માં ભાદરવા સુદિ ૫ના ક્ષયે શ્રીસંઘે ભાદરવા સુદ ૬નો જ ક્ષય માન્યો હોવાનું જણાવે છે! જ્યારે મતાંધ બનેલા એવા તમો 'તે તે વખતે શ્રીસંઘે ભાદરવા સુદ ૫નો ક્ષય માન્ય રાખ્યો હતો' તેમ જણાવો છો તો તમો બંનેમાં વધુ ખોટાં બોલા કોણ? તે જાહેર કરશો. **બીજી વાત**—તમારા આ લેખમાં શરૂઆતથી અંત સુધી 'તિથિચર્ચાના વિવાદના ઝઘડામાં' મુખ્ય કર્ણધાર તરીકે તમોએ પૂ. આનંદસાગરજી મ.ને જ ગણાવ્યા કરીને તમારા નવામત

આ.શ્રી રામચંદ્રસૂરિજી મ.ને મુખ્ય કર્ણધાર તરીકેના શાસનપક્ષે કરેલા આક્ષેપથી બચાવી લેવાની કોશિષ કરવામાં કમીના નથી રાખી ! છતાં આ પેરેગ્રાફમાં **'સંવત્સરી સંબંધી ઝઘડાના મુખ્ય કર્ણધાર'** તરીકે આનંદસાગરજી મહારાજને ગણાવ્યા છે એ આનંદનો વિષય છે. કારણકે ૧૯૯૨ થી જે નવો મત નીકળ્યો તેનાં **'મુખ્ય કર્ણધાર તો રામચંદ્રસૂરિજી મ. જ છે'** એ વાત જગત જે જાણે છે તે વાતમાં આમ લખીને તમે મહોર છાપ મારી છે.

**રેફરન્સ નં. ૧૬**—વીરશાસન સં. ૧૯૮૯ શ્રાવણ વદિ ૬ શુક્રવાર—

"**શ્રી પર્યુષણાપર્વને અંગે**—આ વર્ષે શ્રાવણ અમાસને દિવસે ગ્રહણ હોવાથી તેમજ ચંડુપંચાંગમાં ભાદરવા સુદ પનો ક્ષય હોવાથી સમાજમાં અનેક પ્રકારની ચર્ચાઓ ફેલાઈ છે; પરંતુ આજના અંકમાં અમે **પૂ.પા. વિજયદાનસૂરીશ્વરજી મહારાજનો** બીજો ખુંલાસો પ્રગટ કરીએ છીએ. શાસ્ત્રાનુસારી પૂજ્ય શ્રમણોએ અને શ્રદ્ધાસંપન્ન શ્રાવકવર્ગે શ્રી આગામી પર્યુષણમાં નીચે મુજબ વર્તવું. એમ પૂ. સુવિહિત આચાર્યદેવો ફરમાવે છે :—

શ્રાવણ વદ બીજી બારસ, શુક્રવાર, પર્વાધિરાજ પ્રથમ દિવસ

શ્રાવણ વદ અમાવસ્યા, સોમવાર, શ્રીકલ્પસૂત્રવાંચન શરૂ

ભાદરવા સુદ એકમ, મંગળવાર, શ્રી મહાવીરજન્મ વાંચન

ભાદરવા સુદ ચતુર્થી, શુક્રવાર, શ્રીસંવત્સરી પર્વ

**ભાદરવા સુદ છઠ, રવિવાર, ક્ષય તિથિ**

આ સંબંધમાં ઘણો ઉહાપોહ થયેલો હોઈને અજ્ઞાન આત્માઓ ઉન્માર્ગે દોરાઈ જાય નહિ, તે માટે ખુલાસો કર્યો છે—**વધુમાં**—

અમદાવાદમાં બીરાજતા પૂ.પા. વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ, પૂ.પા. વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ, પૂ.પા. વિજયમેઘસૂરીશ્વરજી મહારાજ, પૂ.પા. ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજી મહારાજ, ભાવનગરમાં બીરાજતા પૂ.પા. વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ, ખંભાતમાં બીરાજતા પૂ.પા. વિજયદાનસૂરીશ્વરજી મહારાજ, પાટણમાં બીરાજતા પૂજયપાદ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ, રતલામમાં બીરાજતા પૂ.પા. વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજ, રાધનપુરમાં બિરાજતા પૂ.પા. વિજયકનકસૂરીશ્વરજી મહારાજ અને પૂજ્યપાદ વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજ, મુંબઈમાં બિરાજતા પૂ.પા. પંન્યાસશ્રી ભક્તિવિજયજી મહારાજ, પાલીતાણામાં બિરાજતા ડહેલાવાળા પૂ.પા. પંન્યાસશ્રી ધર્મવિજયજી મહારાજ, કપડવંજમાં બિરાજતા પૂ.પા. પંન્યાસશ્રી કુમુદવિજયજી મહારાજ આદિ ઉપર પ્રમાણે જ ચાલુ વર્ષના પર્વાધિરાજની આરાધના કરવા–કરાવવાના છે."

*

**ખંડન નં. ૪૭**—મુનિશ્રી ! તમોએ આ પેરેગ્રાફમાં–'આ રીતે વિ. સં. ૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯માં ભાદરવા સુદિ પાંચમનો ક્ષય, સંઘ માન્ય જોધપુરથી પ્રગટ થતાં ચંડાંશુચંડુ પંચાંગમાં આવેલો અને સકલ શ્રીસંઘે–તપાગચ્છે તે માન્ય રાખ્યો હતો' એવું જે લખ્યું તે લખવામાં તમે કેટલા સાચા છો તે આ રેફરન્સ નં. ૧૬ બતાવી આપે છે. તમારા જ વડદાદાગુરુ તરફથી બહાર પડેલ છે અને તેમાં પાંચમના ક્ષયે છઠનો ક્ષય કરનારા કેટલા છે તેનું લીસ્ટ પણ આપેલ છે જ. તો હવે ૧૯૮૯માં પાંચમનો ક્ષય કોણે કોણે કર્યો હતો તેનું સાચું લિસ્ટ, તમો બહાર પાડશો ખરા કે ?

**પર્વ૦ પૃ.૧૪૩ કોલમ ૨**–"વિ. સં. ૧૯૯૦માં અમદાવાદમાં

સકલગચ્છોનું સંમેલન ભરાયું, તે વખતે શાસનપક્ષ તરફથી પૂ. બાપજી મહારાજા, પૂ. શ્રી મેઘસૂરિજી મહારાજા, પૂ.શ્રી દાનસૂ. મહારાજા, પૂ. લબ્ધિસૂ. મહારાજ આદિ ધુરંધર પ્રભાવક સમર્થ આચાર્ય ભગવંતો હતા તે છતાં પણ શ્રીજૈન સંઘમાં મધ્યાહ્ન કાળના સૂર્યની જેમ ઉદિત થયેલી, તેજસ્વી 'મુનિશ્રી રામવિજયજી'ના નામે સુવિખ્યાત શક્તિ ઉપર (ત્યારે પૂ. પંન્યાસજી) તે સર્વેએ સંપૂર્ણ વિશ્વાસ મૂકી તેમને જ અગ્રેસર બનાવ્યા હતા."

**ખંડન નં. ૪૮**—મુનિશ્રી ! પહેલાં એક ખુલાસો કરો કે–તમોએ આ પેરામાં જે આચાર્યોના નામો જણાવ્યા છે તે આચાર્યોના પ્રતાપે વિ. સં. ૧૯૯૦નું રાજનગર મુનિસંમેલન ભરાયું હતું કે–પૂ. આ.શ્રી વિજયનેમિસૂરિજી મ., પૂ. આ.શ્રી આનંદસાગરસૂરિજી મહારાજ તથા નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈની વ્યવહાર કુશળતા અને સમયસૂચકતાથી ભરાયું હતું ? સત્ય બોલશો. **બીજી વાત**–તે સંમેલન, સકલ ગચ્છોનું એટલે કે તપાગચ્છ, ત્રણ થોયા, આંચલિક, સ્થાનકવાસી, તેરાપંથી, દિગંબર આદિ બધા ગચ્છોનું હતું કે–માત્ર તપગચ્છ જૈન સંપ્રદાયનું ? તે વખતના પં. શ્રી રામવિ. મ. કે જેમને માટે 'તેમની સુવિખ્યાત શક્તિ ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકી તેમને જ અગ્રેસર બનાવ્યાં'નું તમો જણાવો છો તેમ તમારાજ લખેલા નામવાળા આચાર્યોએ તેમને અગ્રેસર બનાવ્યા હતા કે—સંમેલનમાં પધારેલા બીજા ધુરંધર આચાર્યો અને બીજા બધા સાધુઓએ ? આ બધી વાતોના ખુલાસા કરશો. મારી સમજ પ્રમાણે અને સંમેલન અંગેના પ્રાપ્ત ઈતિહાસ મુજબ તો તેમની ગણત્રી ફક્ત સામાન્ય સાધુરૂપે જ હતી છતાં તમો તેઓને 'મોટા ભા' તરીકે રજુ કરો છો તો તેવું જગત માની ન લે તે ખાતર સં. ૧૯૯૨નું રેફરન્સ

રજુ કરું છું. જેનાથી તમોને તેમજ જગતને પં. રામ વિ. મ.નું ૧૯૯૦ના સંમેલનમાં કેવું મૂલ્યાંકન હતું તેની પ્રતીતિ થશે.

**રેફરન્સ નં. ૧૭**—'દિશા ફેરવો' ભા. ૧ પૃ. ૧૭—

**"સંમેલનની વાતો'** રજુ કરવી હોય તો સત્ય રીતે રજુ કરો ! **સંમેલન તોડવામાં યુવકો તરફનો જેટલો ભય ન્હોતો, એટલો જ આપના તરફથી હતો.** આવડત અને અનુભવ વિના, વહેવારકુશળતા અને વણિક નીતિના જાણ એવા સમર્થ વિદ્વાન અને વિચક્ષણ શાસનસુકાનીઓ પ્રત્યે તે પ્રસંગે પણ આપની **કરડી આંખમાં કીન્નાબુદ્ધિ જ ઉછળતી હતી ને ?** પરિણામે શું સાંભળવું પડ્યું હતું તે ખ્યાલ છે ને ?

પૂ. શ્રી નંદનસૂરીશ્વરજી કહે છે કે—**એ રામવિજય ! બહુ શું બોલો છો ? બલ્કે તમારા સિવાય સંમેલનનું કામ પડ્યું નહિ રહે ! સંમેલનનું કામ સંમેલન કરશે જ !** આમ હડધૂત બન્યા પછી તો માણસે સમજવું જોઈએ ને કે—હું કાંઈક ખામીવાળો તો હોઈશ ! સંમેલનમાં સાડા ચારસો જેટલા સાધુવર્યોની હાજરીમાં પણ આપશ્રી, **હેતમુનિની સામે** પ્રગટ જુઠું બોલ્યા જ હતા ને કે—'અમારે અને શ્રી વલ્લભસૂરિજી નેકાંઈ જ વાંધો નથી.' બસ ને ! આ સાચું બોલાયું હતું ને ? તો પછી રહી રહીને આપે છેલ્લે દિવસે કોના વાંધાથી **સંમેલન તોડવાનો કારમો ત્રાગડો રચ્યો હતો ?**

સારું થયું કે પૂ.શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજને પૂ. શ્રી સાગરજી મહારાજાએ સમજાવી લીધા અને છેવટે **આપ એકલા પડી જવાથી સમય ઓળખીને હામાં હા મેલાવી દીધી ! નહિ તો એ અપૂર્વ સંમેલન તોડવાની કાળી ટીલી પણ આપને ભાલે જ ચોંટત ને ?** એ પણ વહેંચાતી આવે એટલા જ માટે બાપજીને પાંખમાં ઘાલ્યા હતા

ને ? કોઈને પડખે ચડીને દશા તો ઠીક કરો છો ! 'સંમેલનમાં શ્રી વલ્લભસૂરિજીના મુખની કબુલાતો આવી આવી થઈ છે, હવે તેઓ કેમ વર્તે છે તે જોવું રહે છે' એવા પ્રકારનું શ્રી વીરશાસનમાં લખાણ બહાર પડવીને **પહેલાઓને લજ્જા છોડાવીને પ્રથમની માન્યતામાં દૃઢ રહેવાના સંજોગ ઉભા કરી દીધા, એ જ કર્યું ને ?**

રાધનપુરમાં સુપનાનું દ્રવ્ય, દેવદ્રવ્ય સિવાય બીજે જવામાં વાંધો ઉઠાવીને વ્યાખ્યાન ન વાંચ્યું તે વ્યાજબી કર્યું હતું કે–'મુંબઈમાં સુપનાનું દ્રવ્ય, દેવદ્રવ્ય સિવાય બીજે લઈ જાય છે' એમ માલુમ હોવા છતાં ત્યાં આપે આપના સાધુઓ પાસે વ્યાખ્યાન વંચાવ્યું જ ! તે વ્યાજબી કર્યું હતું ? હા, હા. આ વખતે તો સંવત્સરી નવી જ નીપજાવી હતી ને ! જેથી પોતાના પક્ષનું (એમ કરીને પણ) એકાદ સ્થળ વધતું હોય તો આટલા આટલા સ્થળે તો આટલી સંવત્સરી થઈ જ છે. એમ ચીતરવા થાય ને !!" વગેરે વગેરે.

* * *

**પર્વ૦ પૃ. ૧૪૩ કોલમ ૨**—"તે વખતે પ્રસંગ પામીને આપણા પક્ષના પૂજ્ય આચાર્ય ભગવંતોએ આ તિથિના વિવાદનો નિવેડો લાવવા પ્રયત્નો કરેલા ત્યારે તેઓએ 'આ વિષય આપણા એકલા તપાગચ્છનો છે અને અહીં બીજા ગચ્છોવાળા પણ આવેલા છે' એવો ઉડાઉ જવાબ આપીને આ વાત ટાળી હતી.

ત્યારે પૂજ્યપાદ પરમગુરુદેવશ્રી (પં. રામવિ.)એ ત્યાં સુધી કહેલું કે—"અહીં આપણા પ્રધાન આચાર્યો ભેગા થયા છે તો આપણે બધા અલગ બેસી, શાસ્ત્રાધારે આ તિથિપ્રશ્નનો નિવેડો લાવવા વિચારણા કરીએ." તે વાતનો પણ ધરાર ઇન્કાર જ કર્યો. 'જે ચાલતું હોય તે ચાલવા દો, આપણે શાસ્ત્ર જોવું જ નથી' આવા

ભાવનો જવાબ આપ્યો ત્યારથી માંડીને આજસુધી હજુ એમ જ ઉભો રહ્યો. શ્રીસંઘમાં એકતા માટેના પ્રયત્ન કોને કર્યા છે અને શ્રીસંઘમાં ક્લેશ–વિખવાદ–કટુતા વધે તેવા પ્રયત્નો કોના તરફથી થયા છે ચાલુ (છે) તે સૌ સારી રીતના જાણે છે."

**ખંડન નં. ૪૯**—મુનિશ્રી ! 'ક્લેશ-કંકાસની હોળી શાસનપક્ષે જ ચાલુ રાખી છે અને તમે સામેથી સં. ૧૯૯૦ની સાલથી તિથિનો પ્રશ્ન પતાવવાની માંગણીઓ કરી હતી છતાં તેઓએ સ્વીકારી નથી' એવું જનતાના દિલમાં ઠસાવવા 'અસતી સતી થવા નીકળી'ના ન્યાયે દંભ અને ધીઠાઈપૂર્વકનું નાટક ભજવવા ખાતર આ પેરેગ્રાફ તમોએ લખ્યો છે.

કારણ કે—ઘરે ઘરે અને ગામો ગામ હોળી પ્રકટાવનારો, ક્લેશ-કંકાસ અને વિખવાદ વધારનારો એવો તમારો નવો મત, વિ. સં. ૧૯૯૨ના શ્રાવણમાસે નીકળ્યો છે તો તેની પતાવટની વાત ૧૯૯૦ની સંમેલનમાં આવી કયાંથી ? કે—જેથી તમારા નવામતી પં.શ્રી રામવિજયજી મ.ને 'શાસ્ત્રાધારે આ તિથિપ્રશ્નનો નીવેડો લાવવા વિચારણા કરીએ' એમ કહેવું પડેલ ! કહો કે—જનતાના દિલમાં 'સાપ'ની જેવા વાંકા ચૂંકા હોવા છતાં' અમે તો બધી વાતે તૈયાર છીએ' એવી સરળતા બતાવવા અને ભવિષ્યમાં જુદો જ ઈતિહાસ ખડો કરવામાં ઉપયોગી થાય તેમ વિચારીને આ તદ્દન હડહડતું જુઠું લખાણ તમોએ તમારા વડિલોના નામે લખવાનું સાહસ કરેલ છે.

**ખંડન નં. ૫૦**—જો તમો આવું લખીને એમ જણાવવા માંગતા હો કે—'સં. ૧૯૫૨, ૧૯૬૧ અને ૧૯૮૯માં જે ભાદરવા સુદિ પનો ક્ષય આવ્યો હતો' તેને અંગે આ મારું લખાણ છે. તો તે વાત પણ ખોટી છે અને દિલમાં એકતા કરવાની ભાવનાથી તેવા

પ્રયત્નો, તમારા વડીલોએ કરેલા ન્હોતા; પરંતુ **'સાગર પ્રતિના ભારોભાર દ્વેષ જ હતો અને છે' તેને સફળ બનાવવા માટેનું એક નાટક ઉભું કર્યું હતું !!**

કારણ કે આ ૧૯૯૦ના સંમેલનમાં પૂ. આ.શ્રી વિજયનેમિસૂ. મ., પૂ. આ.શ્રી વિજયવલ્લભસૂરિજી મ., પૂ. આ.શ્રી નીતિસૂ. મ., પૂ. આ.શ્રી માણિક્યસિંહસૂ. મ. આદિ શાસનપક્ષના આચાર્યો તેમજ તમારા પક્ષના આ.શ્રી સિદ્ધિસૂ. મ., આ.શ્રી વિજયદાનસૂરિજી મ., આ.શ્રી વિજયમેઘસૂરિજી મ., ઉપા. પ્રેમ વિ. મ., ખુદ નવામતી પં. રામવિજયજી આદિ બધો જ વર્ગ 'ભાદરવા સુદ ૬ના ક્ષય કરવાવાળો વધુ વર્ગ છે અને ભાદરવા સુદ ૩નો ક્ષય કરનાર સાગરજી મ. એકલા જ છે' એમ વિચારી સમૂહબળના જોરે **ભાદરવા સુદ ૬નો ક્ષય ઠોકી બેસાડીને સાગરજીને એકલા પાડી દેવાની તમો બધાની બદ દાનતને** પીછાની જઈને જ 'આ વિષય, આપણા તપગચ્છનો છે અને અહીં બીજા ગચ્છોવાળા પણ આવેલા છે' એવો તેમજ 'જે ચાલતું હોય તે ચાલવા દો, આપણે શાસ્ત્ર જોવું જ નથી" એવો જવાબ તમોને શાસનપક્ષના વ્યવહારકુશળ આચાર્ય મહારાજ તરફથી જે જવાબ મળ્યો છે તે 'છાણના દેવને કપાસીયાની આંખો'એ કહેવત અનુસાર બરોબર જ હતો તેમ જાણશો.

**પર્વ૦ પૃ. ૧૪૪ કોલમ ૨**—"પૂજ્યપાદ આચાર્યશ્રી વિજય દાનસૂરિજી મહારાજાનું સં. ૧૯૯૧નું ચાતુર્માસ રાધનપુર હતું. શાસનપક્ષનાં પંચાંગ તેઓશ્રીના માર્ગદર્શન મુજબ પ્રગટ કરતા (કરાતા) હતા. તે વખતે અમદાવાદમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પૂજ્યપાદ આ.શ્રી વિજ્યસિદ્ધિસૂરીશ્વરજી મહારાજાનો તેમના પર એવા ભાવનો પત્ર આવેલો કે—"આવતા વર્ષે વિ. સં. ૧૯૯૨માં

ભાદરવા સુદિ પાંચમ બે આવે છે. તેથી સંવત્સરીનો પ્રશ્ન પાછો ઉભો થવાનો છે પણ શ્રી સાગરજી મહારાજા ફરી રહ્યા છે તેવા સમાચાર છે માટે આપણાં પંચાંગ હમણાં પ્રગટ કરાવતા નહીં કારણ કે પંચાંગ (પ્રગટ) થઈ જાય તો તેમનું પાછું વાંકું પડતા વાર લાગશે નહિ." તેથી આપણાં પંચાંગ પ્રગટ કરવામાં વિલંબ થયેલો."

**ખંડન નં. ૫૧**—મુનિશ્રી ! નવામતી તેમજ બદ્ધ હઠાગ્રહી એવા આ.શ્રી વિજયહિમાંશુસૂરિજી મહારાજે જેમ રહી-રહીને એટલે કે વિ. દાનસૂરિજી મહારાજ, વિ. સં. ૧૯૯૨માં કાલધર્મ પામ્યા પછી ૧૯૯૨થી ૨૦૪૨ સુધીના કાલ પછી અર્થાત્ ૫૦ વર્ષ બાદ **'પર્વ તિથિની આરાધના અંગે પૂ. આ. વિજયદાનસૂરીશ્વરજી મ.નું મંતવ્ય'** શીર્ષક નીચે 'નમ્ર નિવેદન' બહાર પાડીને આ.શ્રી દાનસૂરિજી મ.ના નામે ગપગોળાં હાંકેલ ! તેની કરતાં પણ ગપગોળાં હાંકવાની કળામાં તમો વધુ પાવરધા છો તેમ આ પેરેગ્રાફથી સ્પષ્ટ જણાય છે.

કારણ કે તમે આ પેરેગ્રાફમાં–"(૧) શાસનપક્ષના પંચાંગ તેઓશ્રીના માર્ગદર્શન મુજબ પ્રગટ કરાતા હતાં, (૨) તે વખતે અમદાવાદમાં બિરાજમાન પૂજ્યપાદ આ.શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજાનો તેમના પર એવા ભાવનો પત્ર હતો કે—×××" (૩) પણ શ્રી સાગરજી મહારાજા પાછા ફરી રહ્યા છે.' (૪) તેથી આપણાં પંચાંગ પ્રગટ કરવામાં વિલંબ થયેલો' આમ ચાર મહત્વના ગપગોળાં તમે ફેંક્યા છે અને સ્વબચાવ માટે સત્ય ઈતિહાસને પણ કલંકિત કરવામાં બાકી રાખ્યું નથી.

## આ ચારેય વાતોનો કરૂણ ફેજ આ પ્રમાણે

**ખંડન નં. ૫૨**—મુનિશ્રી ! આ ઉપરના પેરેગ્રાફમાં એક

નંબરમાં જે "શાસનપક્ષનાં પંચાંગ તેઓશ્રીના (વિજયદાનસૂ. મ.ના) માર્ગદર્શન મુજબ પ્રગટ કરાતા હતા" એમ લખ્યું છે તો તે અંગે વિ. સં. ૧૯૯૨નું પંચાંગ તેમના જ માર્ગદર્શન પ્રમાણે વીરશાસનમાં છપાતું હતું ને ? જવાબ આપશો. જવાબ જો 'હ'કારમાં હોય અને તમારા કહેવા પ્રમાણે આ.શ્રી વિજયદાનસૂરિજી મ. પણ લૌકિક ટિપ્પણાની જેમ જ પર્વ તિથિની પણ ક્ષય-વૃદ્ધિ માનવાના મતના હતા તો વીરશાસન વર્ષ ૧૫ અંક ૫ પૃ. ૮૦ ઉપર **'આસો વદિ ૨ના ક્ષયે ૧નો ક્ષય, આસો વદ બે ૧૪ના બદલે બે ૧૩** કેમ છપાવવાની આજ્ઞા આપી હતી ? જવાબ આપશો.

**ખંડન નં. ૫૩**—મુનિશ્રી ! બે નંબરવાળા પેરેગ્રાફમાં તમે લખો છો કે (સં. ૧૯૯૧માં રાધનપુર ચોમાસુ રહેલા આ.શ્રી વિજયદાનસૂરિજી મ. ઉપર ચોમાસામાં) "તે વખતે અમદાવાદમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પૂજ્યપાદ આ.શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજાનો તેમના પર એવા ભાવનો પત્ર આવેલો કે—'આવતા વર્ષે વિ. સં. ૧૯૯૨માં ભાદરવા સુદિ પાંચમ બે આવે છે. તેથી સંવત્સરીનો પ્રશ્ન પાછો ઉભો થવાનો છે ××× માટે આપણાં પંચાંગ હમણાં પ્રગટ કરાવતા નહીં." જો આ વાત ઉપજાવી કાઢેલી ન હોય તો હું તમોને પૂછું છું કે—ઉપર ખંડન નં. ૫૨માં જણાવ્યા પ્રમાણે 'સં. ૧૯૯૨ના ચંડાંશુચંડુ પંચાંગમાં આસો વદિ ૨નો ક્ષય અને આસો વદિ ૧૪ બે હતી' તેના બદલે 'વીરશાસન'માં આસો વદિ ૧નો ક્ષય અને આસો વદિ ૧૩ બે' જે છપાઈ તે કોના કહેવાથી ?

તમારા કહેવા પ્રમાણે આ.શ્રી વિજયસિદ્ધિસૂરિજી મ.એ સં. ૧૯૯૧માં પત્ર લખીને આ.શ્રી વિજયદાનસૂરિજી મ.ને ૧૯૯૨ના પંચાંગ છાપવાની સ્પષ્ટ ના જણાવી હતી તે વયોવૃદ્ધ આ.શ્રી

સિદ્ધિસૂરિજી મ.ની આજ્ઞાની ઉપરવટ જઈને દાનસૂરિજી મહારાજે શું આ પગલું ભરવાની ધૃષ્ટતા કરી હતી ? સ્પષ્ટ ખુલાસો જાહેર કરશો.

**ખંડન નં. ૫૪**—મુનિશ્રી ! ત્રીજા નંબરની વાતમાં "પણ શ્રી સાગરજી મહારાજા પાછા ફરી રહ્યા છે તેવા સમાચાર છે માટે આપણાં પંચાંગ હમણાં પ્રગટ કરાવવા નહીં કારણ કે પંચાંગ પ્રગટ થઈ જાય તો તેમને પાછું વાંકુ પડતાં વાર લાગશે નહિ" આમ લખવામાં તમો સાચા જ હો તો મારો તમને પ્રશ્ન છે કે–જો સાગરજી મહારાજને આ.શ્રી રામચંદ્રસૂરિજીની જેમ પર્વતિથિ ક્ષયની અને વૃદ્ધિની માન્યતામાં આવવું હોત તો ૧૯૫૨-૧૯૬૧ અને ૧૯૮૯ સુધીમાં તેઓને કોણ રોકતું હતું ? જવાબ આપશો.

**બીજી વાત**—આ.શ્રી સિદ્ધિસૂરિજી મ.ના નામે રજુ કરાતી "મારે હમણાં પંચાંગ પ્રગટ કરવવા નહિ. કારણકે પંચાંગ પ્રગટ થઈ જાય તો તેમને પાછું વાંકું પડતા વાર લાગશે નહિ' આ વાત સાચી ત્યારે માની શકાય કે નવામતી આ.શ્રી વિજયરામચંદ્રસૂરિજીની 'પર્વવિલોપક' મતની માન્યતા સં. ૧૯૯૨ના કાર્તિક મહિનાથી જ અમલમાં મૂકાવાની હોત તો; પરંતુ તેવી વાત જ નથી કારણ કે સં. ૧૯૯૨ના રહી રહીને શ્રાવણમહિને જ 'લૌકિક પંચાંગ પ્રમાણે જ તિથિની ક્ષય-વૃદ્ધિ જૈની પંચાંગમાં છાપવાની' કુબુદ્ધિ, રામચંદ્રસૂરિજીને થઈ છતાં પણ ખંડન નં. ૫૨માં જણાવ્યા પ્રમાણે ૧૯૯૨ના આસો માસ સુધીના 'પાક્ષિક પંચાંગો' તો વિજયદેવસૂર તપગચ્છની સામાચારી પ્રમાણે જ છપાવ્યા છે અને તે પ્રમાણે જ આરાધના પણ કરેલી છે ! માટે આ પણ તમારું ધીઠાઈપૂર્વકનું હડહડતું જુઠાણું 'સિદ્ધિસૂરિજીના પત્ર'ના નામે હંકારાયેલ છે.

**ખંડન નં. ૫૫**—મુનિશ્રી ! 'તેથી આપણાં પંચાંગ પ્રગટ

કરવામાં વિલંબ થયો' એ પ્રમાણે ૪ નંબરની વાતમાં જણાવો છો તે પણ સદંતર ખોટું જ છે. કારણ કે વિ. સં. ૧૯૯૨ની સાલનું તમારું પંચાંગ પણ શાસનપક્ષની માન્યતાનુસાર જ પ્રગટ થયેલું જ છે. **જે નવામતની ઉપાધિ–રામાયણ શરૂ થયું તે** વિ. સં. ૧૯૯૩ના કાર્તિકી પંચાંગથી જ થવા પામ્યું છે, નહિ કે ૧૯૯૨થી !!

**ખંડન નં. ૫૬**—નવામતી આ.શ્રી હિમાંશુસૂરિજી મ.ને દાનસૂરિજી મ.ના કાળધર્મ પામ્યા બાદ, તેમના પ્રશ્નોત્તરોના બે ભાગ પણ બહાર પડી ગયા પછી તેમના શિષ્ય–પ્રશિષ્યોના હાથમાં આવવાને બદલે હિમાંશુસૂરિજી મ.ના હાથમાં **'તિથિ અંગેના પ્રશ્નોત્તરો'** પચાસ વર્ષ પછી મળ્યા અને છપાવ્યા ! તેમ આ.શ્રી દાનસૂરિજી મ. ઉપર શ્રી સિદ્ધિસૂરિજીએ સં. ૧૯૯૧નો લખેલો પત્ર દાનસૂરિજી મ.ના શિષ્ય-પ્રશિષ્યોના હાથમાં ન આવતા રહી-રહીને ૫૪ વર્ષે ધરતીના પેટાળમાંથી શું તમારા હાથમાં આવ્યો ? નવામતમાં આવા ડીંડવાણાં ઉભાં કરી જાણનારા નામદારો કેટલા છે ? ખ્યાલમાં હોય તો નામવાર જણાવવાની તસ્દી લેશો.

**ખંડન નં. ૫૭**—વિ. સં. ૧૯૯૩ની સાલમાં અમારા દાદાગુરુ આ.શ્રી ચંદ્રસાગરસૂરિજી મહારાજ, વિદ્યાશાળામાં આ.શ્રી સિદ્ધિસૂરિજી મ.ને શાતા પૂછવા ગયેલા. તેમાં વાતચીત ચાલતાં નવા તિથિમત અંગે આ.શ્રી રામચંદ્રસૂરિજી અંગેની વાત નીકળી ત્યારે આ.શ્રી સિદ્ધિસૂરિજી મહારાજ સ્પષ્ટ બોલ્યા હતા કે–**"બે બાપનો હોય તે બે તિથિ માને, કોઈ દિવસ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થતી હશે ? અને તમે જેનું નામ લ્યો છો તે સગી માનો......તેમાનો છે"** આવું સ્પષ્ટ કહેનાર નવોમત નીકળ્યા પછી અને રહી રહીને સં. ૧૯૯૭માં નવા તિથિમતમાં ભળનાર આ.શ્રી વિજયસિદ્ધિસૂરિજી મહારાજ, તમે

જણાવો છો તેવો સં. ૧૯૯૧ના ચોમાસામાં દાનસૂરિજી મ.ને પત્ર લખે તે વાત તો ભ્રમિત મગજવાળા અને દીવાના હોય તે જ માને !!

**પર્વ૦ પૃ. ૧૪૫ કોલમ ૧**—"××× શ્રીમદ્ વિજયરામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજાને (ત્યારના પૂ. ઉપાધ્યાયજી ગણિવર્ય) સકલાગમ રહસ્યવેદી પરમ ગીતાર્થ પ. પૂ. આ.ભ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજાએ આ પ્રસંગ પામીને કહેલું કે—"હવે તું તિથિ અંગે સત્ય સમજી લે.' ત્યારે પૂ. શ્રી 'આપ છો પછી મારે શી ચિંતા ?' ત્યારે પૂ. આ.શ્રી દાનસૂ૦—'હું તો હવે ખર્યું પાન કહેવાઉં, માટે આ બધી વાત સમજી લે.'

**ખંડન નં. ૫૮**—મુનિશ્રી ! તમો આ લાંબા પેરેગ્રાફમાં ઘણી મનઘડંત વાતો લખી છે તેથી એક એક વાતના ખુલાસા કરવાનું રાખશો. ઉપરના પેરામાં લખેલી વાત, કયા ગામમાં ? કયા સંવતમાં ? કયા પ્રસંગે બની ? તેજણાવશો અને સાથોસાથ તમોને આ બધી વાતો, કઈ વ્યક્તિએ ઈતિહાસરૂપે જણાવી છે ? તે પણ જણાવશો.

**પર્વ૦ પૃ. ૧૪૫ કોલમ ૧**—"પૂજ્યપાદ શ્રીજીએ તેઓશ્રીજી (દાનસૂ.) પાસેથી તિથિવિષયક સંપૂર્ણ જાણકારી મેળવી લીધા પછી પરમ ગીતાર્થ એવા તેઓશ્રીજીએ કહેલું કે–'વિ. સં. ૧૯૯૨માં સંવત્સરીનો ભેદ આવે છે. ૧૯૯૦નું સંમેલન થઈ ગયું. તિથિનો વિવાદ ટાળવા પ્રયત્નો કર્યા તોપણ તે વાત જ વિચારી નહિ. હવે આપણે મૂળમાર્ગે પાછા આવવાનું છે. આજ સુધી આપણે પણ ખોટું કરતા હતા. હવે આપણે ખોટું કરવું જ નથી, સમજ્યા પછી સાચું જ કરવાનું છે' ત્યારે પૂજ્યપાદશ્રી (ઉ. રામવિ.) એ કહ્યું—'હું મારા તારક ગુરુદેવશ્રીજીને આ બધી વાત જણાવીશ ×××"

**ખંડન નં. ૫૯**—મુનિશ્રી ! આ.શ્રી વિજયદાનસૂરિજી મહારાજે

તમો જણાવો છો તેવો 'તિથિનો વિવાદ ટાળવા પ્રયત્નો કર્યા તોપણ તે વાત જ વિચારી નહિ' વાતને સ્થાન જ રહેતું નથી. કારણકે—સં. ૧૯૯૧-૯૨ સુધી ફક્ત ભાદરવા સુદિ ૫ના ક્ષયે શું કરવું ?' તેનો જ વિવાદ હતો અને તે વિવાદમાં પણ—**પૂ. સાગરજી મહારાજે ૧૫- ૦))ની ક્ષયવૃદ્ધિએ તેરશની ક્ષય-વૃદ્ધિ કરવાના પાઠ તથા સામાચારીના આધારે ત્રીજનો ક્ષય કરેલ અને કરવાનું રાખેલ હતું, જ્યારે તે સિવાયના વિજય-વિમલ આદિ દરેક સંપ્રદાયના પૂજ્યોએ આત્મારામજી મ.ના સં. ૧૯૫૨ના પત્ર આધારે ચંડાંશુચંડુ પંચાંગને છોડીને અન્ય પંચાંગના આધારે ભાદરવા સુદ ૬નો ક્ષય માનેલ હતો.'** પછી તિથિના વિવાદ જેવું રહ્યું જ કયાં હતું ?

અને એ આધાર લઈને વિ. સં. ૧૯૬૧ તથા ૧૯૮૯ની સંવત્સરી પ્રસંગે તમારા વડદાદાગુરુ આ.શ્રી વિજયદાનસૂરિજી મહારાજે પુખ્ત વિચાર કરીને ભાદરવા સુદ ૬નો ક્ષય કરવાનું નિવેદન અને આદેશ વિ. સં. ૧૯૮૯ના વીરશાસન પત્રમાં પાઠવી જ દીધો હતો ! તો પછી સંવત્ ૧૯૯૦ના સંમેલનમાં તિથિનો ભાદરવા સુદ ૫ના અંગેનો વિવાદ ટાળવાના પ્રયત્નો કરવાના રહેતા જ નથી માટે તમારી આ વાત પણ ખોટી છે.

**ખંડન નં. ૬૦**—મુનિશ્રી!—'હવે આપણે મૂળમાર્ગે પાછા આવવાનું છે. આજ સુધી આપણે પણ ખોટું કરતા હતા હવે આપણે ખોટું કરવું જ નથી, સમજ્યા પછી સાચું જ કરવાનું છે.' એમ તમોએ **'આ.શ્રી દાનસૂરિજી મ.ના શબ્દો'** તરીકે તેમના નામે લખ્યું છે તો તે અંગે હું તમોને પૂછું છું કે—૧૯૮૯ના સંવત્સરી પ્રશ્ને આ.શ્રી વિજયદાનસૂરિજી મહારાજે જ્યારે 'ભાદરવા સુદ ૫ના ક્ષયે ૬નો ક્ષય કરવાનો' પયગામ પાઠવ્યો તે વખતે જ 'તિથિ

અંગેનો મૂળમાર્ગ શું છે તે જણાવવાનું અને એ મૂળમાર્ગે પાછા આવી જવાનો' પણ પયગામ પોતાના સમુદાયમાં કેમ પાઠવી ન દીધો ? ૧૯૮૯થી ૧૯૯૨ સુધીના ચાર વર્ષ સુધીના લાંબાકાળ સુધી 'તિથિનો મૂળમાર્ગ' છોડીને ખોટી આરાધના કેમ ચાલુ રાખી અને પોતાના સમુદાયના સાધુ-સાધ્વીઓને પણ ખોટી આરાધના કરવા દીધી ? જવાબ આપશો.

**ખંડન નં. ૬૧**—મુનિશ્રી ! તમો આ પેરામાં લખો છો કે—'આજસુધી આપણે પણ ખોટું કરતાં હતા, હવે આપણે ખોટું કરવું જ નથી, સમજ્યા પછી સાચું જ કરવાનું છે' તો આવું દિવ્યજ્ઞાન, આ.શ્રી દાનસૂરિજી મહારાજને વિક્રમની કઈ સાલમાં ઉત્પન્ન થયું ? અને આ વાત અંગેનું ઉ. શ્રી રામવિ. મ.ને કઈ સાલમાં તેવું ફરમાન પાઠવી દીધું ? તે જણાવશો.

વળી—'મૂળ માર્ગે આપણે પાછા આવવાનું છે' એવી પોતાના પ્રશિષ્ય ઉ. રામવિ.ને આજ્ઞા કરનાર આ.શ્રી દાનસૂરિજી મહારાજે પોતાના જીવનકાળ દરમ્યાન 'તિથિ અંગેનો મૂળમાર્ગ કયો હતો ? અને અત્યારે સમાજ જે રીતે તિથિની આરાધના કરે છે તે ખોટી છે' એવી વાત જગતને નહિ જણાવતા છૂપાવી રાખવા પાછળ શું આશય હતો ? તે જણાવશો.

**પર્વ૦ પૃ. ૧૪૫ કોલમ ૧**ની ચાલુ પ્રાસંગિક વાતમાં તમે લખો છે કે—'××× પૂ. પરમ ગુરુદેવશ્રીજીનું તેમના તારક ગુરુદેવ પ. પૂ. આ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા સાથે ૧૯૯૨નું ચોમાસું મુંબઈ લાલબાગમાં થયું. (૧) પૂજ્યશ્રીએ પ્રસંગ પામી બધી વાત પોતાના ગુરુદેવશ્રીજીને જણાવી. (૨) તેઓશ્રીજીએ (?) જ આગેવાની લઈ પોતાના બધા વડીલો સાથે વિચાર વિનિમય

કરી 'ક્ષયે પૂર્વા૦' અને 'ઉદયંમિ જા તિહિ૦'ના શાસ્ત્રીય નિયમનને માન્ય રાખી (૩) સઘળીય પર્વાપર્વ તિથિઓને સંઘમાન્ય લૌકિક પંચાંગ મુજબ માન્ય રાખી આરાધનાનો નિર્ણય કર્યો.

**ખંડન નં. ૬૨**—મુનિશ્રી ! આ પેરેગ્રાફમાં તમે જુઠવણાટ-વાળી ત્રણ વાતની રજુઆત કરી છે. તો રજુ થતી ત્રણેય વાતોનો સાધાર ખુલાસો કરશો. નંબર ૧ની વાતમાં 'પૂજ્યશ્રીએ પ્રસંગ પામી બધી વાત પોતાના ગુરુદેવશ્રીજીને જણાવી' એમ તમો લખો છો તો તે બદલ તમોને પ્રશ્ન છે કે—આ.શ્રી દાનસૂરિજી મહારાજે 'હવે આપણે મૂળ માર્ગે આવી જવાનું છે હવે આપણે ખોટું કરવું જ નથી' ઇત્યાદિ વાતો ઉ. રામવિ.ને જ્યારે જણાવી ત્યારે ઉ. રામવિ.ના ગુરુ આ.શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજ શું બહારગામ ગયા હતા ? કે જેથી તેમને સીધું ન જણાવતા રામવિ.ને જણાવવું પડ્યું ? જણાવશો.

**બીજી વાત**—જ્યારે દાનસૂરિજી મહારાજે 'મૂળમાર્ગે આવી જવાનો અને ખોટું છોડી દેવા'નો પયગામ ઉ. રામવિ.ને પાઠવ્યો ત્યારે દાદા ગુરુના પયગામને વધાવી લઈ અમલમાં મૂકવાને બદલે 'હું મારા તારક ગુરુદેવશ્રીજીને આ બધી વાત જણાવીશ' એમ ઉ. રામવિ.ને કેમ કહેવું પડ્યું ? ખુલાસો કરશો.

**ત્રીજી વાત**—માની લઉં કે—'આ.શ્રી પ્રેમસૂરિજી મ. તે વખતે બહારગામ હતા' તો શ્રી રામવિ.એ પોસ્ટ દ્વારા પણ તેમના ગુરુને કેમ ન જણાવ્યું અને રહી રહીને ૧૯૯૨ના લાલબાગમાં જણાવવાનો પ્રસંગ મળ્યો ? કહો કે—આ બધું કૃત્રિમ લખાણ, તે બધાય આત્માઓ મરી પરવાર્યા પછી તમારા ભેજાની પેદાશરૂપ છે.

**પર્વ૦ પૃ. ૧૪૫ કોલમ ૧**—"હવે ૧૯૯૨માં શું બન્યું તેની વિગત વિચારીએ. પૂ. પરમ ગુરુદેવેશ સહિત (રામ) શાસનપક્ષના

સઘળાય વડીલોના (૧) તિથિ સમાધાનના, સંઘ એકતાના સઘળાય સમુચિત પ્રયત્નો કરવા છતાં પણ આચાર્યશ્રી સાગરાનંદસૂરિજી મહારાજા પોતાની મૂળ પ્રકૃતિને જ વળગી રહ્યા. (૨) એટલું જ નહિ પણ ૧૯૫૨, ૧૯૬૧ અને ૧૯૮૯માં ભાદરવા સુદિ પાંચમના ક્ષયના પ્રસંગે ઉદયાત્ ચોથની આરાધના કરનારા ઘણા પૂજ્યો પણ ભાદરવા સુદિ પાંચમની વૃદ્ધિમાં શ્રી સાગરજી મહારાજના પક્ષમાં ભળ્યા. (૩) શાસનપક્ષના વડીલોએ તો તિથિદિન અને પર્વારાધન સંબંધી પોતાના મંતવ્ય અંગે શાસ્ત્રાધારે, આપ્ત પુરુષોના આપ્તવચન મુજબ જ આરાધનાનો મૂળ માર્ગ સેવવાનો નિર્ણય કર્યો (૪) ત્યારે કવિકુળતિલક પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજાએ તો ત્યાં સુધી કહેલ કે—'મયણા તો એકલી જ હતી, છતાં પણ પ્રભુ પ્રણીત કર્મસિદ્ધાંતમાં પોતાના પિતાજીની સામે અટલ રહી, જ્યારે આપણે તો આટલા બધા છીએ, મહાપુરુષોનું માર્ગસ્થ માર્ગદર્શન, શાસ્ત્રાધારો આપણી પાસે છે તો પછી કોઈથી ડરવાની જરૂર શી ?"

**ખંડન નં. ૬૩**—મુનિશ્રી ! તમો, નવામતી લેખકો કરતાં પણ અજબ-ગજબના ગપ્પીદાસ જણાવ છો જેના કારણે એકે એક તમારા પેરાઓ ગપ્પથી ભરપૂર અને મર્હૂમોના નામે ચરી ખાવાના ધંધાથી ભરપૂર ભરેલા છે ! આ પેરેગ્રાફમાં પણ તમોએ ગપ્પાં હાંકવામાં કમીના નથી રાખી.

**એક નંબરની વાતમાં** તમો લખો છો કે—'તિથિ સમાધાનના, સંઘ એકતાના સઘળાય સમુચિત પ્રયત્નો કરવા છતાં પણ આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી મહારાજા પોતાની મૂળ પ્રકૃતિને જ વળગી રહ્યા' આ વાત તદ્દન ખોટી છે. કારણ કે—સાગરજી મહારાજ પાસે

૧૫-૦))ની ક્ષય-વૃદ્ધિએ તેરશની ક્ષય-વૃદ્ધિ કરવાનું જણાવનારા શાસ્ત્રના પાઠોનું અને તપગચ્છની સમાચારીનું પીઠબળ હતું. આથી તેમને પોતાની તિથિ અંગેની માન્યતાને વળગી રહેવાનું હતું અને હોય જ. તેમાં કોઈ શંકાને સ્થાન નથી; પણ જૈનસંઘે માન્ય કરેલ ચંડાંશુચંડુ પંચાંગને છોડી ભાદરવા સુદ ૫ના ક્ષયે અન્ય પંચાંગને પકડીને સુદ ૬ના ક્ષય કરવાવાળા સમુદાયોને તેવા પીઠબળમાંનું કાંઈપણ હતું જ નહિ, એટલે તેઓએ જ વળગી રહેવું કે છોડી દેવું એ વિચારવાનું હોય.

**બે નંબરની વાત** તમો લખો છો તો તે અંગે જણાવવાનું કે—સંઘમાન્ય ચંડાંશુચંડુ પંચાંગને છોડી દઈને પંચાંગાંતર કરનારા એ પૂજ્યોની પાસે સાગરજી મહારાજે ખોળાં પાથર્યાં કે કાકલૂદી કરી નથી; પરંતુ તે બધા આરાધક પૂજ્યોને સાગરજી મહારાજની વાતમાં તથ્ય જણાયું ત્યારે 'ઉદયાત્ ચોથ'નો આગ્રહ છોડી દઈને સાગરજી મહારાજના પક્ષમાં ભળ્યા હતા. આ વાત તમો ન જાણતા હો તો હવે જાણી લેશો.

**ત્રણ નંબરની વાત** અંગે પણ જણાવવાનું કે 'તિથિદિન અને પર્વારાધન સંબંધી પોતાના (રામચંદ્રસૂ.ના) મંતવ્ય અંગે શાસ્ત્રાધારો, આપ્ત વચન મુજબ જ આરાધનાનો મૂળ માર્ગ સેવવાનો' જો તમારા ગુરુએ નિર્ણય કર્યો હતો તો ૧૯૯૨ના ચોમાસામાં માસખમણ આદિ તપસ્યાના પચ્ચક્ખાણો, 'આ.શ્રી સાગરાનંદસૂરિજી મ.ની માન્યતા મુજબની જ' રવિવારી સંવત્સરીના રોજ પૂર્ણાહૂતિ થાય તેવી રીતના આ.શ્રી રામચંદ્રસૂરિજીએ કેમ આપ્યા હતા ? અને જ્યારે તેઓનો મહાપાપકર્મનો ઉદય આવ્યો ત્યારે ૧૯૯૨ના શ્રાવણ માસે એકાએક પર્વ વિલોપક મત જાહેર કર્યો અને **વિજય સિદ્ધિસૂરિજી**

**મ.ના 'બનાવટી પત્રના'** નામે શનિવારે સંવત્સરીની તમારા પરમ તારક ગુરુદેવશ્રી (રામચંદ્રસૂ.)ને કેમ જાહેરાત કરવી પડી ? ખુલાસો કરતા જશો.

**રેફરન્સ નં. ૧૮**—'જૈન જ્યોતિ' વધારો નં. ૧૬ તા. ૧૨-૯-૩૬

"આ અંગે ખુલાસો માગનારો એક પત્ર તેમના પર જતાં તેઓશ્રી (આ. વિજયસિદ્ધિસૂરિજી મ.) નીચે મુજબ તેનો ખુલાસો લખી મોકલે છે." પ્રત્યુત્તર—

"અમદાવાદથી લી. પૂજ્યપાદ્ પરમોપકારી પરમ આરાધ્ય આચાર્યદેવશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ તરફથી

મુંબઈ મધ્યે દેવગુરુભક્તિકારક, પુણ્ય પ્રભાવક, સુશ્રાવક ઝવેરી હીરાલાલ લલ્લુભાઈ જોગ તમારો પત્ર મળ્યો, વાંચી બીના જાણી. **તમો લખો છો તે બાબતમાં અમો કંઈ જાણતા નથી,** વિશેષ ખુલાસો રૂબરૂ થશે.

**અમારી આજ્ઞા કે પત્ર નથી. અને હોય તો તેમની પાસેથી કઢાવીને વાંચશો.** એ જ ધર્મસાધનામાં ઉદ્યમ રાખશો. મુનિશ્રી પ્રકાશવિજયજીએ ધર્મલાભ જણાવ્યા છે. એજ, લી. કુમુદવિજયજી"

*

"છેલ્લા સમાચાર મુજબ અમદાવાદમાં રવિવારના સંવચ્છરી માનવાનો નિર્ણય થયો છે અને તે મુજબ પાખી વગેરે પળાશે. મુંબઈમાં પણ મોટો ભાગ આ પક્ષમાં હોવાથી 'જમાલની માનો જુદો ચોતરો'ની ભાવનાવાળા મુનિ રામવિજય પાછા પડ્યા છે. અર્થાત્ **સં. ૧૯૯૨માં શનિવારે સંવચ્છરી કરવાનું સિદ્ધિસૂરિજી**

**મહારાજે આ. રામચંદ્રસૂરિજીને જણાવ્યું નથી. તેમના નામે તેમણે જે પ્રચાર કરેલો તે ખોટો હતો.''**

*

**મુનિશ્રીપ્રશાંતદર્શનવિજયજી !** સં. ૧૯૯૨ની સાલમાં શનિવારે સંવત્સરી કરવા'નો આદેશ ''અમદાવાદથી સિદ્ધિસૂરિજી મ.નો આવવાથી રવિવારે સંવત્સરીના બદલે શનિવારે સંવત્સરી જાહેર કરી છે'' એવું બોલવા અને પ્રચારવામાં હરદમ જુઠાણું હાંકનાર આ.શ્રી રામચંદ્રસૂરિજી મ.ના શિષ્યો, 'બાપ કરતાં બેટા સવાયા'ની કહેવત અનુસાર તમો બધા પણ આવા જુઠાણાં અને ડીંગો હાંકવામાં પાછા કયાં પડો તેમ છો ? એ ઉપરના રેફરન્સ નં.૧૮થી તમોને પણ હવે તો ખાત્રી જરૂર થશે જ.

**ચાર નંબરની વાતમાં** પણ તમોએ ગપ્પું મારેલ છે તે ચોક્કસ છે કારણકે—જો મર્હૂમ આ.શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજે તમે લખો છો તેવા શબ્દોમાં નવામતી આ.શ્રી રામચંદ્રસૂરિજીને પીઠબળ આપ્યું હોય તો, રામચંદ્રસૂરિજી મ.ના તે કાકાગુરુ લબ્ધિસૂરિજી મહારાજે સં. ૧૯૯૨માં શનિવારે સંવત્સરી કરીને તેમની માન્યતાને ૧૯૯૨માં જ કેમ વધાવી ન લીધી ? શનિવારે ફક્ત સંવત્સરી જ કેમ કરવાનું રાખ્યું ? જણાવશો. તેમના કાકાગુરુ લબ્ધિસૂરિજી મ., રહી રહીને ૧૯૯૪-૯૫માં તમારા મતમાં કેમ ભળ્યા ? (ભળ્યાં કે ભોળવીને તમારા મતમાં દાખલ કર્યા તે વાત અવસરે.) આનો પણ જવાબ આપશો. આ.શ્રી રામચંદ્રસૂરિજીના ગુરુદેવ આ.શ્રી પ્રેમસૂરિજી મહારાજ તો તમે જે ચાર નંબરની વાત લખી તેનાથી સદંતર વિરુદ્ધ વાતોની રજુઆત પોતાના નામથી જાહેર કરેલ નિવેદનમાં જણાવે છે તેનું શું ? તેનો ખુલાસો પણ સાથો સાથ કરશો.

**રેફરન્સ નં. ૧૯**— 'વિજયપ્રેમસૂરિજી મ.નું નિવેદન'ના પેરાઓ—

**૧**—"વિ. સં. ૧૯૯૩ થી અમારા પક્ષે પુનમ, અમાસની ક્ષય-વૃદ્ધિએ ૧૪-૧૫ કે ૧૪-૦)) ભેગી, બે ચૌદશ, બે પુનમ, બે અમાસ માનવા પાળવાની આચરણા શરૂ કરી અંતે તેવા વખતે વિ. સં. ૧૯૯૨ સુધી ચાલી આવતી તેરસની ક્ષય-વૃદ્ધિ લખવા-આદરવાની આચરણા ફેરવી **એમાં સકલસંઘને સાથે રાખ્યા વિના આ ચલાવ્યું તેથી સંઘમાં મોટો વિક્ષેપ ઉભો થયો**–તેને દૂર કરવાના શુભ આશયથી આજે હું વિ. સં. ૧૯૯૩ થી શરૂ કરેલી પ્રણાલિકાને મૂકી દઈ વિ. સં. ૧૯૯૨ સુધી ૧૪-૧૫-૦)) સહિત બાર પર્વ અંગેની ચાલી આવતી પ્રણાલિકાને ચાલુ રાખવાનું જાહેર કરું છું અને વિ. સં. ૧૯૯૩ થી સકલ સંઘે પ્રણાલિકા ફેરવ્યા વિના અમારા પક્ષમાં ફેરવાઈ અને તમોએ આચરી તે બદલ 'મિચ્છામિ દુક્કડં' દઉં છું."

**૨**—"આમ કરવાના કારણ તરીકે મારે સ્પષ્ટ કરવું જોઈએ કે–વિ. સં. ૧૯૯૩માં જે આ આચરણા ફેરવાઈ તે સંબંધમાં **પહેલેથી વિ. સં. ૧૯૯૨ની સંવત્સરી વખતે જ મેં કહેલું કે**–'ભાદરવા સુદિ ૫ના ક્ષયે સકલસંઘ પર્યુષણના ૮ દિવસમાં ફેરફાર કરતો ન હતો. એ ભાદરવા સુદિ ૫ની વૃદ્ધિએ પણ ૮ દિવસમાં ફેરફારી કરવાની નથી; પરંતુ આ ન્યાયથી ૧૫-૦))ની ક્ષય-વૃદ્ધિએ ૧૩ની ક્ષય-વૃદ્ધિની પણ કરાતી આચારણા ફેરવવાની નથી' કેમકે પૂ. પરમ તારક ગુરુદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજાનો તાજો સ્વર્ગવાસ થયેલો. એવા અવસરે સમુદાય છિન્ન-ભિન્ન ન થાય એ મારે જોવાનું હતું. છતાં એમાં ફેરફાર કરવાનું કામ સકલસંઘનું છે. કોઈ અમુક વ્યક્તિનું

નહિ તેમ આ શાસ્ત્ર અસંમત આચરણાઓના આધારે કોઈ નવો ચીલો પાડવાનો કોઈને અધિકાર નથી."

૩—"ત્યારે પ્રશ્ન થશે કે–**નવી ફેરફારી કોણે કરી ? તે અંગે પૂ. આ.શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજે કહ્યું કે–'હું જાણતો નથી !' પૂ. આ.શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ પણ કહેતા હતા કે–'હું જાણતો નથી !' વળી હું ખુદ પણ જાણતો ન હતો.** ત્યારે વિજયરામચંદ્રસૂરિજીએ આ ફેરફારી કોને પૂછીને ચલાવી ? ગુરુ આજ્ઞાપ્રધાન સાધુજીવનમાં આટલી મોટી ગંભીર પ્રવૃત્તિ ગુરુને પૂછ્યા વગર કેમ કરી શકાય ?તેમજ ગુરુ આજ્ઞા વિનાની એ પ્રવૃત્તિને હજુપણ પકડી રાખવી તે તિથિના શાસ્ત્રીય સત્યની સામે કરેલો બધો ભયંકર શાસ્ત્રાજ્ઞાલોપનો પ્રસંગ કહેવાય ? વળી શાસ્ત્રોમાંનો પ્રવચન હીલનાના પ્રસંગમાં અપવાદમાર્ગનું ઠેર ઠેર વિધાન કરવામાં આવ્યું છે તો આવા પ્રસંગે એકલા ઉત્સર્ગને પકડી રાખીને શાસ્ત્રોક્ત અપાદમાર્ગનો લોપ કરવામાં આવે છે એ પણ એક બીજી ગંભીર ભૂલ થઈ જણાય છે."

**૫**–"કદાચ કોઈને એમ થશે કે–તમે એકલાં જ મૂકી દો તેથી પણ સંઘ ભેદ તો ઉભો જ રહે છે. તો તમારે પણ શા માટે મૂકવું જોઈએ ? એનો ખુલાસો એ છે કે–**'હું મારા માથે મારા પરમ તારક ગુરુદેવશ્રીના આદેશનો ભંગ કરવા માંગતો નથી.** વર્તમાનમાં થઈ રહેલા પ્રવચનના ઉડાહનાના પાપનો ભાર મારે રાખવો નથી." શાસ્ત્ર કહે છે કે અન્યના નિમિત્તે પણ થતો શાસનોડાહ પોતાની છતી શક્તિએ જે ન ટાળે તે ઘોર સંસારમાં ભમે છે. વળી તિથિ આચરણા એક સામાચારી છે તેમજ વર્તમાનમાં જુદા જુદા પંચાંગોમાં તિથિ ફેરફારો જોવા મળે છે ત્યારે સંઘને ભયંકર નુકશાન થાય, કષાયો

થાય, ઝઘડા થાય વિગેરે ચલાવી લઈને આચરણભેદ ઊભો રાખવાનું શાસ્ત્રો કહેતા નથી. શાસ્ત્રો એકાંતે ઉત્સર્ગની પ્રરૂપણા ઉભી નથી કરતા, પણ અપવાદો પણ ત્યાં છે જ. તો તિથિ આચરણા અંગે એકલો ઉત્સર્ગ કે જે ઉપરોક્ત અનર્થોને પોષી રહ્યો છે એ કેમ ચલાવી લેવાય ? અસ્તુ ×××"

*

મુનિશ્રી પ્રશાંતદર્શનવિજયજી ! તમારા દાદાગુરુના નિવેદનમાંની ત્રીજી કલમ તમો ધ્યાન દઈને વાંચશો અને પછી મર્હૂમ વડદાદાગુરુ, દાદાગુરુ, કાકાગુરુ આદિના નામે નવા નવા ફતવાઓ ઉભા કરીને તેમના નામે અને તેમના બોલેલા શબ્દો તરીકે જગતમાં પ્રચારવાનું રાખશો.

**રેફરન્સ નં. ૨૦**—'પર્વતિથિ નિર્ણય' પ્રાક્કથન—

(૫) **આ તિથિચર્ચાનો સમય** :—સં. ૧૯૯૨માં ચંડાંશુચંડુ પંચાંગમાં ગણતરી મુજબ ભાદરવા સુદ ૪ પછી બે પાંચમ આવી. 'ચૌદશ પર્વ પછી આવનાર પૂનમપર્વની જેમ ભાદરવા સુદ પાંચમ પણ **પર્વાનંતર પર્વતિથિ છે'** આથી પર્વાનંતર પર્વતિથિએ પૂર્વતમ અપર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કરવાની પ્રાચીન પ્રણાલિકાને લક્ષમાં રાખીને અને પૂર્ણિમાની વૃદ્ધિએ ટીપ્પણાની પ્રથમ પૂર્ણિમાએ ચૌદશના વ્યપદેશપૂર્વક ચૌદશ કરવાની રીતનો પણ વિચાર કરીને ટિપ્પણાની પ્રથમ પંચમીને ચતુર્થી કરીને ભાદરવા સુદ ૪ના રવિવારના દિને સંવચ્છરી કરવાનું જાહેર થયું અને પૂ. આચાર્યદેવ નેમિસૂરીશ્વરજી મહારાજ, પૂ. આ.શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ, પૂ. આ.શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ., પૂ. આ.શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મ., પૂ. આ.શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ વિગેરે શ્રી દેવસૂરતપગચ્છ

સંઘના મોટા ભાગે (આ. રામચંદ્રસૂરિ સિવાય) માન્ય રાખી સંવચ્છરી પર્વ કર્યું અને મુંબઈ ગોડીજી પાર્શ્વનાથના મંદિરની વિજયદેવસૂરમાન્ય પેઢીએ પણ ટિપ્પણાની પ્રથમ ભાદરવા સુદ પાંચમે ભાદરવા સુદ ૪માની રવિવારે કરવાનું (ચાર આચાર્યોએ) જણાવ્યું."

(૬) "આ રીતે ટિપ્પણાની પ્રથમ પંચમીને ચોથનો વ્યપદેશ આપી ચોથને રવિવારે સંવચ્છરી કરવાનું જાહેર થયા પછી તે વખતે સં. ૧૯૯૨માં મુંબઈમાં ચાતુર્માસ રહેલ **આ. વિજયરામચંદ્રસૂરિજીએ શરૂઆતમાં માસખમણ વિગેરેનાં પચ્ચક્ખાણો, રવિવારની સંવચ્છરીના હિસાબે આપેલ હોવા છતાં** પાછળથી પૂ. આ.શ્રી સિદ્ધિસૂરિજી મહારાજના નામે ટિપ્પણાની ભાદરવા સુદ ચોથને શનિવારે સંવચ્છરી કરવાનું જણાવ્યું અને ટિપ્પણા મુજબ જ ભાદરવા સુદ બે પાંચમ જણાવીને 'આરાધનામાં પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન જ થાય' તેવી શાસ્ત્રાનુલક્ષી દેવસૂર તપાગચ્છની માન્યતાને તેઓએ સેંકડો વર્ષમાં સૌથી પ્રથમ અવગણી !"

*

મુનિશ્રી પ્રશાંતદર્શનવિજયજી ! 'પર્વતિથિ નિર્ણય' નામની ઐતિહાસિક બૂકનું પ્રાક્કથન તા. ૧૫-૩-૪૫ના રોજ લખનાર પંડિત શ્રી મફતલાલ ઝવેરચંદ ગાંધી પોતાના આ 'પ્રાક્કથન'માં 'આરાધનામાં પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન જ થાય, **એવી શાસ્ત્રાનુલક્ષી દેવસૂર-તપાગચ્છની માન્યતાને તેઓએ સેંકડો વર્ષમાં સૌથી પ્રથમ અવગણી !"** એમ સ્પષ્ટ જણાવીને તિથિનો ઝઘડો ઉભો કરનાર તરીકે આ.શ્રી રામચંદ્રસૂરિજીને જ ગણે છે અને તે ઝઘડો પણ સં. ૧૯૫૨થી નહિ પરંતુ સં. ૧૯૯૨ થી જ ઉભો થયાનું જણાવે છે તો 'સં. ૧૯૫૨માં આનંદસાગરજીથી તિથિનો ઝઘડો ઉભો થયો છે' તેવા નવામતના

ફુટેલા ઢોલને વગાડવાનું તમો તો સદંતર બંધ કરી દેશો.

**પર્વ૦ પૃ. ૧૪૬ કોલમ ૧**—"આના ઉપરથી સારી રીતના સમજી શકાય છે કે–૧૯૯૨માં પૂ. આ. વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની શાસ્ત્રીય માન્યતા ધરાવતા પક્ષે ઉદયાત્ ચોથની ચાલી આવતી હતી તે જ પ્રમાણે આરાધના કરી છે" તેઓશ્રીજીએ સકલ શ્રી સંઘની અનુમતિ વિના નવી પરંપરા ચાલુ કરી છે, મનસ્વીપણે વર્ત્યા છે, સંઘની એકતા તોડી છે', આવી બધી વાતોનો જે પ્રચાર છે તે ખોટો બકવાદ અને ઉન્મત્ત પ્રલાપ છે."

**ખંડન નં. ૬૪**—તમો આ પેરો લખીને તમે તમારા દાદાગુરુ આ.શ્રી વિજયપ્રેમસૂરિજી મ. ખુદને પણ 'મોટો બકવાદ અને ઉન્મત્તપ્રલાપ' કરનારા તરીકે જાહેર કરી શકો છો તો પછી તમારા પ્રતિસ્પર્ધી તરીકે તમે જેને માની રહ્યા છો તે શાસનપક્ષને તેવો જણાવો તેમાં નવાઈ શી ? પ્રેમસૂરિજી મહારાજ પોતે જ પોતાના નિવેદનમાં સ્પષ્ટ જણાવે જ છે કે—

"ત્યારે વિજયરામચંદ્રસૂરિજીએ આ ફેરફારી કોને પૂછીને ચલાવી ? ગુરુ આજ્ઞાપ્રધાન સાધુજીવનમાં આટલી મોટી ગંભીર પ્રવૃત્તિ, ગુરુને પૂછ્યા વગર કેમ કરી શકાય ? તેમજ ગુરુ આજ્ઞા વિનાની તે પ્રવૃત્તિને હજુ પણ પકડી રાખવી તે **તિથિના શાસ્ત્રીય સત્યની સામે કેટલો બધો ભયંકર શાસ્ત્રાજ્ઞાલોપનો પ્રસંગ કહેવાય ?"** વગેરે વગેરે આવી રીતનું સ્પષ્ટ અને નગ્ન સત્ય કહેનાર દાદાગુરુના પણ કથનને ખોટો બકવાદ અને ઉન્મત્ત પ્રલાપ તરીકે ગણાવવાની હીનકક્ષાએ પહોંચી ગયેલા તમોને હિતશિક્ષા પણ શું અસર કરે ? વિચારશો.

**પર્વ૦ પૃ. ૧૪૬ કોલમ ૧**—"વાસ્તવમાં તો પૂ.આ. વિજયનેમિસૂરિજી મહારાજા આદિએ ચાલી આવતી અને આરાધેલી ઉદયાત્

શેઠ હઠીસિંહની વાડી, અમદાવ

ચોથની આરાધના છોડી દઈને અનુદયાત્ ચોથને સંવત્સરી માનીને ૧૯૯૨માં આરાધના કરી છે એટલે મનસ્વી રીતે તો કોણ વર્ત્યું છે અને કોની ભૂલ છે તે આ બધી વાતો પરથી સમજી શકાય છે."

**ખંડન નં. ૬૫**—મુનિશ્રી ! તમે જે શાસનપક્ષના આ.શ્રી વિજય- નેમિસૂરિજી મ. આદિ અંગે આ પેરો લખ્યો છે તે મહાત્માઓએ સં. ૧૯૯૨માં બે પાંચમની બે ચોથ કરી તેની નોંધ લીધી, અને ૧૯૯૩માં 'બે પાંચમે બે ત્રીજ કરી' તેની નોંધ કેમ ન લીધી ? તેનો ખુલાસો કરશો ખરા ? હવે તેઓએ બે પાંચમની જ બે ચોથ કરી તેમાં તે વખતે તેઓની માન્યતા એવી હતી કે—'ભાદરવા સુદ ૪ પોતે તો અપર્વ તિથિ છે ને ? એ તો કાલિકાચાર્ય મહારાજે સંવત્સરીનું પરિવર્તન કર્યું ત્યારથી વાર્ષિક પર્વ તિથિ તરીકેનું અપર્વ તિથિને સ્થાન મળેલ છે માટે પાંચમ પર્વ તિથિની વૃદ્ધિએ ચોથની વૃદ્ધિ કરવામાં વાંધો નહિ' અને જો આમ બે ચોથ કરીએ તો ચોથ—પાંચમનું જોડીયું પર્વ=પર્વાનંતર પર્વનો ક્રમ પણ સચવાય જશે." એમ માનીને કરેલ; પરંતુ તે બે ચોથ કરવાની જે ભૂલ થઈ જવા પામી હતી તેને કોઈની પણ પ્રેરણા, કે ટકોર સિવાય બીજે જ વર્ષે એટલેકે—**૧૯૯૩ની સાલમાં ભાદરવા સુદ પાંચમ બે આવતાં પૂ. સાગરજી મ.ની યુક્તિયુક્ત, શાસ્ત્રસામાચારી સંગત એવી ભાદરવા સુદિ ત્રીજની વાત સ્વીકારી લીધેલ કે નહિ ?** જણાવશો.

જ્યારે તમો નવામતીઓનો તો આરાધકભાવ એવી પ્રકારનો છે કે—તમારી વાત ખોટી છે એમ શાસ્ત્રના પાઠો, આધારો, યુક્તિઓ અને સામાચારીના પુરાવાઓ સેંકડો વખત શાસનપક્ષ તરફથી અપાય તો પણ 'ગદ્ધાપુચ્છ'ની જેમ ખોટી વાતની પક્કડ છોડો જ નહિ. પછી કયા મ્હોંઢે શાસનપક્ષના આરાધક આત્માઓને 'મનસ્વી વર્તનવાળા'

ગણાવો છો ? જવાબ આપશો. તમે એમ ના સમજશો કે પોતાના પક્ષના હોવાથી 'હવે બચાવ કરવાની કરવા નીકળ્યા છે' શાસનપક્ષે તો તે વર્તન સામે પણ ટકોર કરી જ છે જુઓ આ નીચેઃ—

**રેફરન્સ નં. ૨૧**—'સંવત્સરી શતાબ્દિમહાગ્રંથ' પૃ. ૯૭—

"આ પૂજ્યવર્યોએ ભાદરવા સુદ ૫ પર્વતિથિ હોવાથી 'આરાધનામાં પર્વતિથિની ક્ષયવૃદ્ધિ ન થાય' એ આચરણાને માન આપી બે ચોથ તો કરી; પરંતુ ભાદરવા સુદ ૪ તો 'સંવત્સરી' મહાપર્વ હોવાને કારણે વાર્ષિક મહાપર્વતિથિ ગણાય તો તેની પણ વૃદ્ધિ કેમ કરાય ?' એટલો વિચાર કેમ કર્યો નહિ હોય ? કારણકે—સં. ૧૯૫૨માં પૂ. પં.શ્રી ગંભીરવિજયજી મહારાજે 'વૈદ્ય'ના નામથી 'સયાજી વિજય' પત્રનો વધારો કઢાવી મહોટો લેખ આપેલ તેમાં પણ 'ભાદરવા સુદિ ચોથ પજુસણપર્વની સંવત્સરીનો દિવસ છે માટે તેનો ક્ષય કેમ થાય ?' એમ જણાવેલ છે અને એ સંવત્સરીના દિવસનો ક્ષય ન કરવા માટે તો છઠના ક્ષયવાળાં અન્ય પંચાંગો સ્વીકારેલાં ! તે વાત મુજબ **જો ભાદરવા સુદ ૪નો ક્ષય ન થાય તો ચોથની વૃદ્ધિ પણ કેમ થાય ?** એટલોય વિચાર કરવાનું ભાદરવા સુદિ પાચમની વૃદ્ધિએ ચોથની વૃદ્ધિ કરનારા પૂજ્યો શું વીસરી ગયા હશે ?"

**પર્વ૦ પૃ. ૧૪૬ કોલમ ૧**—"વિ. સં. ૧૯૯૩માં પણ ભાદરવા સુદિ પાંચમ બે હતી ત્યારે પણ ૧૯૯૨ની જેમ જ શાસનપક્ષે મૂળમાર્ગે ચાલી સાચી આરાધના કરેલી અને કરાવેલી. જ્યારે સામા પક્ષે તો ઉદયાત્ ચોથ વિરાધી ૧૯૯૨ની જેમ આરાધના કરેલી."

**ખંડન નં. ૬૬**—મુનિશ્રી ! જેમ અંચલગચ્છવાળાઓએ પોતાનો નવો મત કાઢ્યો અને **'અંચલગચ્છ** કહેવાયો' અને પોતે

તથા પોતાના વડીલોએ પણ 'અંચલ' શબ્દ બોલવા–લખવામાં ચાલુ જ રાખ્યો હતો. છતાં તેની નવી પેઢીના સંતાનીયાઓને 'અંચલ' શબ્દ ખૂંચતાં **'અંચલ'**નું **'અચલ'** ગચ્છ નામ કરીને પોતાના ગચ્છ તથા મતને શાશ્વતો ગણાવવા લાગ્યા છે તેમ તમો પણ આ તમારા આખા લેખમાં **'શાસનના પૂરા પ્રતિસ્પર્ધી'** થઈ જવા છતાં **'શાસનપક્ષ'** તરીકે તમો પોતાને ગણાવવાનો દાવો શરૂ કરી દીધો છે તે વિભંગ જ્ઞાનનું જ પરિણામ સમજશો. અને એવી રીતે તમારા નવામતને મૂળમાર્ગમાં ખપાવવાનું પણ ચાલુ તો કરી દીધું, પણ તમારા ધતીંગ જેવો મૂળમાર્ગ પૂર્વે ક્યારે હતો ? કોણે કોણે તે મૂળમાર્ગની આરાધના કરી હતી તેનો ઈતિહાસ બહાર પાડશો ખરા કે ?

**પર્વ૦ પૃ. ૧૪૬ કોલમ ૧**– વિ.સં. ૧૯૯૯માં પાલીતાણામાં આચાર્યશ્રી સાગરાનંદસૂરિજી મહારાજા તથા પૂજ્યપાદ આ.શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની વચ્ચે તિથિવિવાદનો કાયમી નિવેડો લાવવા માટે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શ્રી કસ્તુરભાઈ લાલભાઈની દરમ્યાનગિરિથી મધ્યસ્થ પંચ તરીકે પૂનાના વિદ્વાન શ્રી પી. એલ. વૈદ્યની નિમણુંક કરેલી. બન્ને પક્ષની લેખિત અને મૌખિક જુબાની સાંભળ્યા પછી તેઓશ્રીએ પોતાનો નિર્ણય પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની તરફેણમાં આપેલો. ત્યારે પણ શ્રી સાગરજી મહારાજા પોતાની મૂળ પ્રકૃતિ ઉપર ગયા અને મધ્યસ્થ પંચનો ચુકાદો માન્ય તો ન રાખ્યો પણ મધ્યસ્થ પંચ ઉપર પણ ખોટા આક્ષેપો આદિ કર્યા. ત્યારે શ્રી કસ્તૂરભાઈએ પણ સત્ય નિર્ણયો જાહેર કર્યા અને મધ્યસ્થ પંચ ફુટી ગયાનો ખોટો આક્ષેપ કરનારા પં. મફતલાલ આદિ ચાર જણાએ કોર્ટમાં તે બદલ મૌખિક દિલગિરિ પણ વ્યક્ત કરેલ."

**ખંડન નં. ૬૭**—મુનિશ્રી ! આ પેરેગ્રાફમાં પણ તમોએ જાણીબુઝીને અને સાધુપણાને પણ વીસરીને પાંચ ખોટી વાતો લખીને જનતાને ભરમાવવાનું અને સાચાઓ ઉપર ખોટા દોષારોપણ કરવાનું અધમાધમ કૃત્ય કેવી રીતે કર્યું છે તે તમારી અને જનતાની જાણ ખાતર વિગતવાર ખંડન સાથે જણાવું છું. તો સામાન્ય પણ ભવભીરૂતા દાખવી ભવિષ્યમાં આવા અધમ તથા પાપીકૃત્યોથી પાછા વળશો.

(૧) 'કાયમી નિવેડો લાવવા માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખશ્રી કસ્તૂરભાઈની દરમ્યાનગિરિથી મધ્યસ્થ પંચ તરીકે પૂનાના શ્રી પી. એલ. વૈદ્યની નિમણુંક કરેલી' એમ તમે હકીકત જાણવા છતાં ખોટું લખેલ છે. ખરી વાત તો એ હતી કે—તે વખતે એકત્ર થયેલ ૧૭ સમુદાયના સાધુઓના સર્વાનુમતે નક્કી થયેલ નિર્ણયાનુસાર બંને આચાર્યોએ, **'એક દિવસ રામચંદ્રસૂરિ પ્રશ્ન પૂછે અને તેના ઉત્તરો સાગરજી મહારાજ આપે અને બીજે દિવસે પૂ. સાગરજી મહારાજ પૂછે અને તેના ઉત્તરો રામચંદ્રસૂરિજી આપે'** આ નક્કી થયેલ નિર્ણયને વધાવી તે મુજબ વર્તવાને બદલે આ.શ્રી રામચંદ્રસૂરિજીએ લાગલાગટ ૧૫ દિવસ સુધી પ્રશ્નો જ પૂછવા માંડ્યા.

આથી પૂ. સાગરજી મહારાજે નિર્ણીત થયેલી વાતની યાદી આપી પૂછ્યું કે—'હવે મારે તને પ્રશ્નો ક્યારે પૂછવા ?' તેના જવાબમાં તેઓએ કહ્યું કે—'તમારે પ્રશ્નો પૂછવાના જ નથી, ઉત્તરો જ આપવાના છે ! છતાં પૂછવા હોય તો મારા પૂરા થયા પછી' ત્યારે પૂ. સાગરજી મહારાજે પૂછ્યું કે—'તારા પ્રશ્નો ક્યારે પૂરા થશે ?' તેના ઉત્તરમાં તમારા પરમતારક ગુરુદેવે—'જ્યારે પૂરા થાય ત્યારે' એવો લાપરવાઈ ભર્યો જવાબ આપ્યો. એ વખતે શેઠ જીવતલાલ

પ્રતાપશીભાઈ વંદન કરવા આવતા તેમને આ બધી વાત જણાવી. તે સાંભળીને તેઓ બોલેલ કે **'તદ્દન ખોટું છે હું હમણાં જઈને તેઓને કહું છું'** આમ કહી ત્યાં ગયા. તેઓને એક અક્ષર પણ આ બાબતનો કીધો કે શીખામણ આપી ન હતી; ઉલટું પૂર્વયોજિત સ્વરૂપે પાછા ૧૧ વાગે શેઠ જીવાભાઈ આવ્યા અને બોલ્યા કે—'સાહેબ ! કસ્તૂરભાઈ આવ્યા છે તો આપણે આ તિથિનો વિવાદ તેમને સોંપીએ તો કેમ ?' ભદ્રિકભાવે પૂ. સાગરજી મહારાજે હા કીધી; **"પરંતુ બંને પક્ષના લખાણો, મંતવ્યો અને શાસ્ત્રપાઠોનો વિચાર કરી—બંને પક્ષને સાંભળીને અને બંનેની રૂબરૂ જ આ ચર્ચાનો નિર્ણય આપવાનો છે."** એપ્રમાણે વધારામાં જણાવ્યું હતું. માટે—કસ્તૂરભાઈએ દરમ્યાનગિરિ કરી નહોતી પણ તમારા ગુરુદેવે અને શેઠ જીવાભાઈએ દરમ્યાનગિરિ કરાવી હતી. અને વૈદ્યના નામનું સૂચન પણ તે બંનેએ શેઠને કરેલું ખરૂં કે ? તે સત્ય વાત છૂપાવી આવું જુઠું લખાણ શું કામ કરો છો ?

(૨) તમો—'બંને પક્ષની લેખિત અને મૌખિક જુબાની સાંભળ્યા પછી તેઓશ્રીએ પોતાનો નિર્ણય પૂજ્યપાદ્ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની તરફેણમાં આપેલો." લખો છો તે પણ હરદમ જુઠું છે. કારણકે—એક નંબરમાં જણાવ્યા પ્રમાણે **પૂનાના વૈદ્યે બંને આચાર્યોને મૌખિક પૃચ્છામાં જે પૂછવું કે જાણવું હોય તે જાણી લીધા બાદ બંનેના લેખિત મંતવ્યો, આધારો, શાસ્ત્રપાઠો આદિ રૂબરૂ તપાસી અને તેના સત્યાસત્યનો નિશ્ચય કરી તે બંનેની અને શેઠ કસ્તૂરભાઈની રૂબરૂ એક જ બેઠકે પોતાનો નિર્ણય જાહેર કરવા'**ની વાતને બદલે—**પૂર્વયોજિત પાઠ પ્રમાણે તે નામદાર પંચે જણાવ્યું કે**—'આપ બંનેનું સાહિત્ય તપાસીને અને ખંડન—મંડનનો

પૂર્ણ વિચાર કરીને નિર્ણય આપવામાં ઓછામાં ઓછા બે-ત્રણ માસ લાગે. તાત્કાલિક બને નહિ.' આની સામેય પૂ. સાગરજી મહારાજે વાંધો ઉઠાવેલ હતો. તેની સામે શેઠશ્રી કસ્તૂરભાઈએ કે શેઠ જીવાભાઈએ ધ્યાન પણ આપ્યું નથી અને થયેલી શરતનો ભંગ કરવાપૂર્વક બંને પક્ષનું સાહિત્ય વૈદ્યને સોંપી દીધું તથા માંગેલી મુદ્દતને વધાવી લેવાની પ્રમાણિકતા ? દાખવી હતી. તે જાણશો.

(૩) 'તેઓશ્રીએ પોતાનો નિર્ણય પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની તરફેણમાં આપેલો. ત્યારે પણ શ્રી સાગરજી મહારાજા પોતાની મૂળ પ્રકૃતિ ઉપર ગયા અને મધ્યસ્થ પંચનો ચૂકાદો માન્ય ન રાખ્યો પણ મધ્યસ્થ પંચ ઉપર ખોટા આક્ષેપો આદિ કર્યા' આ વાત પણ સત્ય વાતને છાવરવા માટે તમે તદ્દન બનાવટી અને પ્રમાણિકને અપ્રમાણિક ઠરાવવા માટે ઈરાદાપૂર્વક લખી છે. કારણકે—"શેઠશ્રી કસ્તૂરભાઈને જુનની આખર સુધી મધ્યસ્થનો ચૂકાદો મળ્યો નથી તે પહેલાં મોહનલાલ સખારામ, ઉમેદચંદ ભૂરા, જીવતલાલ પ્રતાપશીભાઈ આદિ તરફથી 'જુનની ૧૦મી તારીખથી જ **'નિર્ણય, રામચંદ્રસૂરિજીની ફેવરમાં આવેલો છે'** તેવા તારો—ટપાલો અને જાહેરપત્રોમાં જાહેરાત કેમ થવા પામી હતી ? જો મધ્યસ્થ ફુટેલ ન હોય તો આમાનું કાંઈ બને ખરૂં ? તેમજ મધ્યસ્થે જે હારતોરા પહેર્યા, સન્માન સમારંભ યોજ્યા તે બને ખરું ? જવાબ આપશો.

અને મધ્યસ્થે જે નિર્ણય આપ્યો છે તે પણ બીજાના લખેલા લખાણને સંસ્કૃતમાં ગોઠવી પોતાના હસ્તાક્ષર કરી દેનારા તે મધ્યસ્થે જો સાચા જ હોત તો પોતે લખેલા તા. ૨૯ ઓગસ્ટ ૧૯૪૩ના પત્રમાંના—**"આમ છતાં પણ જો આવતા સંવચ્છરી પ્રતિક્રમણ વખતે**

**જાહેરસભામાં મધ્યસ્થ ઉપર તટસ્થભંગ આદિના દોષોનો આરોપ અજ્ઞાનમૂલક જ કરાયો છે એમ જાહેર જનસમક્ષ નહિ સ્વીકારો અને શાસનસુધાકર આદિ પત્રોમાં પ્રગટ નહિ કરાવો તો અમારા યશને નિર્મળ રાખવા ખાતર અનિચ્છાએ પણ અમારે કોર્ટનો આશ્રય કરવો પડશે એમ નમ્રપણે અને સૂચવીએ છીએ"** એવી દમદાટી આપતો પત્ર લખનાર તે નામદાર વૈદ્યે પૂ. સાગરજી મહારાજ ઉપર કોર્ટમાં દાવો કેમ ન માંડ્યો ? જવાબ આપશો.

તમારા ફુટેલ વૈદ્યના આ પત્રના જવાબમાં પૂ. સાગરજી મહારાજે ૨000ના કારતક સુદિ ૧૪ના રોજ તે વૈદ્યને જે પત્ર લખેલ હતો તે અક્ષરશઃ અનુવાદ સાથે તમારી તેમજ સુજ્ઞજનતાની જાણ ખાતર અહીં રજુ કરું છું. જે નીચે પ્રમાણે :—

**રેફરન્સ નં. ૨૨--**

कर्पटवाणिज्यपुरात्                    २००० कार्त्तिकशुक्लाचतुर्दशी

पुण्यपत्तस्थान् पर्शुरामानध्यापकान् प्रति

धर्मलाभादनुलिख्यते आनन्दसागरेण यदुताद्यावधि भवद्भिः पत्र-प्रेषणविषयकताटस्थ्यभंगकलंकोत्तारणाय सूचितपूर्वमधिकरणाश्रयं किं न कृतं ? चित्रमेतत् ! किंच—उद्घुष्यते स्पष्टमधुना परं यत्प्राधान्येन तत्पत्रं धर्मबहिष्कृतेन केनचिन्नव्यराममतानुगेन गुर्जरगिराऽलेखि, तत्तथाविधेन केनचित्संस्कृतम् । भवद्भिस्तु तादृशैर्भूत्वा केवलं स्वहस्तो दत्त इतिचेदिदमभ्याख्यानं कुरुध्वात्मविशुद्धये झटित्यधिकरण-स्थानाश्रयणमिति शम् ।

१न निर्णयविधिपत्रमवलम्बितम् २ न च प्रेषणनियमो रक्षितः ३ न हि निर्णयहेतवोवलम्बिताः ४ नैव चोभयपक्षौ चर्चितौ ५

शास्त्राणि प्रमाणानिचोत्थापितानि ६ अपशब्दप्रयोगाश्चाज्ञोचिता लिखिता इत्यवलोक्यं पत्रे तावत्

आनन्दसागरः

## ગુર્જરાનુવાદ

"કપડવણજનગરથી                    ૨૦૦૦ના કાર્તિક સુદ ચૌદશ

પુનાનગર મધ્યે પરશુરામ અધ્યાપક પ્રતિ

ધર્મલાભપૂર્વક આનંદસાગર લખે છે કે—**આજ સુધી તમે પત્ર** [નિર્ણય] **મોકલવા સંબંધી તટસ્થતા ભંગનું કલંક** (જે તમારે માથે આવ્યું છે તે) **ઉતારવા માટે** (તમારા) પત્રમાં (તમે) **સૂચવ્યા પ્રમાણે કોર્ટમાં જવાનું કેમ કર્યું નથી ?** (ખરેખર) એ આશ્ચર્ય છે. વળી હમણાં બીજી ઉદ્‌ઘોષણા સ્પષ્ટ રીતે કરાય છે કે—**'મુખ્યતાએ તે** (નિગમન) **પત્ર, ધર્મથી દૂર રહેલા કોઈક નવા રામમતને અનુસારનારાએ ગુજરાતીમાં લખ્યો** (હતો) **અને તેવા જ કોઈકે તેનું સંસ્કૃત કર્યું હતું. તમોએ તો તેવા થઈને માત્ર સહી જ કરેલી છે.** જો આ (કથન) તમને કલંકરૂપ લાગતું હોય તો તમારી જાતની શુદ્ધિ માટે જલદી કોર્ટનો આશ્રય લ્યો એટલે બેશક શાંતિઃ

૧. તમે (શેઠ કસ્તૂરભાઈએ નક્કી કરેલા) મુસદ્દાના પત્રને (તે પત્રમાં=નિર્ણયમાં) લીધો નથી. ૨. પત્ર (નિર્ણય) મોકલવાનો જે નિયમ તે પણ તમોએ સાચવ્યો નથી. ૩. નિર્ણય માટે (બન્ને પક્ષે) કાઢેલા મુસદ્દાઓનું (મુદ્દલ) અવલંબન લીધું નથી. ૪. (તે પત્રમાં) બન્ને પક્ષની (મુદ્દાસર) ચર્ચા કરી નથી. (આખા પત્રમાં રામચંદ્રસૂરિએ માનેલો અર્થ કેતેના પૂરાવારૂપ શાસ્ત્ર કે વ્યવહાર એકકે ચર્ચ્યા જ નથી.) ૫. શાસ્ત્રો અને પ્રમાણો (જેને આધારે તિથિ કહેવાનો અને

માનવાનો નિર્ણય કરવાનો હતો તે બધાને)ને શાસ્ત્રાભાસ અને પ્રમાણાભાસ કહીને ઉડાવી નાંખ્યા છે. ૬. અજ્ઞાન મનુષ્યને ઉચિત એવા અપશબ્દોના પ્રયોગો તે પત્ર (નિર્ણય)માં લખવામાં આવ્યા છે. આ બધી વસ્તુ તે પત્રમાં (નિર્ણયમાં) પહેલા જોજો.

*

મુનિશ્રી ! તમે જેને પ્રમાણિક અને તટસ્થ જણાવો છો અને નિર્ણય ફોડવામાં નથી આવ્યાનું જનતામાં ઠસાવવા માંગો છો તો તેવા શ્રી પી. એલ. વૈદ્યે કે તમારા નવામતી આ.શ્રી રામચંદ્રસૂરિજી આદિએ શાસનપક્ષે મૂકેલા આક્ષેપો તેમજ તેમને ફોડીને જ નિર્ણય મેળવવાના આક્ષેપને તથા વૈદ્યની તટસ્થતા-પ્રમાણિકતા સાબિત કરી આપવા માટે પૂ. સાગરજી મહારાજ તરફથી વારંવાર કોર્ટે જઈને બધું સાબિત કરી આપવાનું જણાવાયું છે તો પછી કોર્ટનો આશ્રય લઈને પ્રમાણિકતા સાબિત કેમ ન કરી બતાવી ? આનો જવાબ આપશો.

(૪) તમે લખો છો કે–'ત્યારે શ્રી કસ્તૂરભાઈએ પણ સત્ય નિર્ણયો જાહેર કર્યા' આ વાત પણ તમારા પક્ષે ઉપજાવી કાઢેલ છે. **શેઠશ્રી કસ્તૂરભાઈના છાપેલા લેટરપેડ ઉપર શેઠશ્રીના નામે લખાણ ટાઈપ કરાવીને શેઠશ્રીની સહીની જેવી જ સહી કરીને તે નિવેદન તમારી પાર્ટીના નેકનામદારે કરેલ છે.** આ વાતની તમોને તથા જનતાને પણ પ્રતીત થાય તે માટે **'તિથિદિન અને પર્વારાધન'** નામના તમારા ચોપડામાં કેવી ઘાલમેલ કરવામાં આવી છે તેનું ટુંક દિગ્દર્શન સં. ૨૦૫૫માં કરાવેલ પણ છે જે નીચે મુજબ–

**રેફરન્સ નં. ૨૩**—'નાંદારી નોંધાવતો નવો તિથિમત' બૂક પૃ. ૪૬-૪૭

**"સમીક્ષા નં. ૪૯**—આ હતાશાપૂર્વકના લખાયેલા પેરામાં 'શ્રી અર્હત્ તિથિભાસ્કરે' જૈનશાસ્ત્રોના આધારે જે સિદ્ધાંત નક્કી કર્યો છે' એમ તમોએ જે લખ્યું છે તે અંગે જણાવવાનું કે—"જ્ઞાનીએ દીઠું હશે તો તમારા તે **અર્હત્ તિથિભાસ્કર** અને તેના આધારે **'જૈનદૃષ્ટિએ તિથિદિન અને પર્વારાધન'** નામનો જે કૂડ-કપટ અને છલ-પ્રપંચથી ભરેલો ચોપડો છે તેનું મારા તરફથી ખંડન બહાર પડશે ત્યારે તમો તો શું પણ જૈન જગત વાંચીને ચોંકી ઉઠશે અને ત્યારે જનતાને પણ ખબર પડશે કે—આમાં 'જૈનશાસ્ત્રોના આધારે સિદ્ધાંત નક્કી કરાયો છે કે—જૈનશાસ્ત્રો, આગમો અને સામાચારીને ધોળી પી જવાપૂર્વક પોતાના જ મતને યેનકેન પ્રકારેણ સિદ્ધ કરવામાં આવ્યો છે ? **અને શેઠ કસ્તૂરભાઈને પણ કેવી રીતે બદનામ કરવામાં આવ્યા છે ?"** વગેરે વગેરે."

(૫) "અને મધ્યસ્થ પંચ ફુટી ગયાનો ખોટો આક્ષેપ કરનારા પં. મફતલાલ આદિ ચાર જણાએ તે બદલ મૌખિક દિલગિરિ પણ વ્યક્ત કરેલ." એમ તમે લખો છો તો તે સંબંધમાં જણાવવાનું કે—મુંબઈ હાઈકોર્ટમાં જે ચાર જણા ઉપર કેસ થયેલો તે મધ્યસ્થ પંચ ફુટી ગયા અંગેનો હતો ? કે—લક્ષ્મીચંદ હીરજીના બનાવટી બે કાગળ અંગે ? જવાબ આપશો.

અને તે બનાવટી કાગળો પણ અમદાવાદ દાનમંદિરની ગાદી ઉપર બેસીને શાસનપક્ષને સંડોવવા માટે લક્ષ્મીચંદ હીરજીના છાપેલા પેડ બુકમાંથી કાગળો ફાડીને નવાતિથિમતના નેતા આ.શ્રી રામચંદ્રસૂરિજીની પ્રેરણાથી લખીને પોસ્ટમાં પૂ. સાગરજી મ.ને સુરત મોકલી આપ્યા હતા કે ? અને તે પત્રોને સાચા માનીને ભદ્રિક એવા શાસનપક્ષે તે પત્રો ઉપર લખાણ કરીને તે પત્રોના

બ્લોકો પ્રસિદ્ધ કરેલ કે ? અને ત્યારબાદ લક્ષ્મીચંદ હીરજી દ્વારા પદરની સંસ્થાના પૈસાના ભોગે બદનક્ષીના દાવાઓ કરાવેલા કે ?

આ દાવાઓમાં ધીરેધીરે પાછા પડતા જતા એવા લક્ષ્મીચંદ હીરજીભાઈએ છેવટે કોર્ટની પાસે દયાની ભીખ માંગેલી કે ? અને છેવટે 'દિલગિરિના લખાણ'થી સંતોષ માનવો પડ્યો હતો કે ? તેમજ શાસનસુધાકર પત્રના તંત્રી સામે દાવો કરેલ અને છેવટના પરિણામે કોર્ટે લક્ષ્મીચંદ હીરજી ઉપર ડીગ્રી કરી હતી કે ? એ તો પત્રના તંત્રી શ્રી દયાળુ હતા એટલે ડીગ્રી બજાવી નહિ. નહિંતર લક્ષ્મીચંદભાઈની શી હાલત થાત ? આ બધું જાણવા છતાં અને સાધુવેશમાં હોવા છતાં તમો છડે ચોક ગપ્પાં મારો છો તો તમારી ભવાંતરમાં શી દશા થશે ? નવો કુમત તે વખતે આડો આવવાનો નથી. માટે ખુબ ખુબ વિચારશો. સાથો સાથ આ કેસ અંગે **'નાદારી નોંધાવતો નવો તિથિમત'** નામની મેં પ્રકાશિત કરાવેલી બુકના પૃ. ૨૬ ઉપરની સમીક્ષા નં. ૨૮નું લખાણ પણ તમોને ભવિષ્યમાં ઉપયોગી થાય તે માટે આ નીચે રજું કરું છું. ધ્યાન દઈને વાંચશો.

**રેફરન્સ નં. ૨૪**–'નાદારી નોંધાવતો નવો તિથિમત' પૃ. ૨૬–

**"સમીક્ષા નં. ૨૮**—શાસનપક્ષને યેનકેન સંડોવી કોર્ટમાં ઘસડવાના ધ્યેયથી દાનમંદિરની ગાદી ઉપર લક્ષ્મીચંદ હીરજીના છાપેલા એડ્રેસવાળા કાગળો તમારા પક્ષે જ બનાવટી લખીને 'પકડાયેલા પત્રો' તરીકે શાસનપક્ષ ઉપર રવાના કરાયા બાદ તે બંને પત્રોની પ્રસિદ્ધિ થઈ ગયા પછી લક્ષ્મીચંદ હીરજી દ્વારા જે બદનક્ષીનો દાવો મંડાવાયો તે લક્ષ્મીચંદ હીરજીના બે પત્રો અંગેનો હતો કે–પૈસા ખવડાવવાના આરોપો અંગેનો હતો ? સાધુ થઈને શું કામ ખોટું લખો છો ?

આમ છતાંય જ્યારે કોર્ટમાં છેવટે માંડવાળ કરવાની વાતની રજુઆત થઈ ત્યારે ન્યાયાધીશ સમક્ષ લક્ષ્મીચંદ હીરજીએ **'સોગંદ-નામા'** ઉપર–'આ પત્રો મેં લખ્યા નથી' એમ જણાવ્યું ત્યારે જ સાગરાનંદસૂરિજી મ.ના ભક્તો પાસે પત્રો પ્રસિદ્ધ કરીને આક્ષેપો કર્યા બદલ ડીગ્રી બજાવવાને બદલે માફી મંગાવી લક્ષ્મીચંદ હીરજીને સંતોષ માનવો પડેલ છે ! તે વાત તો તમારા પણ ધ્યાનમાં હશે જ ! **નવામતી આ.શ્રી રામચંદ્રસૂરિજીની ખુદની ઈચ્છા હતી કે–** 'નિર્ણયમાં ઘાલમેલ કરવા અંગેની પકડાયેલી પોતાની ચિઠ્ઠીઓને તેમજ શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીભાઈ, ઉમેદચંદ ભૂરાભાઈ, ક્ષમાભદ્રસૂરિ આદિના નિર્ણયમાં ઘાલમેલ કરવાનું જણાવતા પત્રો આદિને પણ **કોર્ટ દ્વારા જ 'બનાવટી પત્રો' તરીકે જાહેર કરાવવા !** પરંતુ તેમની તે ઈચ્છા બર આવવા પણ પામેલ નહિ !! માટે પંન્યાસશ્રી ! આમ કોર્ટમાં પણ નાદારી નોંધાવી રહેલા તમારા નવામતને આવા સડેલાં લખાણોના ટેકાઓ આપી **'સદ્ધર પાર્ટી'**માં ખપાવવાનો ધંધો કયાં સુધી ચાલુ રાખવો છે ? તે જણાવશો."

**પર્વ૦ પૃ. ૧૪૬ કોલમ ૨**—"મહામહોપાધ્યાય શ્રી ધર્મ-સાગરજી મહારાજાએ આનું જે અર્થઘટન કર્યું છે તે જ અર્થઘટન, પૂજ્યપાદ આ.શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની શાસ્ત્રીય માન્યતા ધરાવતો પક્ષ કરે છે. જ્યારે કહેવાતો એક તિથિવર્ગનો પક્ષ, આના અર્થઘટનમાં ભૂલ કરે છે. માટે પર્વતિથિની વિરાધના સાથે અપર્વતિથિની પણ વિરાધના કરે છે. વધુ આશ્ચર્યની વાત તો એ છે કે, 'બે બીજ, બે પાંચમ, બે આઠમ, બે અગિયારસ, બે ચૌદશ, બે પૂનમ કે બે અમાવાસ્યા બોલાય કે લખાય નહિ તેમ માને–મનાવે છે. પણ ભાદરવા સુદિ ચોથ જે સંવત્સરી મહાપર્વ

કહેવાય તો બે ચોથ કરવામાં વાંધો આવતો નથી અને પ્રતિપક્ષી પક્ષને 'બે તિથિવાળો પક્ષ' કહીને વગોવવામાં બાકી રાખતો નથી. પોતે બે તિથિ ન જ માનતા હોય તો વાત અલગ છે. પણ પોતે માનવી અને બીજાને દંડવા તે નીતિ તેમને મુબારક હો !"

**ખંડન નં. ૬૮**—મુનિશ્રી ! તમોએ એક ફિલોસોફરની અદાથી આ પેરેગ્રાફ લખ્યો છે પણ તે સુગરકોટેજ જેવો હોવાથી મારે તમને અને જગતને તમારી જાતથી ચેતવવા જોઈએ. તેથી જણાવું છું કે–તમો જે–પોતે બે તિથિ ન જ માનતા હોય, તો વાત અલગ છે. પણ પોતે માનવી અને બીજાને દંડવા તે નીતિ તેમને મુબારક હો !' આમ લખ્યું છે તે બદલ હું તમોને જ પૂછું છું કે–'શાસનપક્ષે આરાધનામાં પણ પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ સ્વીકારી હોય' તેવું આજસુધીમાં એકપણ ઉદાહરણ પૂરું પાડી શકો તેમ છો ? હો તો જરૂર જાહેર કરશો.

સં. ૧૯૯૨માં જે બે ચોથ કરી હતી તે પૂજ્યોના મગજમાં 'બાર પર્વતિથિ, એજ પર્વતિથિ છે. અને ચોથ અપર્વતિથિ હોવા છતાં 'કારણિક પર્વતિથિ' ગણાય. માટે તેના ક્ષય–વૃદ્ધિમાં વાંધો નહિ' તેમજ ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિએ બે ત્રીજનો માર્ગ લેવો પસંદ ન્હોતો તેમજ બે પાંચમે બે છઠ કર્યાનો કોઈ દાખલો ભૂતપૂર્વનો તેમની પાસે ન્હોતો ! એટલે નિરૂપાયે બે ચોથ કરી હતી. પછી ભૂલ સમજાતા બીજા જ વર્ષે સુધારી લીધી હતી કે ? પછી તેઓ 'બે તિથિવાળા' કેવી રીતે કહેવાય ? જવાબ આપશો.

જ્યારે તમે બધા તો મગશેળીયા પત્થર બની ગયા છો અને તેથી વર્ષમાં સેંકડોવાર પર્વતિથિનો ક્ષય અને વૃદ્ધિ કરતા જ હો છો ! ભલેને શાસનપક્ષ પાઠો આધારો આપે પણ પકડ્યું છોડતા નહિ

હોવાથી તમો 'બે તિથિવાળા' છો જ અને તે યથાર્થ છે એમ સમજશો.

**પર્વ૦ પૃ. ૧૪૭ કોલમ ૨**—"જેઓ ઉદયાત્ ચોથની આરાધના કરતા હતા તેઓએ આ પ્રસંગમાં તે પણ છોડી. તો વિવેકી વાચકો સ્વયં વિચારી લે કે—સંઘની એકતા કોની (ણે) તોડી ? સાચો આરાધક તો જે વચન શાસ્ત્ર અને પરંપરાથી પુષ્ટ હોય તેનો સ્વીકાર અવશ્યમેવ કરે જ. વાસ્તવમાં તો પૂજ્યપાદ આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની શાસ્ત્રીય માન્યતા ધરાવતા પક્ષે તો પોતાની સાચી માન્યતા પકડી રાખી છે, બીજા લોકો પોતાની માન્યતાથી ખસી ગયા છે, છતાંય દોષારોપણ તો સાચા ઉપર જ કરે છે.

સં. ૨૦૧૪માં પણ ભાદરવા સુદિ પાંચમનો ક્ષય હતો. પણ સકલ શ્રીસંઘે 'જન્મભૂમિ' પંચાંગ તિથિદિન પર્વારાધનનો નિર્ણય કરેલ. તેથી સકલ શ્રી સંઘે એક જ દિવસે સંવત્સરી મહાપર્વની આરાધના કરી અને ત્યારથી આ 'જન્મભૂમિ' પંચાંગ સંઘ માન્ય બન્યું."

**ખંડન નં. ૬૯**—મુનિશ્રી ! ૨૦૧૪ની સાલમાં સંઘે જન્મભૂમિ પંચાંગ માન્ય કર્યાનું તમે લખી નાખ્યું પરંતુ જેમ બીજા પંચાંગમાં ભાદરવા સુદ પાંચમનો ક્ષય હતો તેમ જન્મભૂમિ પંચાગમાં કોનો ક્ષય હતો તે કેમ છુપાવ્યું ? અને સકલસંઘ જે વખતે માન્ય કરવામાં સંમત થયો તે વખતે તમારા પરમ તારક ગુરુદેવની આડોડાઈ છોડાવતા શેઠશ્રી કસ્તૂરભાઈને કેટલું પાણી ઉતર્યું હતું ? તે કેમ છૂપાવો છો ? જવાબ આપશો.

વિ. સં. ૨૦૧૪નું જન્મભૂમિ પંચાંગ પણ અમદાવાદના સંઘે તેટલા માટે સ્વીકારવાનું નક્કી કરેલ કે—"તે ૨૦૧૪ની સાલમાં

કુદરતે જ તે પંચાગમાં ભાદરવા સુદ ચોથનો ક્ષય હતો અને ભાદરવા સુદ ૩ મંગળવારે હતી. દેવસૂરતપગચ્છની અવિચ્છિન્ન સામાચારી પ્રમાણે ચાલનારા શાસનપક્ષે તો પ્રથમથી જ ૪ના ક્ષયે ત્રીજનો ક્ષય કરી મંગલવારે જ સંવત્સરી કરવાનું નક્કી કરેલ. જો કે–તે વખતે જન્મભૂમિ પંચાગ, સંઘે ન સ્વીકાર્યું હોત તો ચંડાંશુચંડુમાં બીજા પંચાંગની જેમ પાંચમના ક્ષયે પણ ત્રીજનો ક્ષય જ કરી મંગલવારે જ સંવત્સરી કરવાનું શ્રમણ સંમેલનની બેઠકોમાં નક્કી થયેલું હોઈ શાસનપક્ષમાં તો કોઈ પ્રશ્ન જ ન્હોતો.

જ્યારે બીજા પંચાંગમાં પનો ક્ષય હતો તેથી જો નવામતી આ.શ્રી રામચંદ્રસૂરિજીને 'જન્મભૂમિપંચાંગ' સ્વીકારવાનું કબૂલ ન જ કરાવે તો તેમની સંવચ્છરી જુદી થવાનો સંભવ હતો. તેથી શેઠ ક.લા.ને તે પંચાંગ સ્વીકાર કરાવવામાં તમારા નવામતીઓએ શેઠનું પાણી ઉતારી નાંખે તેટલો પરિશ્રમ પાડ્યો હતો.

હવે ઉદયાત્ તિથિ જ લેવાની વાતો કરનારા નવામતીઓ મને જવાબ આપે કે, જે ૨૦૧૪નું જન્મભૂમિ પંચાંગ સ્વીકાર્યું તે જન્મભૂમિ પંચાંગમાં મંગળવારે ભા. સુ. ત્રીજ ઘ. ૧ પળ ૪૫ છે અને ચોથ ૫૪-૦૦ ઘડી છે અને પછી પાંચમની ઘડીઓ શરૂ થાય છે. તો ઉદયાત્ તિથિ જ માનવા મનાવવાના આગ્રહીઓને મંગળવારને દિવસે ત્રીજ ઉદયાત્ છે અને તે ત્રીજ બુધવારના સૂર્યોદય સુધી ૨૪ કલાકની માનવાની આજ્ઞા છે તો તે મંગળવારના રોજ નવામતીઓએ જે સંવત્સરી પ્રતિક્રમણ કર્યું તે ચોથ માનીને કે ત્રીજ માનીને ? જવાબ આપશો. તેમજ દરેક વખતે **'ત્રીજે સંવત્સરી કરી'**ની બાંગ પોકારનાર નવામતીઓએ ૨૦૧૪માં ત્રીજે સંવત્સરી કરી હતી તેનું કેમ ? આનો પણ જવાબ આપશો.

**પર્વ૦ પૃ. ૧૪૭ કોલમ ૨**—"હવે વિ. સં. ૨૦૨૦ના પટ્ટક અંગે પણ સામાન્યદષ્ટિએ વાત કરીએ. સ્વ. પૂ. આ. વિજયનેમિસૂ. મ.ના પટ્ટધર પ. પૂ. આ.શ્રી વિજય ઉદયસૂરીશ્વરજી મહારાજાના વચન ઉપર વિશ્વાસ રાખીને (જો કે–પૂજ્યપાદ આ.શ્રી વિજય રામચંદ્રસૂ. મહારાજાએ તો શાસ્ત્રીય-સિદ્ધાન્ત સત્યના-પ્રશ્નોમાં તેવું ભોળપણ નહિ રાખવાનું જણાવેલ) છતાંય પોતાના ગુરુદેવશ્રીજીની આજ્ઞાને માથે ચઢાવેલી જ. અપૂર્વ ગુરુભક્તિનું દષ્ટાંત પુરું પાડેલ) પૂ. આ.શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ સકલ શ્રીસંઘ ઉદયાત્ ચોથની (સંવત્સરી મહાપર્વની) આરાધના એક જ દિવસે કરે તેથી આભિયોગિક કારણોસર પૂનમ–અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃદ્ધિ કરવાની આપવાદિક આચરણારૂપ પટ્ટક કરેલ.

તેના અમલરૂપ ફળનો સમય સં. ૨૦૨૮માં ભાદરવા સુદિ પાંચમની વૃદ્ધિ આવી ત્યારે આવ્યો. જેમના વિશ્વાસે આ ૨૦૨૦નો પટ્ટક કરવામાં આવેલો તેઓ પોતાના વચનને વફાદાર ન રહ્યા, વિશ્વાસનો દ્રોહ કર્યો તેમ જ સંઘ માન્ય પંચાંગને પણ માન્ય ન કર્યું. ચોથની વિરાધના કરી. જ્યારે સંઘમાન્ય ઉદયાત્ ચોથની સાચી આરાધના કરનારા નીચે પ્રમાણે હતા.

પૂ. આ.શ્રી વિજયસિદ્ધિસૂરિજી મ.નો સમુદાય, પૂ. આ.શ્રી વિ.લબ્ધિસૂરિજી મ.નો સમુદાય, પૂ. આ.શ્રી વિજયકનકસૂરિજી મ.નો સમુદાય, પૂ. આ.શ્રી વિજય રામચંદ્રસૂરિજી મ.નો સમુદાય આદિ."

**ખંડન નં. ૭૦**—મુનિશ્રી ! તમો આ પેરામાં (જો કે–પૂજ્યપાદ આ.શ્રી વિજયરામચંદ્રસૂ. મહારાજાએ તો શાસ્ત્રીય, સિદ્ધાંત, સત્યના પ્રશ્નોમાં તેવું ભોળપણ નહિ રાખવાનું જણાવેલ. છતાંય પોતાના ગુરુદેવશ્રીજીની આજ્ઞાને માથે ચઢાવેલી જ. અપૂર્વ

ગુરુભક્તિનું દૃષ્ટાંત પુરુ પાડેલ.)' આમ તમારા પરમ તારક ગુરુદેવશ્રીનું સારું બતાવી તમે ગુરુભક્તિનું દૃષ્ટાંત પુરુ પાડ્યું હોય તો ભલે ! બાકી આ.શ્રી પ્રેમસૂરિજી મહારાજે 'પોતાનો સમુદાય હાલતાં ચાલતાં શાસનપક્ષથી જુદો પડે છે અને તેના કારણે ગામેગામ પારણા, અતરવાયણાં અને આરાધના જુદી પડે છે તે પડતી અટકાવવા પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરશની ક્ષય-વૃદ્ધિ કરવાની' આજ્ઞા પાઠવતો પટ્ટક, પીંડવાડામાં વિ. સં. ૨૦૨૦ના પોષ વદિ ૫ શનિવાર તા. ૪-૧-૧૯૬૪ના રોજ બનાવ્યા પછી તેનો અમલ સં. ૨૦૨૨ની સાલમાં ૪-૧-૧૯૬૪ સુધી કોના પ્રતાપે અને જીદના કારણે અમલમાં મુકાયો ન હતો ? જણાવશો. અને તે પછી—'છતાંય પોતાના ગુરુદેવશ્રીજીની આજ્ઞાને માથે ચઢાવેલી જ (ને) અપૂર્વ ગુરુભક્તિનું અપૂર્વ દૃષ્ટાંત પાડેલ' એવી ખોટી મસ્કાપાલીસીની વાતો કરવાનું રાખશો.

**'પર્વ તિથિપ્રકાશ'** શીર્ષક લેખના ૧૪૮મા પાના પર પૂ. આ.શ્રી નંદનસૂરિજી મ.ના નામે તમે મુસદ્દાની ત્રીજી અને ચોથી કલમ જે છાપી છે તે આજસુધી તેમની સહીથી કોઈપણ સ્થળે જાહેર થઈ હોવાનું જણાયું નથી. હોય તો તમો નામ ઠામ સાથે લખી જણાવશો ત્યારે તે મુસદ્દાની ત્રીજી—ચોથી કલમનું ખંડન કરવામાં જરૂર આવશે અથવા તમારી સમજ ફેર ટાળવામાં આવશે.

**પર્વ૦ પૃ. ૧૪૯ કોલમ ૧**—"××× તે વખતે આ બધા પૂજ્યોએ ૨૦૩૩ની સંવત્સરી એક જ થાય તે માટે ત્યારના આ. ક. પેઢીના પ્રમુખશ્રી કસ્તૂરભાઈને જણાવતા તેઓએ એક જ ભાવનો જવાબ આપેલ કે—**"એક તિથિપક્ષમાં આ બાબતમાં કોઈને જરાપણ રસ નથી. તમારે જો સમાધાન કરવું જ હોય તો તમો**

**બધા એકતિથિપક્ષમાં ભળી જાઓ.''**

**ખંડન નં. ૭૧**—મુનિશ્રી ! તમારામાં કે તમારા નવામતી લેખકોમાં જો સમ્યગ્ બુદ્ધિનો અંશ પણ રહેવા પામ્યો હોય તો શેઠશ્રી કસ્તૂરભાઈની શિખામણ સ્વરૂપ આટલા શબ્દો જો સમજો તો તમારા માટે શાસ્ત્રરૂપ છે. શેઠશ્રી કસ્તૂરભાઈના નામે ડીંગો હાંકવામાં શૂરવીર એવા તમોને લગતા ત્યાર પછીના નિચોડસ્વરૂપ એવા તા. ૧૮-૯-૭૮ના પત્રમાંના શેઠશ્રીના–"તિથિચર્ચાના વિષયમાં હું હવે પડવા માંગતો નથી અને નવું કોઈ નિવેદન કરવા ઈચ્છા નથી. **જ્યાં સુધી આચાર્ય મહારાજ રામચંદ્રસૂરી હયાત છે ત્યાં સુધી તિથિચર્ચાના પ્રશ્નનો ઉકેલ આવે એ આશા રાખવી નિરર્થક છે.''** એટલા શબ્દોમાં જો માણસાઈ હોય અને સમજણશક્તિ હોય તો સામાન્ય બુદ્ધિવાળો આત્મા પણ સમજી શકે તેવું છે કે–જૈનસમાજમાં કજીયાનું મૂળ કોણ છે ? ક્લેશ-કંકાસ-કુસંપની હોળી સળગાવનાર કોણ છે ? અને સંઘ એકતા કોને ખપતી નથી ?

**પર્વ૦ પૃ. ૧૫૦ કોલમ ૧**—"જાણકારો સમજી શકશે કે– સં. ૧૯૫૨માં શ્રી સાગરજી મહારાજે જે બીજ વાવ્યા તે ૧૯૯૨માં આ. વિજયવલ્લભસૂરિજી અને આ. વિજયનેમિસૂરિજીએ તેને ટેકો આપીને વધાર્યા અને સંઘની એકતાને તોડવાનું કામ કર્યું તેમ કહેવામાં અતિશયોક્તિ નથી."

**ખંડન નં. ૭૨**—મુનિશ્રી ! તમારા કહેવા પ્રમાણે ક્લેશ– કંકાસના બીજને વધારનાર અને સંઘની એકતા તોડનાર આ.શ્રી વિજયવલ્લભસૂરિજી મ. અને આ.શ્રી વિજયનેમિસૂરિજી મહારાજ છે. તો તમારા નવામતી બધા લેખકો, તે બંનેના નામોને પોતાના લખાણોમાં કેમ સંડોવતા નથી અને એકલા સાગરજી તથા સાગરસમુદાય ઉપર

જ ટૂટી પડે છે ? શું સાગર સાથે બાપે માર્યું વેર છે ? કારણ જણાવશો.

**પર્વ૦ પૃ. ૧૫૧ કોલમ ૧**—તમોએ કુંવરજી આણંદજીનો પત્ર છાપ્યા પછી લખો છો કે–"વિદ્વાન પં.મ.ની (શ્રી) ગંભીરવિજયજી મહારાજનો 'તિથિચર્ચા'ના વિષયમાં ઉપયોગી પત્રઃ તેઓ કહે છે કે–'બે તિથિ હોય ત્યારે બીજી તિથિ જ પ્રમાણ કરવી." આમ કહીને તેમનો પ્રશ્નોત્તર છાપ્યો છે.

**ખંડન નં. ૭૩**—આ પૂ. પં.શ્રી ગંભીરવિજયજી મ.નો તિથિચર્ચા અંગેનો પ્રશ્નોત્તર તમારી વાતની પુષ્ટિમાં રજુ કર્યો છે તેથી સહજ સમજાય તેમ છે કે–તમોને માન્ય છે જ ! છતાં પૂછું છું કે–તમોને, તમારા નવામતીઓને તે પ્રશ્નોત્તર માન્ય છે ? જવાબ 'હકાર'માં હોય તો તે પ્રશ્નોત્તરના લખાણ અંગે હું જે પ્રશ્નો પૂછું છું તેના જવાબો જરૂર આપશો.

## તિથિ અંગે પૂ. પં.શ્રી ગંભીરવિજયજી મ.ના પ્રશ્નોત્તર અંગેના પ્રશ્નો

**પર્વ૦ પૃ. ૧૫૧ કોલમ ૨**—"ઉત્તર :—જ્યારે કોઈપણ તિથિની વૃદ્ધિ હોય છે, એટલે કે બે હોય છે. ત્યારે પહેલી તિથિમાં સૂર્ય ઉગતો નથી અને બીજી તિથિમાં સૂર્ય ઉગે છે. તેથી તે પ્રમાણ કરાય છે. પહેલી તિથિનો સૂર્ય ઉગ્યા પછી પ્રવેશ હોય છે તેથી તે ન લેવાય એમ શાસ્ત્રમાં કહ્યું છે."

**ખંડન નં. ૭૪**—પૂ. પં.શ્રી ગંભીરવિજયજી મહારાજનો આ ઉત્તર તમોને બરોબર જણાયો છે ત્યારે જ **પહેલી તિથિમાં સૂર્ય ઉગતો નથી. વાસ્તે અપ્રમાણ કરાય છે'** એટલા અક્ષરો તમે જાણી-બુઝીને બ્લેકમાં લેવરાવ્યા છે. તો હું તે અંગે દૃષ્ટાંત જણાવું તેમાં

પહેલી તિથિમાં સૂર્યોદય છે કે નહિ ? તે નક્કી કરીને તમે જણાવશો.

**ઉદાહરણ નં. ૧**—૨૦૫૬ના માગશર સુદ બીજ જન્મ-ભૂમિમાં વૃદ્ધિવાળી બતાવી છે તે આ પ્રમાણે :—

૧ બુધવાર ૫૯ ઘડી ૧૦ પળ અર્થાત્ એકમ ૩૦ કલાક ૪૧ મીનીટ તે દિવસે મુંબઈ સૂર્યોદય ૭-૫૫ સેકન્ડ અર્થાત્ (એકમની બુધવારની રાત્રે પરોઢીયે ૬-૪૧ મીનીટે એકમ પૂરી થઈ અને બીજ બેઠી અર્થાત્ ગુરુવારના સૂર્યોદય પહેલાં જ બીજ બેસી ગઈ ! તો આ પહેલી બીજ, ગુરુવારના સૂર્યોદય વખતે ખરી કે નહિ ?

**ઉદાહરણ નં. ૨**—૨૦૫૬ના પોષ સુદિ પાંચમ બે જણાવી છે. જે આ પ્રમાણે—

પોષ સુદિ ૪ સોમ, ૫૯ ઘડી ૪૩ પળ, ચોથ ૩૧ કલાક ૯ મીનીટ. સૂર્યોદય મુંબઈ ૭-૧૫-૩૯ સેકન્ડ. અર્થાત્ સોમવારની રાત્રે (મંગળવારના પરોઢીએ) ૩ વાગે ૯ મીનીટ સુધી ચોથ છે અને સૂ.ઉ. ૭-૧૫-૩૯ સેકન્ડ છે તો પાંચમ બેઠા પછી ૬ મીનીટ ૩૯ સેકન્ડ બાદ સૂર્યોદય થાય છે તો સૂર્યોદય વખતે પહેલી પાંચમ ખરી કે ? જો ખરી ! તો પૂ. પં.શ્રી ગંભીરવિજયજી મ.નો— **'જ્યારે કોઈપણ તિથિની વૃદ્ધિ હોય છે એટલે કે બે હોય છે, ત્યારે પહેલી તિથિમાં સૂર્ય ઉગતો નથી વાસ્તે અપ્રમાણ કરાય છે.'** આ ઉત્તરને યથાર્થ માની શકાય ખરો ? જવાબ આપશો અને પછી જેના તેના રેફરન્સો લેવાનું રાખશો.

**પર્વ૦ પૃ. ૧૫૨ કોલમ ૧**—"××× તેથી જો રાહુની ગતિ **શીઘ્રતાવાળી થાય,** તો થોડાકાળમાં તિથિ પૂર્ણ થાય છે ને **મંદ ગતિ કરે** તો લાંબા વખત સુધી તિથિ પહોંચે છે. વળી જે દિવસે

તિથિનો સાઠો પડે છે એટલે ૬૦ ઘડી તિથિ છે એમ લખાય છે તે દિવસે તિથિનો પ્રારંભ ઉદય વખતે હોતો નથી. કેમકે કયાં તો ચંદ્રનો પ્રથમનો ભાગ ગ્રસાઈ રહ્યો ન હોય અથવા મુકાઈ રહ્યો ન હોય એમ હોય છે. માટે વૃદ્ધિતિથિમાં બીજી તિથિ જ પ્રમાણ છે. એમ સમજવું."

**ખંડન નં. ૭૫**—હંમેશાં રાહુ વક્રગતિનો હોય છે. છતાં પં. શ્રી ગંભીરવિજયજી મહારાજે આ પેરામાં રાહુની ગતિ શીઘ્ર તથા મંદગતિ પણ જણાવી છે. જો તે વાત તમોને માન્ય હોય તો રાહુની તેવી શીઘ્રગતિ તથા મંદગતિનું પ્રતિપાદન કયા શાસ્ત્રમાં જણાવ્યું છે તે પાઠ સાથે જાહેર કરશો.

**પર્વ૦ પૃ. ૧૫૨ કોલમ ૨**—(જૈનધર્મપ્રકાશ પુસ્તક ૧૨ અંક ૧ (સંવત ૧૯૫૨)ના પૃ. ૧૦-૧૧-૧૨નો જે ઉતારો છાપેલ છે તેમાં)—"ચાલતા વર્ષના (૧૯૫૨ના) ભાદરવા માસમાં જોધપુરી પંચાંગમાં સુદ ૫નો ક્ષય છે. હવે આપણી સામાચારી અનુસારે તિથિનો ક્ષય થતો ન હોવાથી ક્ષયે પૂર્વા એ વચનને અનુસારે પૂર્વલી ચોથનો ક્ષય કરવા જતાં તે તિથિએ આપણું પર્વ—સંવચ્છરી છે. તેથી **તેનો ક્ષય ઠીક લાગતો નથી.** આ બાબત પંચાંગ છપાવ્યા અગાઉ કેટલીક જગ્યાએ સલાહ વિચાર પૂછવામાં આવતાં કેટલીક જગ્યાએથી તો બિલકુલ જવાબો મળ્યો નહિ અને કેટલીક જગ્યાએથી જવાબ મળ્યો.

તેમાં અમારા વિચારથી જુદા પ્રકારના બે વિચારો આવ્યા એક એવો વિચાર મળ્યો કે—છઠનો ક્ષય કરવો અને બીજો એવો વિચાર (મળ્યો) કે ત્રીજનો ક્ષય કરવો.

છઠનો ક્ષય કરવાનો વિચાર એવા કારણસર આવ્યો કે—મુંબઈનાં

વર્તારાના ગુજરાતી પંચાંગોમાં અને લાહોરના પંચાંગમાં છઠનો ક્ષય છે માટે છઠનો ક્ષય કરવો. પરંતુ આ વિચાર અમે માત્ર એટલા જ કારણસર અમલમાં મુકવાનું દુરસ્ત ધાર્યું નહિ. કારણકે–**અદ્યાપિ પર્યંત કાયમ જોધપુરી ચંડુ પંચાંગને પ્રામાણ્ય ગણતાં છતાં અત્યારે તેના વર્તારાને અમાન્ય ગણવો, તે ન્યાયયુક્ત ગણાય નહિ.** તેથી એ વિચાર અમલમાં મૂક્યો નથી. પરંતુ આ વિચારમાં મુખ્ય વાંધો સંવચ્છરીનો તો આવતો નથી. કેમકે–છઠનો ક્ષય કરવાથી પારણાના દિવસને સુદ ૫નો કહેવો કે શુદ ૬નો કહેવો એજ વાંધામાં રહે છે.

ત્રીજનો ક્ષય કરવાનો વિચાર એવા કારણસર (ન) આવ્યો કે–ક્ષયે પૂર્વાએ વાક્ય પ્રથમ પંચમીને લાગુ કરતા ચતુર્થીનો ક્ષય કરવો પડે તે પણ સંવચ્છરી પર્વનો દિવસ હોવાથી ફરીને ક્ષયે પૂર્વા એ વાક્ય **તેને (સુદ ૪ને) પણ લાગુ કરીને સુદ ૩નો ક્ષય કરવો.** આ કારણ પણ અમને વાસ્તવિક લાગતું નથી. કારણકે ફરીને એ વાંક્યનો ઉપયોગ કરવો એ મનકલ્પના વડે છે. શાસ્ત્રોક્ત પ્રમાણ એમ કરવા માટે નથી. વળી ત્રીજ ને ચોથ બંને ઉદયતિથિ બધા પંચાંગો પ્રમાણે હોવા છતાં **ભાદ્રપદ માસને ત્રીજે દિવસે સંવચ્છરી લઈ જવી. એમ કરવાને યુગપ્રધાન સિવાય આપણને સત્તા નથી.** આ વિચારને અમારા વિચાર સાથે મુખ્ય બાબતમાં પણ નોખાપણું છે કારણકે આમ કરવાથી શુદ ૩-૪ ગુરુવારે સંવચ્છરી થાય અને અઠ્ઠાઈધર પણ વદ ૧૧ ગુરુવારે કરવું પડે. આ વિચાર અમારા વિચારમાં ઠીક ન લાગવાથી અમે અમલમાં મૂક્યો નથી.

અમારો વિચાર બધી બાબતો લક્ષમાં લેતાં એવો થયો કે–**સુદિ ૫ને બદલે સુદ ૪નો ક્ષય કરવો એ પરંપરાગત પ્રવર્તન છે.** ફક્ત ચોથે સંવચ્છરીનો દિવસ હોવાથી તેનો ક્ષય કરવો કે

કહેવો અયોગ્ય છે. **માટે સુદ ૫ની ક્રિયા સુદ ચોથે કરવી અને સુદિ ૪ તથા સુદિ ૫ ભેળા ગણવા. સંવચ્છરી ઉદયતિથિ ચતુર્થીએ શુક્રવારે જ કરવી.** અને બારે તિથિમાં હાનિ ન થવા દેવા માટે શુદ ૫ની ક્રિયા તે જ દિવસે કરીને સુદ ૫નો સમાવેશ તેમાં કરવો. આ પ્રમાણે કરવામાં કોઈ પ્રકારનો વિરોધ ન લાગવાથી અને પંચાંગ બહાર (પાડવાની) તાકીદ હોવાથી તેમજ એ બાબત શ્રીસંઘ મળીને પર્યુષણની અગાઉ આટલી બધી મુદતે એકત્ર વિચાર બહાર પાડે એવો સંભવ ન હોવાથી 'સુદ ૪-૫ ભેળાં છે' અને 'તે દિવસે શુક્રવારે સંવચ્છરી છે' એવો અમારો વિચાર અમે અમારા પંચાંગમાં પ્રદર્શિત કર્યો છે. તે છતાં પણ હવે પછી શ્રીસંઘ મળીને પરંપરા તથા શાસ્ત્ર વગેરેના આધારથી જે વિચાર નક્કી કરે તે અમારે કબૂલ છે. અમારે કોઈ પ્રકારનો આગ્રહ નથી અને એવો નિર્ણયકારક વિચાર જે કરશે તે અમે ઘણી ખુશીની સાથે અમારા ચોપાનીયામાં જ પ્રગટ કરીશું કિં બહુના ?"

(જૈનધર્મપ્રકાશ પુસ્તક ૧૨ અંક ૧લો, ચૈત્ર સુદિ ૧૫ સંવત ૧૯૫૨, પૃષ્ઠ ૧૦-૧૧-૧૨)

*

**ખંડન નં. ૭૬**—મુનિશ્રી ! તમારી માન્યતા અને વિચારોને રજુ કરતું એવું જૈનધર્મ પ્રકાશમાંનું પૂ. પં.શ્રી ગંભીરવિજયજી મ.નું લખાણ તમે ઉપયોગી ગણીને છપાવ્યું છે' તેથી આ લેખમાં રજુ થયેલા વિચારો તમોને પણ માન્ય હશે જ એમ માની આ લખાણનું ખંડન કરું છું તો તેના યોગ્ય જવાબો, સાધર રીતે જાહેર કરશો.

"ત્રીજનો ક્ષય કરવાનો વિચાર ××× તે પણ સંવચ્છરી પર્વનો દિવસ હોવાથી ફરીને ક્ષયે પૂર્વાએ વાક્ય તેને (સુદ ૪ને) પણ

લાગુ કરીને સુદ ૩નો ક્ષય કરવો. આ કારણ પણ અમને વાસ્તવિક લાગતું નથી. કારણકે ફરી એ વાક્યનો ઉપયોગ કરવો એ મનકલ્પનાવડે છે. શાસ્ત્રોક્ત પ્રમાણ એમ કરવા નથી ××× ત્રીજે દિવસે સંવચ્છરી લઈ જવી. એમ કરવાને યુગપ્રધાન સિવાય આપણને સત્તા નથી. ×××" આવી વેવલી વાતો કરનારાઓએ એ કેમ ન વિચાર્યું કે—જ્યારે પૂનમ અને અમાસનો ક્ષય હોય છે એ વખતે તમે જે તેરશનો ક્ષય કરો છો ત્યાં ક્ષયે પૂર્વા૦ પ્રઘોષનો બે વખત ઉપયોગ કરો છો કે નહિ ? જો પૂનમ—અમાસની ક્ષય-વૃદ્ધિ વખતે ક્ષયે પૂર્વા૦નો ઉપયોગ બે વાર કરો છો જ તો પછી ભાદરવા સુદિ ૫ની ક્ષય-વૃદ્ધિએ બે વાર તે પ્રઘોષનો ઉપયોગ કરવામાં શું ટાઢ વાય છે ? આનો જવાબ આપશો.

અને પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ સામાચારી આધારે તેરસની ક્ષય-વૃદ્ધિ કરવા જતાં ઉદયાત્ એવી ૧૩ તથા ૧૪ શું ઉદયાત્ રહે છે ? જો નથી જ રહેતી તો પછી ભાદરવા સુદિ ૫ની ક્ષય-વૃદ્ધિએ ઉદયાત્ તિથિઓ ફેરવવાનું બ્હાનું આડું કેમ ધરાય છે ? **બીજી વાત**—પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ હોય ત્યારે તે પર્વતિથિની આરાધના ક્ષીણ થઈ જતી નથી. માટે તેની આરાધનાથી વંચિત આરાધકો ન રહે તે માટે ક્ષયે પૂર્વા૦ અને વૃદ્ધો ઉત્તરા૦ના પ્રઘોષ બનાવેલા છે તે આપવાદિક પ્રઘોષના ઉપયોગ કરતી વખતે ઉદયંમિ૦એ ઉત્સર્ગવચનને અવકાશ રહે ખરો ? આનો પણ તમારે જ જવાબ આપવાનો રહેશે. કારણકે—જૈનધર્મ પ્રકાશનો લેખનો તમોએ જ શસ્ત્ર તરીકે ઉપયોગ કરેલો છે.

**પર્વ૦ પૃ. ૧૫૩ કોલમ ૨**—"પર્વતિથિની ક્ષય-વૃદ્ધિના પ્રાચીન ઉલ્લેખો" એ શીર્ષક તળે તમોએ સં. ૧૪૮૪ થી ૧૯૫૭

સુધીના 'પર્વતિથિ ક્ષય અને વૃદ્ધિ'ના ૨૦-આસપાસ ઉલ્લેખો રજુ કરીને વધુમાં–"આ બધા ઉપરથી સુજ્ઞ વિવેકી વાચકો પણ સમજી શકે છે કે–જ્યારથી શ્રી જૈનસંઘમાં લૌકિક ટિપ્પણાનો સ્વીકાર કરાયો ત્યારથી તે તે ટીપ્પણામાં આવતી દરેકે દરેક પર્વાપર્વ સઘળીય તિથિઓની ક્ષય-વૃદ્ધિને પણ યથાર્થ માન્ય રાખીને શ્રી સંઘે આરાધના કરી છે, કરાવી છે, કરાવવાના છે. પણ ૧૯૯૨ થી જ પર્વતિથિઓની ક્ષય-વૃદ્ધિની માન્યતાનો પ્રારંભ કરાયો તે વાત હડાહડ ખોટી છે, ભયંકર જુઠાણું છે, પ્રામાણિક ઈતિહાસને ઘોર અન્યાય કરવા બરાબર છે."

**ખંડન નં. ૭૭**—મુનિશ્રી ! તમો ફક્ત ૨૦ લગભગ ઉલ્લેખો, ઘણી મહેનત બાદ એકઠા કરી શક્યા છો; પરંતુ આવા ઉલ્લેખો તમારે જોઈતા હોય તો મને જણાવશો તો માંગશો એટલા ઉલ્લેખો પૂરા પાડીશ. પરંતુ હું તમોને પૂછું છું કે–તમે રજુ કરેલા તે બધા ઉલ્લેખો પ્રતિષ્ઠા, પ્રતિમા, ગ્રંથપૂર્ણાહૂતિ આદિને લગતા છે કે–'સામાયિક, પૌષધ, દીક્ષા, પદવી આદિ ધાર્મિક ક્રિયાકાંડોની આરાધના અંગેના છે ? તેનો પહેલાં ખુલાસો કરશો. પ્રતિષ્ઠા કે ગ્રંથારંભ કે ગ્રંથસમાપ્તિ આદિ કાર્યોમાં તો લૌકિક પંચાંગની જે તિથિએ તે કાર્ય થયું હોય તે જ તિથિ લખવાનો પરાપૂર્વથી વ્યવહાર છે જ. જે 'ક્ષય-વૃદ્ધિ ન થાય' તેમ જણાવાય છે તે વાત ફક્ત આરાધના અંગે જ છે. તે સમજવા છતાં આવાં ખોટાં ઉલ્લેખો રજુ કરીને લોકોને શીદને ભ્રમણાઓમાં નાંખવાનું પાપ ઉપાર્જો છો ? વિચારશો.

આ પછી તમારા નવામતની વધુ પુષ્ટિ માટે પં.શ્રી ચંદ્રશેખરવિજયજી આદિ આશિષદાતાઓ દ્વારા જે વિ. સં. ૨૦૫૭માં

**'ત્રિકાલદર્શન'** નામનું એકલાં કચરાંથી જ ભરેલું પંચાંગ બહાર પડેલ છે તેનો તમોએ આધાર આપ્યો છે તેમજ **'ગાયત્રી પંચાંગ'**માં જૈનેતર પંડિતે જે (તમો માનો છો તેવો) શાસ્ત્રીય શુદ્ધ માર્ગની સમાલોચના પૂર્વકનો પ્રશ્નોત્તરનો આધાર આપેલ છે તે હાલના તબક્કે 'કેટલો ખોટો છે, પોકળ છે' તે જણાવવાનું હાલ સકારણ મુલતવી રાખું છું. **પ્રાંતે તમોને એટલું જ જણાવવું હિતકર માનું છું કે—**

"નવો તિથિમત કે નવા તિથિમતના પ્રરૂપક એવા આ.શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજ, તમારો પરિમિત સંસાર કરનાર નથી જ. તો પછી તેમાં રાગાંધ બનીને તે કુમતની કે કુમત પ્રરૂપકની વાતોને સમાજમાં સ્થાયી તથા વ્યાપક બનાવવા માટે આવો ભગીરથ પ્રયાસ કરવાથી તો તમારું ભવભ્રમણ વધશે માટે તમોએ જે જિનેશ્વરદેવના શાસ્ત્રવચનોને શક્ત્યનુસાર ઉપદેશ દ્વારા સમજીને સર્વસ્વનો ત્યાગ કરવાપૂર્વક ચારિત્ર પંથે પળ્યા છો તે ચારિત્રપંથને વધુ ઉજ્જવલ બનાવે, તમારામાં વધુ આરાધક ભાવ વિકસાવે અને વધુ પરિમિત સંસાર સ્થિતિવાળા બનો તે માટે આવી બધી ઉટપટાંગ પ્રવૃત્તિઓ છોડી દઈને જિનવચન, જિનશાસનઅને જિનાજ્ઞા પરિપાલનમાં જ દત્તચિત્ત બનો. કે--જેથી કરીને તમારો કિંમતી સમય વેડફાય નહિ તેમજ તમારા રદ્દી લખાણોના પ્રતીકારમાં મારો પણ કિંમતી સમય વેડફાય નહિ એ જ શુભભાવના સાથે તમારા 'પર્વતિથિપ્રકાશ' લેખના લખાણનું તેમ જ તમોએ રજુ કરેલા પાઠો, વાતો આદિનું રજોરજ ખંડન સમાપ્ત કરું છું. जैनं जयति शासनम्.

*

# સકલ શ્રી જૈન સંઘો સાવધાન !!!

નવામતી આ.શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ વિ. સં. ૧૯૯૨ની સાલમાં શ્રી આગમ-શાસ્ત્ર પરંપરા અને પોતાના ગુરુની આજ્ઞા વિરુદ્ધ કપોલ કલ્પિત અને જૈન સંઘોમાં વૈમનસ્ય જગાવનાર એવા પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કરવારૂપ નવો તિથિપંથ કાઢયો. તે પંથને યેનકેન પ્રકારે—શાસ્ત્રોના અર્થો ખોટા કરીને—શાસ્ત્રપાઠોમાં પણ ઘાલમેલ કરીને—આગળ-પાછળના ફકરાઓ કાપીકુપીને પોતાને મન ફાવતા ફકરાઓ રજુ કરીને. જેઓને ભવની પણ ભીતિ નથી. એવા પ્રચારકો તરફથી ચોપડીયો દ્વારા-છાપાઓ દ્વારા-હેન્ડબીલો દ્વારા જ્યારે-જ્યારે પ્રચાર થયો છે ત્યારે ત્યારે શાસનપક્ષ તરફથી જડબાતોડ જવાબો અપાયા છે. અને આજે પણ અપાય છે છતાં અનંતકાયની જેમ તે પ્રસંગે—પ્રસંગે ફૂટી નીકળે છે અને ઘોર પરાજય પામે છે. એવા કોઈ સાહિત્યોથી ભરમાય નહિ તે માટે તે તે સમયે—સમયે ચેલેંજો આવેલ છે. તેનો આજસુધી કોઈ સ્વીકાર કરી શકેલ નથી. પરંતુ પોતાના કુમતનું ડીમડીમ વગાડ્યા જ કરે છે. અનેક સમુદાયો તે કુમત છોડી ગયા છે. તેને પાછા વાળવા માટે કેટલાય પ્રલોભનો અપાયા છે. પ્રપંચો ખેલાયા છે. કાવાદાવા કરાયા છે પરંતુ તે બધા જ વ્યર્થ ગયા છે. ગત વર્ષની ખોટી સોમવારી સંવત્સરી કરાવવા માટેનું નવામતીઓ તરફથી જે જે સાહિત્ય બહાર પડ્યું તે દરેક લેખકોને

શાસ્ત્રપાઠો–પૂર્વાચાર્યોના પુરાવાઓ વિ. આપવાપૂર્વક નીચે જણાવેલ સાત પુસ્તિકાઓ બહાર પાડવામાં આવી છે.

૧. ઔદયિકી તિથિ વિચારણા.

૨. નવામતી આ.શ્રી વિજયકીર્તિસૂરિજીને જાહેર પ્રશ્નો.

૩. પર્વતિથિના સત્યની શોધમાં નીકળનાર સંજય-વોરાને પંચાવન પ્રશ્નો.

૪. જીત મર્યાદાયૈ નમઃ નવામતીઓના પાપી પ્રચારોનું પોષ્ટમોર્ટમ.

૫. ઉકેલ વિનાની સમસ્યાઓનો સાચો ઉકેલ યાને માટુંગા શ્રી જૈન સંઘની શાસન વફાદારી.

૬. નાદારી નોંધાવતો નવો તિથિમત (પં.શ્રી યોગતિલક વિ. તથા સુબોધચંદ્ર એન. શાહને સણસણતો જવાબ.)

૭. પ્રશાંતદર્શન છે કે ઉશ્કેરાટ દર્શન? યાને નવામતના નાટકનો કરુણ ફેજ.

ઉપરોક્ત સાતેય પુસ્તિકાઓનો સેટ કિંમત રૂા. ૧૧૦=૦૦માં મળી શકશે. માટે ખપી આત્માઓએ તૂર્ત જ વસાવી-વાંચીને ઉન્માર્ગથી બચવા વિનંતી છે.

**પ્રાપ્તિસ્થાન**

**શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનશાળા**

ઠે. ગિરિરાજ સોસાયટી, મુ. પાલીતાણા-૩૬૪૨૭૦